આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૦૬ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### મહારાષ્ટ્રમાં પણ સ્માર્ટ મીટરના મુદ્દે વિરોધ પ્રદર્શન


## ચારોટી નેશનલ હાઈવે પર સીપીએમના ચક્કાજામની અસર વાપીમાં પણ વર્તાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** મહારાષ્ટ્ર રાજ્ય વિદ્યુત મહામંડળ દ્વારા લગાવવામાં આવી રહેલા સ્માર્ટ મીટરના વિરોધમાં આજે તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ ભારતીય કમ્યુનિસ્ટ પક્ષ (માર્ક્સવાદી) દ્વારા રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર ૪૮ પર બેમુદત રસ્તા રોકો આંદોલન કરવામાં આવ્યું હતું. ઠાણે-પાલઘર જિલ્લાના નેજા હેઠળ ચારોટી ખાતે સવારે ૧૧ વાગ્યા સુમારે ચલો ચારોટીના નારા સાથે હજારો કાર્યકરો અને ખેડૂતો એનએચ-૪૮ પર ઉતરી આવ્યા હતા. ધડક મોર્ચાના કારણે મુંબઈ-અમદાવાદ હાઈવે તેની સીધી અસર જોવા મળી હતી. ઉદ્યોગોમાં તૈયાર અને કાચા માલની ડિલેવરી કરતાં ટ્રક ટેન્કર જેવા વાહનો ટ્રાફીકમાં ફસાયા હતા. આ રસ્તા રોકોની સીધી અસર વાપી સુધી જોવા મળી હતી. મહારાષ્ટ્ર તરફ જતા અને આવતા વાહનોની ૧૦ થી ૧૫ કિલોમીટર લાંબી કતારો લાગી ગઈ હતી. માલવાહક ટ્રકો, ખાનગી બસો અને નાના વાહનો ફસાતા મુસાફરો હેરાન પરેશાન થઈ ગયા હતા. પોલીસ દ્વારા વાહનોને ડાયવર્ટ કરવામાં આવી રહ્યા છે.

## આજે ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન દમણ-સેલવાસની મુલાકાતે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૦ :** ભારતના ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન શુક્રવારે સેલવાસ અને દમણની મુલાકાત લેશે. વહીવટીતંત્રે તેમની મુલાકાતની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. ઉપરાષ્ટ્રપતિ આજે શુક્રવારે બપોરે દમણના નમો એરપોર્ટ પર પહોંચશે. ત્યાંથી, તેઓ સીધા સેલવાસમાં અબ્દુલ કલામ ઓડિટોરિયમ જશે, જ્યાં તેઓ એક જાહેર સભામાં હાજરી આપશે. આ પછી, ઉપરાષ્ટ્રપતિ નમો મેડિકલ કોલેજ સહિત સિલ્વાસાના વિવિધ વિકાસ કાર્યોની મુલાકાત લેશે અને વિકાસ પ્રોજેક્ટ્સ વિશે માહિતી લેશે.

સેલવાસના કાર્યક્રમ પછી, ઉપરાષ્ટ્રપતિ સાંજે દમણ પહોંચશે, જ્યાં તેઓ મોટી દમણ, જેમપુર બીચ, નાની દમણ નાઈટ માર્કેટ અને નમો બીચ - ન્યુ ઈન્ડિયા સંબંધિત વિકાસનું નિરીક્ષણ કરશે. ઉપરાષ્ટ્રપતિની મુલાકાત દરમિયાન કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસક પ્રફુલ પટેલ પણ તેમની સાથે હાજર રહેશે.

**દમણગંગા ટાઈમ્સ ઈપેપર ડાઉનલોડ કરવા વેબસાઈટની મુલાકાત લો**
**www.damangangatimes.com**

## પારડી પંથકમાં જાહેરમાં ધુમ્રપાન કરનાર ૩૫ દંડાયા

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં આજુબાજુના વિસ્તારમાં જિલ્લા આરોગ્ય વિભાગની ટાસ્કફોર્સ દ્વારા પાન, માવા, તમાકુ અને સિગરેટનું વેચાણ કરતી દુકાનો પર આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૩૩ દુકાનદારો અને જાહેરમાં ધુમ્રપાન કરનાર ૦૨ વ્યક્તિ મળી કુલ ૩૫ લોકો સામે દંડનીય કાર્યવાહી કરી કુલ રૂપિયા ૭૦૦૦ નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

સરકારના રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત કલેક્ટર વલસાડના અધ્યક્ષતામાં વલસાડ જિલ્લામાં તમાકુ કે તમાકુની બનાવટનું બિન અધિકૃત રીતે વેચાણ અને આનુસંગિક નિયમ માટે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલી છે. વલસાડ જિલ્લા આરોગ્ય વિભાગ અને પોલીસ વિભાગ સાથે મળી સ્ટીયરીંગ કમિટી દ્વારા પારડી તાલુકામાં પારડીનાં આજુબાજુના સિટી વિસ્તાર અને ઉદવાડા, ઓરવાડ અને રેંટલાવ વિસ્તારમાં ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં તમાકુ કે તમાકુની બનાવટ વેચતા નાના મોટા પાનના ગલ્લા, પાર્લર અને જાહેરમાં ધુમ્રપાન કરનાર કુલ ૩૫ કેસ અને રૂપિયા ૭૦૦૦/- રકમનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

તદ ઉપરાંત કલમ-૪ જાહેરમાં ધુમ્રપાન કરવા પર પ્રતિબંધ તથા કલમ-૬(અ)૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુનું વેચાણ પર પ્રતિબંધ છે. તથા કલમ-૬(બ) શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ કે તમાકુની વેચાણ પર પ્રતિબંધ છે તેમજ આજુબાજુનાં પાનના ગલ્લાવાલાને ચેતવણી આપવામાં આવી હતી,

તેઓને તમાકુથી કેન્સર થાય છે અને ૧૮ વર્ષથી નાની વયની વ્યક્તિને તમાકુનું વેચાણ પર પ્રતિબંધ છે.

ઉપરોક્ત કામગીરી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એ.કે. સિંહ, એપેડેમિક મેડીકલ ઓફિસર ડો. મનોજ પટેલની સુચના અને માર્ગદર્શન હેઠળ ડિસ્ટ્રીકટ ટોબેકો કંટ્રોલ સેલ આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગમાંથી હેડ કોન્સ્ટેબલ જિજ્ઞેશ એસ.વાઢું અને જિલ્લા ટોબેકો સેલમાંથી કાઉન્સેલર એસ.ઝેડ.બાગુલ અને સોશિયલ વર્કર એ.એ.પટેલ ટી.એમ.પી. એચ.એસ. અમિતભાઈ પટેલ હાજર રહી સફળતાપુર્વક કામગીરી કરી હતી.

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

unleash your true potential – VIDYA DHAM INTERNATIONAL SCHOOL • VAPI • – LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount – Till 31st March
FREE Textbooks – From Nursery to Std 10
Special Concession – On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

dadra nagar haveli daman diu

નયા ભારત

સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન

આપને સાદર આમંત્રણ આપવામાં આવે છે

માનનીય ઉપરાષ્ટ્રપતિશ્રીની અધ્યક્ષતામાં યોજાનાર
જાહેર સમારોહમાં

શ્રી સી. પી. રાધાકૃષ્ણનજી
ભારતના માનનીય ઉપરાષ્ટ્રપતિ

તારીખ 11 સપ્ટેમ્બર, 2026
બપોરે 03:00 વાગ્યાથી
સ્થળ: ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ કોલેજ ઓડિટોરિયમ, સિલવાસા, દાદરા અને નગર હવેલી



શ્રી પ્રફુલ પટેલ
માનનીય પ્રશાસક
સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ તેમજ લક્ષદ્વીપ

શ્રી નરેન્દ્ર મોદી
માનનીય પ્રધાનમંત્રી, ભારત

નોંધ : કાર્યક્રમ સ્થળની અંદર કોઈપણ પ્રકારની હેન્ડબેગ લઈ જવાની મંજૂરી રહેશે નહીં.

### પોષણ માસ-૨૦૨૬ના સુચારૂ આયોજન અંગે

## નવસારીમાં કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ



**નવસારી, તા.૧૦ :** તા. ૦૯ સપ્ટેમ્બરથી તા. ૦૮ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન સમગ્ર ગુજરાત રાજ્યમાં પોષણ માસ-૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના સુચારૂ આયોજન અને અસરકારક અમલીકરણના ભાગરૂપે નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાની બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન કલેક્ટરે પોષણ માસ અંતર્ગત જિલ્લામાં યોજાનારી વિવિધ પ્રવૃત્તિઓનું સુચારૂ આયોજન થાય તેમજ સરકારની પોષણલક્ષી યોજનાઓનો લાભ પાત્ર લાભાર્થીઓ સુધી અસરકારક રીતે પહોંચે તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

પોષણ માસ દરમિયાન મારી આંગણવાડી મારી જવાબદારી મુખ્ય થીમ હેઠળ આંગણવાડી કેન્દ્રો મારફતે બાળકો, સગર્ભા મહિલાઓ તથા ધાત્રી માતાઓમાં પોષણ અંગે જાગૃતિ વધારવા વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત પોષણના મહત્વ અંગે વ્યાપક લોકજાગૃતિ ફેલાવવા માટે વિવિધ વિભાગો દ્વારા સંકલિત કામગીરી હાથ ધરવા અંગે બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

કલેક્ટરએ સંબંધિત વિભાગોને પોષણ માસની પ્રવૃત્તિઓમાં વધુમાં વધુ જનભાગીદારી સુનિશ્ચિત કરવા તેમજ પોષણ સંબંધી સંદેશાઓને ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના લોકો સુધી પહોંચાડવા પર ભાર મૂક્યો હતો. પોષણના મહત્વ અંગે લોકોમાં જાગૃતિ કેળવવા માટે આંગણવાડી કાર્યકરો, આરોગ્ય વિભાગ સહિતના સંબંધિત કર્મચારીઓની ભૂમિકા મહત્વપૂર્ણ હોવાનું જણાવી, તમામ વિભાગો પરસ્પર સંકલન સાથે કામગીરી કરે તે માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, આઇ.સી.ડી.એસ.ના પ્રોગ્રામ ઓફિસર સહિત જિલ્લાના અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને સંબંધિત અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ડાંગમાં શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટ દ્વારા સ્વામી વિવેકાનંદ ક્વિઝ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૦ :** શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટ તરફથી ચૌદમા વર્ષે પણ રાજ્ય સ્તરીય વિવેકાનંદ વિષયક લેખિત ક્વિઝ સ્પર્ધા- પ્રારંભ ૨૦૨૬-૨૭ ગુજરાતની શાળાઓમાં ધોરણ ૬ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે યોજાયેલ છે. આ સ્પર્ધા યોજનાના રૂપે ચરિત્ર નિર્માણ દ્વારા રાષ્ટ્ર નિર્માણ અંગે સ્પર્ધાની તમામ વિગતોનું ઓપન તારીખવાર સમય પત્રક તમામ આશ્રમની વેબસાઈટ www. rkmrajkot.org ઉપલબ્ધ છે. આ સ્પર્ધાના રાજ્ય કક્ષાના તેમજ દરેક જિલ્લાના પ્રથમ વિજેતાઓને તથા ભાગ લેનાર શાળાના પ્રથમ વિજેતા અન્ય પ્રોત્સાહક પુરસ્કાર મહાનુભાવોના હસ્તે દર વર્ષે અપાય છે. ભાગ લેનાર શાળાના કક્ષાની સ્પર્ધામાં પચાસ ટકા થી વધુ માર્ક મેળવનારને પ્રમાણપત્ર આપવામાં આવે છે. શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટ ના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજી એ તમામ સરકારી, અનુદાનિત, સ્વનિર્ભર અન્ય તમામ પ્રકારની શાળાઓના સંચાલકો, આચાર્યો, શિક્ષકો, ગૃહપતિઓ અને માતાપિતાઓ તથા વાલીઓને તેમના બાળકોને આ સ્પર્ધામાં ભાગ લેવા પ્રેરણા આપી વ્યક્તિત્વ ખીલવણી કરવા ખાસ અનુરોધ કરેલ છે.

શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટ તરફથી ડાંગ જિલ્લામાં નીમેલા કો. ઓર્ડીનેટર શ્રી દત્તાત્રેય મોરે, નિવૃત્ત ગ્રંથપાલ, ડાંગ ૯૪૨૭૧૭૩૩૯૧ તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનો સંપર્ક કરી શકાશે.

ક્વિઝમાં ડાંગની ઓછામાં ઓછી ૨૫ મા. ઉ. મા. શાળાના વિદ્યાર્થીઓને ભાગ લેશે. જેમાં હાલ ૧૧ શાળાના ૮૨૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે.

## ડાંગના પ્રખ્યાત ડોન હિલ સ્ટેશન પર પાયાની સુવિધાઓનો અભાવ

### શૌચાલયના શેડ ગાયબ થતા પ્રવાસીઓ ભારે હેરાન-પરેશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૦૯ :** ડાંગ જિલ્લાના અતિ સુંદર અને પ્રખ્યાત પ્રવાસન સ્થળ એવા ડોન હિલ સ્ટેશન ખાતે ચોમાસાની રળિયામણી સિઝનમાં કુદરતી સૌંદર્ય માણવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. ચારેય તરફ પથરાયેલી હરિયાળી, ઉત્તુંગ પહાડો અને ઝાકળછાયા વાતાવરણના કારણે ડોન હિલ સ્ટેશન સહેલાણીઓમાં ભારે લોકપ્રિય બની રહ્યું છે. પ્રતિદિન અહીં સેંકડો પ્રવાસીઓ પોતાના પરિવાર અને મિત્રો સાથે આવી રહ્યા છે, પરંતુ બીજી તરફ અહીં મુલાકાતીઓ માટે જરૂરી પાયાની જાહેર સુવિધાઓનો ઘોર અભાવ જોવા મળી રહ્યો છે, જેના કારણે પ્રવાસીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.ખાસ કરીને આટલા મોટા પ્રવાસન ધામ પર પૂરતી અને યોગ્ય શૌચાલય તેમજ બાથરૂમની વ્યવસ્થા ઉપલબ્ધ ન હોવા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. સ્થળ પર ગ્રામ પંચાયત દ્વારા બનાવવામાં આવેલા બાથરૂમ અને શૌચાલયની હાલત અત્યંત બિસ્માર થઈ ગઈ છે. આ શૌચાલય/બાથરૂમના ઉપરના પતરાના શેડ જ ગાયબ થઈ ગયા છે, જેથી આ સુવિધા તદ્દન બિનઉપયોગી અને ખુલ્લા આકાશ નીચે ફેરવાઈ ગઈ છે. ચોમાસાની ઋતુમાં વરસાદ વચ્ચે શેડ વિનાના શૌચાલય-બાથરૂમના કારણે ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વૃદ્ધ પ્રવાસીઓને ભારે અસ્વસ્થતા અને હાલાકી ભોગવવી પડી રહી છે. પ્રવાસીઓનું કહેવું છે કે એક તરફ તંત્ર દ્વારા ડોન હિલ સ્ટેશનને લોકપ્રિય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાના દાવા કરવામાં આવે છે અને દર વર્ષે મુલાકાતીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે બીજી તરફ આવી પ્રાથમિક જરૂરિયાતોની ઘોર ઉપેક્ષા કરવામાં આવી રહી છે. પ્રવાસન સ્થળનો સાચો વિકાસ માત્ર સારા રસ્તા અને સૌંદર્યીકરણ સુધી સીમિત ન રહેવો જોઈએ, પરંતુ ત્યાં આવતા સહેલાણીઓ માટે સ્વચ્છ અને સુવ્યવસ્થિત શૌચાલય, શુદ્ધ પીવાનું પાણી, યોગ્ય કચરાપેટીઓ (ડસ્ટબીન) તથા બેસવા-રોકાવા માટેની મૂળભૂત સુવિધાઓ હોવી અત્યંત અનિવાર્ય છે.સ્થાનિકો અને પ્રવાસીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને સૌ કોઈ એકસૂરે માંગ કરી રહ્યા છે કે સ્થાનિક ગ્રામ પંચાયત, પ્રવાસન સમિતિ અને સંબંધિત વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ સ્થળની મુલાકાત લેવામાં આવે. બિસ્માર હાલતમાં મુકાયેલા બાથરૂમ અને શૌચાલયનું ત્વરિત સમારકામ કરાવી, નવા શેડ નાખવામાં આવે તેમજ વધારાના ટોયલેટ બ્લોક્સ ઊભા કરી પ્રવાસીઓની સમસ્યાઓનું નિવારણ લાવવામાં આવે તેવી તીવ્ર માંગ ઊઠી છે.

### રેલવે અંડરપાસ બંધ રહેવાના કારણે

## બીલીમોરા રેલ્વે ફાટક પાસે ટ્રેન અડફેટે મહિલાનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૦ :** બીલીમોરામાં ભારે વરસાદ અને પૂરની પરિસ્થિતિને દોઢ મહિના જેટલો સમય વીતી ગયો હોવા છતાં ડેપો સામેનો મહત્વનો રેલવે અંડરપાસ હજુ સુધી રાબેતા મુજબ ખુલ્લો કરવામાં આવ્યો નથી. અંડરપાસ બંધ હોવાને કારણે પૂર્વ અને પશ્ચિમ વિસ્તાર વચ્ચે અવરજવર માટે લોકોને લાંબો ચકરાવો કાપવો પડે છે. આ પરિસ્થિતિ વચ્ચે સોમવારે સાંજે રેલવે ટ્રેક ઓળંગીને ખાડા માર્કેટમાં શાકભાજી વેચવા જઈ રહેલી આધેડ વયની મહિલાનું રાણકપુર એક્સપ્રેસ ટ્રેન અડફેટે કરુણ મોત નીપજતાં નગરપાલિકાની વ્યવસ્થાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. ચીખલી તાલુકાના વંકાલ ગામના મોખા ફળિયામાં રહેતા જયાબેન મગનભાઈ પટેલ (ઉં.વ. ૫૪) સોમવારે સાંજે શાકભાજી વેચવા માટે બીલીમોરા આવ્યા હતા. પૂર્વ વિસ્તારથી પશ્ચિમ સ્થિત ખાડા શાકભાજી માર્કેટમાં જઈ રહ્યા હતાં તે દરમ્યાન રાણકપુર એક્ષપ્રેસની અડફટે આવી જતા ગંભીર ઈજાને કારણે તેનું ઘટના સ્થળે જ મોત થયું હતું.

## આહવા તાલુકાના વિવિધ ગામોમાં આધાર કીટ માટે કેમ્પ યોજાયો



**આહવા, તા.૧૦ :** નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ અને જનકલ્યાણકારી યોજનાઓનો લાભ સરળતાથી, પારદર્શક રીતે અને ઘર નજીક મળી રહે તે હેતુથી 'સેવાસેતુ ૨.૧ (ગ્રામ્ય)' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ સરકારી સેવાઓ સાથે આધારકાર્ડ સંબંધિત સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

ડાંગ જિલ્લાના આહવા તાલુકાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં નાગરિકોને આધાર સંબંધિત સેવાઓ તેમના નજીકના સ્થળે સરળતાથી ઉપલબ્ધ થઇ રહે તે હેતુસર આધાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ આધાર કેમ્પ અંતર્ગત તાલુકાના વિવિધ ગામોના લોકો માટે નિર્ધારિત ગ્રામ પંચાયતો ખાતે આધાર કીટની વ્યવસ્થા કરવામાં આવી છે.

જે અંતર્ગત આજે પ્રથમ કેમ્પ તા. ૧૦ મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૧ કલાકથી ગ્રામ પંચાયત મોરઝીરા ખાતે યોજાયો હતો. આ કેમ્પમાં મોરઝીરા, મોગરા, ગડદ, મહાલપાડા, ડોન, નાંદનપેડા અને કલમવહીર ગામોના નાગરિકો લાભ લીધો હતો. આગામી તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૧ કલાકથી ગ્રામ પંચાયત ચીંચલી ખાતે આધાર કેમ્પ યોજાશે, જેમાં ગાડવિહીર, કરાડીઆંબા, ચીંચધરા, હારપાડા, ટાંકલીપાડા, ચીંચલી, કડમાળ અને થોરપાડા સહિતના ગામોના નાગરિકો માટે આધાર સેવાની સુવિધા ઉપલબ્ધ રહેશે.

તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૧ કલાકથી ગ્રામ પંચાયત ગાઢવી ખાતે યોજાનારા કેમ્પમાં ગાઢવી, આહવા, ચનખલ, ધવલીદોડ, ગોંડલવહીર, ભીસ્યા, દિવાનટેમ્બુન, કોટબા, ઘુડા અને જામલાપાડા ગામોના નાગરિકો આધાર સંબંધિત કામગીરી કરાવી શકશે.

## ચીખલી એપીએમસીની ખેડૂત વિભાગની ૧૦ બેઠકોનું પરિણામ જાહેર

### ભાજપ પ્રેરિત સહકાર પેનલના ૬ ઉમેદવારો વિજેતા બન્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૧૦ :** ચીખલી એપીએમસીની ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીનું પરિણામ આજે જાહેર થતાં ભારે અપસેટ સર્જાવા પામ્યો છે લાંબા ગાળા બાદ એપીએમસીમાં ૧૦ બેઠકોમાંથી ૪ બેઠકો ઉપર કોંગ્રેસ સમર્પિત ખેડૂત પરિવર્તન પેનલના ઉમેદવારો વિજેતા બન્યા છે જ્યારે ભાજપને ફાળે ૬ બેઠકો આવી છે જોકે અગાઉ વેપારી વિભાગની ૪ બેઠકો ભાજપ તરફી બિનહરીફ થવા પામી હતી. આજે જાહેર થયેલા પરિણામમાં ચીખલી એપીએમસીના વર્તમાન ચેરમેન તેમજ ચીખલી સહકારી રૂપાંતર મંડળીના વર્તમાન ચેરમેનનો પરાજય થવા પામ્યો છે.



ચીખલી એપીએમસી ની યોજાયેલી ખેડૂત વિભાગની ૧૦ બેઠકોનું પરિણામ જાહેર થતાં ભાજપ સમર્થક સહકાર પેનલના ૬ ઉમેદવારોનો ભવ્ય વિજય થયો છે જ્યારે કોંગ્રેસ સમર્થક ખેડૂત પરિવર્તન પેનલના ૪ ઉમેદવારોનો વિજય થવા પામ્યો છે જાહેર થયેલા પરિણામોમાં એપીએમસીના વર્તમાન ચેરમેન પરિમલ ઠાકોરભાઈ દેસાઈનો માત્ર ૩ મત માટે પરાજય થવા પામ્યો છે જ્યારે ચીખલી સહકારી રૂપાંતર મંડળીના વર્તમાન ચેરમેન ભરતભાઈ ઝીણાભાઈ પટેલનો માત્ર ૧૦ મતે પરાજય થયો છે જ્યારે એપીએમસીના માજી ચેરમેન અને હાલના ડિરેક્ટર કિશોરભાઈ હરિભાઈ પટેલને ૧૯૨ જેટલા જંગી મતો મળતા તેમનો ભવ્ય વિજય થવા પામ્યો છે

આ ઉપરાંત એપીએમસીના વાઇસ ચેરમેન જીતેન્દ્ર ડાયાભાઈ પટેલ તેમજ ચીખલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ આનંદ નવીનચંદ્ર પટેલ અને ચીખલી તાલુકા કોંગ્રેસના માજી પ્રમુખ ઈશ્વરભાઈ છીબાભાઈ પટેલનો પણ ભવ્ય વિજય થયો છે મતગણતરી દરમિયાન ઉમેદવારો વચ્ચે ભારે રસાકસી રહેવા પામી હતી તેમજ ક્રોસ વોટિંગની પણ બોલબાલા રહેવા પામી હતી. પરિણામ જાહેર થતાં કુલ ૧૪ બેઠકોમાંથી ૬ બેઠકો ભાજપ પ્રેરિત સહકાર પેનલને મળતા તેમજ અગાઉની વેપારી વિભાગની ૪ બેઠકો બિનહરીફ થયેલ હોય જેના કારણે સત્તાનો સુકાન ભાજપ પ્રેરિત સહકાર પેનલ સંભાળે તો નવાઈ નહીં. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન નવસારી જિલ્લા સહકારી રજીસ્ટર ધ્રુવીન એમ. પટેલ તેમજ તેમની ટીમે સફળ કામગીરી બજાવી હતી.

## સાપુતારામાં ઝીપ લાઈનના કોન્ટ્રાક્ટમાં ગેરરીરિત થઈ હોવાની શંકાને લઈ આવેદન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૦ :** પ્રસિદ્ધ પ્રવાસન સ્થળ સાપુતારા ખાતે તળાવ નજીક ચાલી રહેલી ઝીપ લાઈન એક્ટિવિટીમાં ગંભીર ગેરરીતિઓ, ભ્રષ્ટાચાર અને જાહેર સુરક્ષાના નિયમોના સરેઆમ ભંગ અંગે સ્થાનિક અરજદાર મનીષભાઈ મારકણા દ્વારા ડાંગ જિલ્લા કલેક્ટરને એક વિગતવાર આવેદનપત્ર પાઠવીને આ કામગીરી તાત્કાલિક રોકવાની અને ઉચ્ચ સ્તરીય તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, સાપુતારા ખાતે અગાઉ પાયલોટ પ્રોજેક્ટ સફળ રહ્યા હોવા છતાં, કોઈ પણ પ્રકારની જાહેર સ્પર્ધાત્મક ઈ-ટેન્ડર પ્રક્રિયા કે વર્તમાનપત્રોમાં જાહેરાત આપ્યા વિના એક જ ચોક્કસ ખાનગી એજન્સીને સીધો લાભ પહોંચાડવાના હેતુથી આ કામગીરી સોંપી દેવામાં આવી છે.આર.ટી.આઈ. (RTI) એક્ટ હેઠળ માહિતી માંગવા છતાં એજન્સીના પૂર્વ અનુભવ કે તકનીકી યોગ્યતા સંબંધિત કોઈ માન્ય પ્રમાણપત્રો રજૂ કરવામાં આવ્યા નથી, જેનાથી જવાબદાર કચેરી અને અધિકારીઓની ભૂમિકા સામે ગંભીર શંકાઓ ઊભી થઈ છે. તળાવની મધ્યમાંથી પસાર થતી ઝીપ લાઈન એ એક જોખમી એડવેન્ચર સ્પોર્ટ હોવાથી તેમાં આંતરરાષ્ટ્રીય સેફટી સ્ટાન્ડર્ડ્સ, ટેકનિકલ સ્ટેબિલિટી, સેફ્ટી ગિયર્સ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અનિવાર્ય હોય છે. બિનઅનુભવી એજન્સી દ્વારા કામગીરી થવાના કારણે પર્યટકો અને જાહેર જનતાની સુરક્ષા જોખમમાં મુકાઈ છે અને ભવિષ્યમાં કોઈ અકસ્માત સર્જાય તો તેની કાયદેસરની જવાબદારી કોની રહેશે તે અંગે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે.

### આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય તથા રાજ્યકક્ષાએ સિદ્ધિ મેળવનાર

## નવસારી જિલ્લાના ખેલાડીઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવાઈ

**નવસારી, તા.૧૦ :** એકલવ્ય, સરદાર પટેલ તથા જયદીપસિંહજી સિનિયર/જુનિયર એવોર્ડ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ દરમિયાન આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય તથા રાજ્યકક્ષાએ સિદ્ધિ મેળવનાર ખેલાડીઓ પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે.

આ યોજના અંતર્ગત પાત્ર ખેલાડીઓએ તા. ૧૧-૦૯-૨૦૨૬ થી તા. ૧૫-૧૦-૨૦૨૬ દરમિયાન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતની વેબસાઈટ https://sportsauthority.gujarat.gov.in પર જઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

ઓનલાઈન અરજી કરવામાં કોઈ મુશ્કેલી જણાય તો ખેલાડીઓએ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, અબ્રામા, જી.આઈ.ડી.સી. કોલેજ પાસે, તાલુકો-જલાલપોર, જિલ્લા-નવસારી ખાતે સંપર્ક કરવાનો રહેશે. ઓનલાઈન અરજી કરવામાં કોઈ તકલીક હોય તો ઉપરોક્ત સરનામે રૂબરૂ આવવાથી ઓનલાઈન અરજી કરી આપવામાં આવશે. પાત્રતા ધરાવતા ખેલાડીઓને નિયત સમયમર્યાદામાં ઓનલાઈન અરજી કરી યોજનાનો લાભ લેવા જિલ્લા રમતગમત અધિકારી જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર નવસારી દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૧-૦૯-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** શ્રાવણ, અમાસ, **સૂર્યોદય :** ૦૬ : ૨૮ **સૂર્યાસ્ત** ૦૬ :૪૩, **ચંદ્રોદય** - ૦૬:૨૩ **ચંદ્રાસ્ત** - ૦૬:૫૨ **ચંદ્ર રાશિ :** સિંહ, **નક્ષત્ર** - પૂર્વા ફાલ્ગુની

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** દિવસની શરૂઆતમાં માનસિક ચિંતા રહી શકે છે, પરંતુ સાંજ પછી સ્થિતિ સુધરશે. નોકરીમાં તમારી મહેનતની પ્રશંસા થશે. ગુસ્સા અને ઉતાવળિયા નિર્ણયો લેવાથી બચવું.

**વૃષભ (બ, વ, ઉ) :** રાત્રે ચંદ્ર તમારી રાશિથી પાંચમા ભાવમાં જશે, જે આર્થિક દૃષ્ટિએ ખૂબ જ શુભ સાબિત થશે. રોકાણ કરેલા નાણાંથી મોટો લાભ મળી શકે છે.

**મિથુન (ક, ઘ, ચ) :** વ્યવસાય અને કરિયરમાં પ્રગતિની નવી તકો મળશે. પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે અને અટકેલા આર્થિક કામો પૂરા થવાથી મન પ્રસન્ન રહેશે.

**કર્ક (ડ, હ) :** વાણી પર સંયમ રાખવો જરૂરી છે, નહીં તો પરિવારના સભ્યો સાથે મતભેદ થઈ શકે છે.

**સિંહ (મ, ટ) :** ચંદ્ર તમારી જ રાશિમાં હોવાથી માનસિક ભાવોમાં ઉતાર-ચઢાવ રહેશે. રાત્રે ચંદ્ર બીજા ભાવમાં જતા આર્થિક સ્થિતિમાં મોટો સુધારો જોવા મળશે.

**કન્યા (પ, ઠ, ણ) :** દિવસના ભાગમાં માનસિક તણાવ કે ખર્ચ વધી શકે છે. કાર્યસ્થળ પર રાજનીતિથી દૂર રહેવું.

**તુલા (ર, ત) :** આવકના નવા સ્ત્રોતો ઊભા થશે અને અટકેલા નાણાં પરત મળી શકે છે. સાંજ પછી નાણાકીય ખર્ચ પર થોડો કાબૂ રાખવો જરૂરી બનશે.

**વૃશ્ચિક (ન, ય) :** ચંદ્ર તમારી રાશિથી અગિયારમા (લાભ) ભાવમાં ગોચર કરશે, જે ધનની -પ્તિ કરાવશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** નસીબનો ભરપૂર સાથ મળશે. ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે. વ્યવસાયિક બાબતોમાં લીધેલા નિર્ણયો ફાયદાકારક સાબિત થશે.

**મકર (ખ, જ) :** દિવસના પૂર્વાધમાં સ્વાસ્થ્ય અને વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી જરૂરી છે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** ભાગીદારીના કામમાં સારો લાભ મળી શકે છે. જીવનસાથી સાથેનો તાલમેલ ઉત્તમ રહેશે.

**મીન (દ, ચ, થ, ઝ) :** શત્રુ પક્ષ સક્રિય થઈ શકે છે, તેથી કોઈના પર આંધળો વિશ્વાસ ન કરવો.

## દમણ રેડિયો

### 102.3 FM

**શુક્રવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૭૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | 4 | | | | 9 | 3 | |
| | | 3 | 6 | | 2 | 1 | | |
| 6 | | 8 | | | | 4 | | 2 |
| | | | 1 | | 7 | | | |
| | | 5 | | 2 | | 6 | | |
| | | | 3 | | 6 | | | |
| 1 | | 9 | | | | 8 | | 3 |
| | | 6 | 9 | | 4 | 5 | | |
| | 3 | 7 | | | | 2 | 4 | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૭૦નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 7 | 1 | 3 | 5 | 8 | 2 | 4 | 6 |
| 8 | 3 | 6 | 9 | 4 | 2 | 5 | 1 | 7 |
| 2 | 4 | 5 | 7 | 6 | 1 | 9 | 3 | 8 |
| 1 | 6 | 9 | 8 | 2 | 3 | 4 | 7 | 5 |
| 3 | 2 | 7 | 4 | 1 | 5 | 6 | 8 | 9 |
| 5 | 8 | 4 | 6 | 9 | 7 | 3 | 2 | 1 |
| 6 | 1 | 3 | 2 | 7 | 9 | 8 | 5 | 4 |
| 4 | 5 | 2 | 1 | 8 | 6 | 7 | 9 | 3 |
| 7 | 9 | 8 | 5 | 3 | 4 | 1 | 6 | 2 |

## વલસાડમાં પોષણ માસ અંતર્ગત આંગણવાડી બહેનોની રેલી યોજાઈ

**જંકફૂડથી દૂર રહેવુ જોઈએ, શુધ્ધ પાણી પીવુ જોઈએ, હાથ ધોવા જોઈએ સહિતની નાની નાની બાબતો અંગે જાગૃતિ ફેલાવાશે: કલેકટર**




(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૦ :** પોષણ માસ-૨૦૨૬ અને પોષણ ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત વલસાડ જિલ્લા સંકલિત બાળ વિકાસ યોજનાની કચેરી (આઈસીડીએસ) દ્વારા ''સુપોષિત માતા, નિરોગી બાળ- પોષણયુક્ત ગુજરાતનો સંકલ્પ'' ટેગલાઈન સાથે પોષણ જાગૃતિ રેલી કલેક્ટર કચેરીથી કાઢવામાં આવી હતી.

જેને જિલ્લા કલેકટર નીતિન સાંગવાને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી. જે રેલીનુંસમાપન સિવિલ હોસ્પિટલ ખાતે થયુ હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટરશ્રી નીતિન સાંગવાને જણાવ્યું કે, પોષણ માસ અંતર્ગત આજે પોષણ રેલીનું આયોજન કરાયુ છે. પોષણ માસ દરમિયાન બાળકોનો આહાર કેવો હોવો જોઈએ, જંકફૂડથી દૂર રહેવુ જોઈએ, શુધ્ધ પાણી પીવુ જોઈએ, હાથ ધોવા જોઈએ આવી નાની મોટી બાબતો અંગે લોકોને જાગૃત કરવામાં આવશે.

આ રેલીમાં આઈસીડીએસના જિલ્લા પ્રોગામ ઓફિસર ક્રિષ્નાકુમારી એન.પટેલની આગેવાનીમાં જિલ્લાની ૫૦૦થી વધુ આંગણવાડી બહેનો ''સ્થાનિક ખોરાક અપનાવો- પોષણનું સ્તર વધારો, સુપોષિત વલસાડ સૌની જવાબદારી, બાળકને પોષણ આપીએ- ઉજ્જવળ ભવિષ્ય બનાવીએ અને દરેક બાળક સુપોષિત- આપણુ લક્ષ્ય નિશ્ચિત'' સહિતના સ્લોગનો સાથે વિવિધ બેનરો હાથમાં લઈ પોષણ માસ અંગેની જનજાગૃતિ રેલીમાં જોડાઈ હતી.

## નાનાપોંઢામાં ગણેશ મૂર્તિ વિતરણ અને રકતદાન કેમ્પ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિ)

**વાપી, તા. ૧૦ :** વલસાડ જિલ્લાના નાનાપોન્ડા ખાતે આગામી ગણેશ ચતુર્થીના પર્વને ધ્યાનમાં રાખીને વિશ્વ હિન્દુ પરિષદ (VHP) દ્વારા આગામી ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના શનિવારે સવારે ૯:૩૦ કલાકે નાનાપોંઢા ખાતે ગણેશ મૂર્તિ વિતરણ તથા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં કપરાડા, નાનાપોંઢા, ધરમપુર તેમજ દાદરા-નગર હવેલીના અંતરિયાળ ગામોમાં રહેતા સનાતન ધર્મના ભાઈઓ અને ગણેશોત્સવ મંડળોને શ્રી ગણેશજીની મૂર્તિઓનું વિતરણ કરવામાં આવશે. સાથે જ સેવાભાવી ભાવનાથી રક્તદાન કેમ્પનું પણ આયોજન કરાયું છે.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વિશ્વ હિન્દુ પરિષદ દક્ષિણ ગુજરાત પ્રાંતના મંત્રી રાજેશભાઈ રાણા, સ્થાનિક ધારાસભ્ય તથા રાજ્યના પૂર્વ મંત્રી જીતુભાઈ ચૌધરી અને વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખ હેતલબેન પટેલ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત સ્રુભ, બજરંગ દળના કાર્યકરો તેમજ રાજકીય અને સામાજિક આગેવાનો પણ કાર્યક્રમમાં હાજરી આપશે.

## દમણની નુમા ઈન્ડિયા કરાટે ટીમે રાષ્ટ્રીય સ્તરે અનેક મેડલ જીત્યા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૦ :** કેન્દ્રશાસિત પ્રદેશ દમણ અને દીવનું પ્રતિનિધિત્વ કરતી નુમા ઈન્ડિયા કરાટે ટીમે ૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ મહારાષ્ટ્રના મુંબઈના મીરા રોડ સ્થિત મિહિર સેન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી ૮મી ઓલ ઈન્ડિયા નેશનલ કરાટે ચેમ્પિયનશિપ ૨૦૨૬ માં અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું. નુમા ઈન્ડિયાના કુલ ૧૬ ખેલાડીઓએ આ રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમની ઉત્કૃષ્ટ પ્રતિભા, મહેનત અને ઉત્કૃષ્ટ પ્રદર્શન દ્વારા, ખેલાડીઓએ રાષ્ટ્રીય સ્તરે અનેક મેડલ જીતીને દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનું ગૌરવ વધાર્યું.

સુવર્ણ ચંદ્રક વિજેતાઓમાં દિપેશ પટેલ અને નિર્ભય યાદવનો સમાવેશ થાય છે. રજત ચંદ્રક વિજેતાઓમાં જોયસ અજય, અલંકૃતા નાયર, અસ્મિતા પ્રજાપતિ, હર્ષિતા દુબે, નિર્ભય યાદવ, દિપેશ પટેલ, યુવરાજ રાઠોડ, સિદ્ધિ રોહિત, સાહિલ પાંડે, મુસ્કાન સિંહ, પ્રતિભા રે અને ઐસી પ્રજાપતિનો સમાવેશ થાય છે. બ્રોન્ઝ મેડલ વિજેતાઓમાં અસ્મિતા, હર્ષિતા, સુમૈરા ખાન, અબેલ કોરાહ, સિદ્ધિ, હર્ષલ પાટિલ, સુધાંશુ મુખેડકર, પ્રતિભા અને ઐસીનો સમાવેશ થાય છે.

નુમા ઈન્ડિયાના ડિરેક્ટર આકાશ ઉદેશી, સેક્રેટરી અર્જુન ઉદેશી, ટીમ કોચ નિકિતા ઉદેશી અને ટીમ મેનેજર સ્નેહા જરીવાલાએ તમામ મેડલ વિજેતાઓને હૃદયપૂર્વક અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી. ખેલાડીઓની સિદ્ધિ પર ખુશી વ્યક્ત કરતા, તેમણે તેમને તેમની સખત મહેનત, શિસ્ત અને સમર્પણ ચાલુ રાખવા અને ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને દેશનું ગૌરવ વધારવા વિનંતી કરી.નુમા ઈન્ડિયા કરાટે ટીમની આ નોંધપાત્ર સિદ્ધિથી ખેલાડીઓ, કોચ, માતાપિતા અને સમર્થકોમાં આનંદ ફેલાયો છે. આ સફળતા ખેલાડીઓની સખત મહેનત, સતત પ્રેક્ટિસ, શિસ્ત અને સમર્પણનું પરિણામ છે.

## દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલ ઓબીસી કલ્યાણ સમિતિના સભ્ય તરીકે ચૂંટાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૦ :** દમણ અને દીવના લોકસભા સાંસદ ઉમેશભાઈ બાબુભાઈ પટેલને વર્ષ ૨૦૨૬-૨૭ માટે અન્ય પછાત વર્ગોના કલ્યાણ પરની લોકસભા સમિતિના સભ્ય તરીકે ચૂંટવામાં આવ્યા છે. લોકસભા સચિવાલય દ્વારા ૯ સપ્ટેમ્બરના રોજ જારી કરાયેલા સત્તાવાર પત્ર અનુસાર, સમિતિની રચના ૮ સપ્ટેમ્બરના સંસદીય બુલેટિન ભાગ II દ્વારા સૂચિત કરવામાં આવી હતી. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ સાંસદ ગણેશ સિંહને સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા.

સમિતિના સભ્ય તરીકે નિયુક્ત થયા બાદ, સાંસદ ઉમેશભાઈ પટેલે લોકસભાના અધ્યક્ષ, લોકસભા સચિવાલય અને સંબંધિત વિભાગનો આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું કે આ જવાબદારી ઓબીસી સમુદાયને લગતા મુદ્દાઓને સંસદ સમક્ષ અસરકારક રીતે રજૂ કરવાની તક છે.

પટેલે જણાવ્યું હતું કે શિક્ષણ, રોજગાર, અનામત, સામાજિક-આર્થિક સશક્તિકરણ, સરકારી યોજનાઓના લાભો અને ઓબીસી સમુદાયના બંધારણીય અધિકારો સંબંધિત મુદ્દાઓ સમિતિ સમક્ષ ગંભીરતાથી ઉઠાવવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે તેઓ દમણ અને દીવ સહિત દેશભરના પછાત વર્ગોની સમસ્યાઓ અને અપેક્ષાઓને યોગ્ય પ્લેટફોર્મ પર મજબૂતીથી રજૂ કરવાનો પ્રયાસ કરશે.

## માલનપાડા મોડેલ સ્કૂલના દિપાલીબેન ચુડાસમાને વલસાડ જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૦ :** રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૩૮મી જન્મ જયંતિ નિમિત્તે શિક્ષક દિનની ભવ્ય ઉજવણી વલસાડ જિલ્લાના પારડી તાલુકાના મોરારજી દેસાઈ ઓડિટોરિયમ ખાતે કરવામાં આવી હતી.શિક્ષક દિન ઉજવણી અવસરે નાણામંત્રી કનુભાઈ દેસાઈ, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, જિલ્લા કલેકટર નિતીન સાંગવાન, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ અને કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી સહિતના પદાધિકારીઓ દ્વારા જિલ્લા તેમજ તાલુકા કક્ષાના નવ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરાયું હતું. જેમાં મોડેલ સ્કૂલ માલનપાડા ના શિક્ષિકા દિપાલીબેન પ્રવિણભાઈ ચુડાસમાને કનુભાઈ દેસાઈ દ્વારા વલસાડ જિલ્લાના માધ્યમિક વિભાગના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યા હતા, જે શાળા માટે ખૂબ જ ગૌરવની ક્ષણ હતી. આ ઉપરાંત શાળાના શિક્ષિકા મીરાબેન એચ. ગોળકિયા, મહેન્દ્રકુમાર યુ. પટેલ તથા દિપાલીબેન પી. ચુડાસમાનું સતત ત્રણ વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૬ સુધી SSC બોર્ડની પરીક્ષામાં પોતાના વિષયનું ૧૦૦ ટકા પરિણામ મેળવવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું.આ ગૌરવ માટે શાળાના આચાર્ય ડૉ. વર્ષાબેન બી. પટેલે સૌને અભિનંદન પાઠવ્યા હતાં. જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજેશ્રીબેન ટંડેલે આ સન્માન માટે ખૂબ ખૂબ શુભેરછાઓ પાઠવી હતી.

## વાઈબ્રન્ટ બિઝનેસ પાર્ક દ્વારા

## વાપીમાં બેન્કિંગ અને અકસ્માત વીમા કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** Vibrant Business Park દ્વારા India Postના સહયોગથી ઔદ્યોગિક વિસ્તારના કર્મચારીઓ અને બિઝનેસ સમુદાયને બેન્કિંગ સેવાઓ તથા અકસ્માત વીમાનો લાભ સરળતાથી મળી રહે તે હેતુથી બેન્કિંગ અને અકસ્માત વીમા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન ૧૨૫થી વધુ સભ્યોએ સીધો લાભ મેળવ્યો હતો. ઉપરાંત, ૫૦થી વધુ કર્મચારીઓ ધરાવતી ફેક્ટરીઓમાં India Postની ટીમ દ્વારા આગામી દિવસોમાં મુલાકાત લઈ બેન્કિંગ સેવાઓ અને અકસ્માત વીમા અંગે માર્ગદર્શન આપવામાં આવશે, જેના થકી વધુ ૩૭૫થી વધુ સભ્યોને લાભ મળવાની અપેક્ષા છે. આમ, આ પહેલ દ્વારા કુલ ૫૦૦થી વધુ સભ્યોને લાભ મળવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. કાર્યક્રમમાં Vibrant Business Parkના પ્રમુખ રોહિતભાઈ સોમપુરા, સેક્રેટરી દીપકભાઈ ગેવરીયા, ટ્રેઝરર નિધિભાઈ શાહ, એડમિનિસ્ટ્રેટર નિલેશ કોરાટ, CSR ચેરમેન મયૂર બડાલા તેમજ Executive Committee Members અતુલભાઈ ઝવેરી અને બિપિનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય મહેમાન તરીકે લઘુ ઉદ્યોગ ભારતી-વલસાડ જિલ્લાના પ્રમુખ મેહુલ પટેલ તથા વાપી નોટિફાઈડ એરિયાના પૂર્વ પ્રમુખ હેમંત પટેલ ઉપસ્થિત રહ્યા હતા. બંને મહાનુભાવોએ આ પહેલની પ્રશંસા કરી હતી અને આવા મોડેલને સમગ્ર ગુજરાતમાં અમલમાં મૂકવામાં આવે તો મોટી સંખ્યામાં ઔદ્યોગિક કર્મચારીઓને તેનો લાભ મળી શકે તેમ જણાવ્યું હતું. India Post તરફથી રાહુલભાઈ બેન્કરના નેતૃત્વ હેઠળ ૧૦ સભ્યોની ટીમ દ્વારા બેન્કિંગ સેવાઓ, નવા ખાતા ખોલવાની પ્રક્રિયા તેમજ અકસ્માત વીમા અંગે કર્મચારીઓને માર્ગદર્શન અને જરૂરી માહિતી આપવામાં આવી હતી.

## દમણમાં સરકારી ઈ- માર્કેટ અંગે તાલીમ કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૦ :** આરોગ્ય વિભાગમાં ખરીદી પ્રક્રિયાને વધુ પારદર્શક, ન્યાયી અને અસરકારક બનાવવા માટે, કેન્દ્રીય પ્રાપ્તિ શાખાએ બુધવારે સરકારી ઈ-માર્કેટ પર એક તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. મોતી દમણ ખાતેના કોન્ફરન્સ હોલમાં આયોજિત આ તાલીમમાં સેલવાસ અને દમણની કેન્દ્રીય પ્રાપ્તિ શાખા, કેન્દ્રીય મેડિકલ સ્ટોર, પ્રાપ્તિ અને ટેન્ડર વિભાગ અને રાષ્ટ્રીય આરોગ્ય મિશનના કર્મચારીઓએ ભાગ લીધો હતો.

આરોગ્ય સચિવ અસ્કર અલીના માર્ગદર્શન હેઠળ આયોજિત, ગાંધીનગર, ગુજરાતથી આવેલા GeM રિસોર્સ પર્સન નિમેશ પંચાલે કર્મચારીઓને સરકારી ઈ-માર્કેટ પ્લેટફોર્મ સંબંધિત વિવિધ પ્રક્રિયાઓ વિશે માહિતી આપી. આ તાલીમમાં ઈ-ટેન્ડરિંગ, ટેન્ડર નોટિસ તૈયાર કરવા, બિડરોનું મૂલ્યાંકન, પ્રી-બિડ મીટિંગ્સ, પ્રાપ્તિ પ્રક્રિયાઓ અને નાણાકીય સેવાઓ સહિતના વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

તાલીમમાં GeM પોર્ટલના ઉપયોગ અંગે મહત્વપૂર્ણ માહિતી તેમજ સરકારી નાણાકીય નિયમો અને ખરીદી પ્રક્રિયા સાથે તેમના પાલન અંગે ચર્ચાનો સમાવેશ થતો હતો. અધિકારીઓએ સમજાવ્યું કે ડિજિટલ માધ્યમો દ્વારા ખરીદી પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવી જરૂરી છે, જેમ કે નિયમોનું પાલન કરવું પણ જરૂરી છે.

કેન્દ્રીય પ્રાપ્તિ શાખાના પ્રભારી ડૉ. ગણેશ કમલાકર વર્ણકરે જણાવ્યું હતું કે કેન્દ્રીય પ્રાપ્તિ શાખા આરોગ્ય વિભાગની કરોડરજ્જુ તરીકે સેવા આપે છે. વિભાગની જરૂરિયાતો માટે પ્રાપ્તિ સરકારી નાણાકીય નિયમો અનુસાર સંપૂર્ણ પારદર્શિતા, સ્પષ્ટતા અને ન્યાયીતા સાથે સુનિશ્ચિત કરવામાં આવે છે.

તેમણે જણાવ્યું હતું કે ખરીદી પ્રક્રિયામાં સામેલ કર્મચારીઓના જ્ઞાન અને કૌશલ્યને સમયાંતરે અપડેટ કરવું જરૂરી છે. સરકારી ખરીદી પ્રક્રિયા વધુ અસરકારક અને વ્યવસ્થિત બને તે સુનિશ્ચિત કરવા માટે આ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## આજથી ધરમપુરમાં દિતિયા બાપાનો ૪૭મો નિર્વાણ મહોત્સવ યોજાશે

**ધરમપુર, તા.૧૦ :** ધમરપુર રજવાડામાં વીરપુરના જલાબાપા તરીકે સુ-સિદ્ધ શ્રી રામભગત દિતિયા બાપા-વિરવલ તા. ધરમપુરનો આજે ૪૭મો નિર્વાણ મહોત્સવ શ્રાવણ વદ અમાસ તા.૧૧-૦૯-૨૦૨૬ને શુક્રવારે સવારે ૯:૩૦ કલાકેમાં ભગવતી અલખધણીધામ-વાંઝણાના પૂજ્ય સંત શ્રી વિજયબાપુના સાનિધ્યમાં ૧૨:૩૦ વાગ્યા સુધી સત્સંગ ધર્મ-વચન સહ વિરવલ ગ્રામજનો દ્વારા રામજી મંદિરમાં અખંડ દિપ-જવલીત કરી તેનું વિસર્જન ભાદરવા સુદ એકમ તા.૧૨-૦૯-૨૦૨૬ ને શનિવારે સવારે ૯.૩૦ કલાકે કરવામાં આવશે. તો સર્વે ભક્તોને સત્સંગનો તથા અખંડ દિપ દર્શનવિસર્જનનો લાભ લેવા સૌને આમંત્રણ છે. તા. ૧૧/૧૨-૦૯-૨૦૨૬ ના બપોરે ૧.૦૦ કલાકે મહાપ્રસાદનુ વિતરણ થશે.

શુક્રવારે દિપ પ્રાગટ્ય જમુભાઈ ના. ગરાસિયા, રતિલાલ ન.પટેલ, મહેશભાઈ ધી. પટેલ-વિરવલવાસી અને ઝવેરભાઈ ર. પટેલ કરશે. જેમાં આમંત્રિત મહેમાનો તરીકે કાનજીભાઈ, મહેન્દ્રભાઈ કાર્તિકેય ગરાસિયા અગાસી પાણીખડક કોચરવા ડુમલાવ પીઠા વિ.ના દિતિયા બાપા ભક્તો સહભાગી થશે.

## વાપીના હાર્દિક જોશી કરાટે એકેડેમીના ૩૧ વર્ષ થયા

**ત્રણ વિદ્યાર્થી થી શરૂ કરેલ એકેડમીમાં આજે ૩.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ તાલીમ લઈ આગળ વધ્યા છે**




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** વાપીના હાર્દિક જોશી એ વર્ષ ૧૯૯૫માં માત્ર ૩ વિદ્યાર્થીઓ સાથે શરૂ થયેલી કરાટે એકેડેમીએ કરાટે અને સ્વરક્ષણ ક્ષેત્રે ૩૧ વર્ષની ગૌરવપૂર્ણ સફર પૂર્ણ કરી છે. આ ત્રણ દાયકાથી વધુની સફરમાં એકેડેમીના સ્થાપક હાર્દિક જોશીએ ૩.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને કરાટે તથા સ્વરક્ષણની તાલીમ આપી છે. વાપી ના હાર્દિક જોશીનું કરાટે પ્રત્યેનું સમર્પણ માત્ર રમત પૂરતું સીમિત રહ્યું નથી. કરાટેના માધ્યમથી બાળકો અને યુવાનોમાં શિસ્ત, આત્મવિશ્વાસ, સ્વરક્ષણની ક્ષમતા, માનસિક મજબૂતી અને સારા સંસ્કારો વિકસે તે તેમનું સતત વિઝન રહ્યું છે. હાર્દિક જોશીના Mission Kick back! અભિયાન અંતર્ગત હજારો દીકરીઓ અને મહિલાઓને નિ:શુલ્ક સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી છે. આ અભિયાનનો હેતુ માત્ર કરાટે શીખવવાનો નહીં, પરંતુ મહિલાઓમાં આત્મવિશ્વાસ જગાવી તેમને પોતાની સુરક્ષા માટે સક્ષમ અને સશક્ત બનાવવાનો રહ્યો છે. આ પહેલથી અનેક દીકરીઓએ આત્મરક્ષણની સાથે જીવનમાં હિંમત અને આત્મવિશ્વાસ સાથે આગળ વધવાની પ્રેરણા મેળવી છે.

હાર્દિક જોશીએ કરાટેને સમાજના વિવિધ વર્ગો સુધી પહોંચાડવાના પ્રયાસો કર્યા છે. માનસિક અને શારીરિક રીતે પડકારજનક વિદ્યાર્થીઓને પણ કરાટેની તાલીમ આપવામાં આવી છે. આવા અનેક વિદ્યાર્થીઓને નિ:શુલ્ક તાલીમ આપી બ્લેક બેલ્ટ સુધી પહોંચાડવામાં આવ્યા છે. આ પહેલ દ્વારા સમાજને સંદેશ આપવામાં આવ્યો છે કે યોગ્ય તક, તાલીમ અને પ્રોત્સાહન મળે તો દરેક વ્યક્તિ પોતાની ક્ષમતા સાબિત કરી હાર્દિક જોશી એ ૩૧ વર્ષની સફરમાં ૫૫૦થી વધુ વર્લ્ડ ક્લાસ બ્લેક બેલ્ટ તૈયાર કર્યા છે. તેમાંથી અનેક બ્લેક બેલ્ટ ધારકો આજે કરાટે કોચ બની નવી પેઢીને તાલીમ આપી રહ્યા છે અને એકેડેમીના વિઝન તથા મિશનને આગળ ધપાવી રહ્યા છે.

હાર્દિક જોશી માટે કરાટે માત્ર તાલીમ નથી, પરંતુ જીવનનું મિશન અને સમર્પણ છે. માત્ર ૩ વિદ્યાર્થીઓથી શરૂ થયેલી સંસ્થા આજે ૩.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓના જીવનને સ્પર્શી ચૂકી છે. એકેડેમીના અનેક પૂર્વ વિદ્યાર્થીઓ આજે દેશ-વિદેશમાં વિવિધ ક્ષેત્રોમાં સફળતા મેળવી રહ્યા છે, જ્યારે ઘણા વિદ્યાર્થીઓ પોતે પણ કરાટે અને સ્વરક્ષણનું જ્ઞાન નવી પેઢી સુધી પહોંચાડી રહ્યા છે.

## વટારની એસ.એસ.બી.ડી. દેસાઈ હાઈ.માં શિક્ષક દિન ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** એસ.એસ.બી.ડી. દેસાઈ હાઈસ્કૂલ, વટાર ખાતે શિક્ષક દિન નિમિત્તે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા અનોખી અને આનંદમય રીતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિદ્યાર્થીઓએ એક દિવસ માટે શિક્ષકની ભૂમિકા ભજવી હતી. વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોનું શિક્ષણ આપી શિક્ષક તરીકેની જવાબદારીનો અનુભવ કર્યો હતો. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષકના કાર્ય, જવાબદારી અને મહત્વને નજીકથી સમજવાની તક મળી હતી.કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો અને -તિભાવો પણ રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે શિક્ષક તરીકે વર્ગખંડમાં ઊભા રહીને વિદ્યાર્થીઓને ભણાવવાનો અનુભવ ખૂબ જ આનંદદાયક અને યાદગાર રહ્યો. સાથે સાથે શિક્ષકની જવાબદારી કેટલી મહત્વપૂર્ણ છે અને વિદ્યાર્થીઓને સમજાવીને ભણાવવા માટે કેટલી મહેનત કરવી પડે છે તેનો પણ તેમને અનુભવ થયો.

શ્રેષ્ઠ કામગીરી કરનાર વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક તેમજ આશ્વાસન ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કામિની પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય ડૉ. નિખિલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર શાળા પરિવાર દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો.

શિક્ષક દિનની આ અનોખી ઉજવણી દરમિયાન વિદ્યાર્થીઓમાં ભારે આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા ભજવીને શિક્ષકના કાર્યનું મહત્ત્વ સમજ્યું અને આ સમગ્ર કાર્યક્રમ તેમના માટે યાદગાર બની રહ્યો હતો.

## વાપીનાં કુંભારવાડમાં જન્માષ્ટમીની ઉજવણી કરાઈ



**વાપી, તા. ૧૦ :** વાપીમાં સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સતત ચોથા વર્ષે મટકી ફોડ કાર્યક્રમ યોજાયો

જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તો વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સતત ચોથા વર્ષે વાપી ટાઉનના કુંભારવાડા વિસ્તારમાં ભવ્ય મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટ્રસ્ટના ટ્રસ્ટી તથા વાપીના સમાજસેવક કિરણ રાવલ અને ટ્રસ્ટના સભ્યો દ્વારા કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મટકીનું આકર્ષક રીતે ડેકોરેશન કરવામાં આવ્યું હતું, જેને નિહાળવા માટે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

મટકી ફોડવા માટે મોટી સંખ્યામાં ગોવિંદાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આશરે ૧૫થી ૧૭ ફૂટની ઊંચાઈએ મટકી બાંધવામાં આવી હતી. ગોવિંદાઓએ માનવ પિરામિડ બનાવી મટકી ફોડવાનો પ્રયાસ કરતાં સમગ્ર વિસ્તારમાં ઉત્સાહ અને ભક્તિમય માહોલ છવાઈ ગયો હતો.


## વાપીમાં પ્રદેશ ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખનો જન્મ દિન ઉજવાયો




**વાપી, તા.૧૦ :** ગુજરાત પ્રદેશ ભાજપ મહિલા મોરચાના ઉપપ્રમુખ અને વાપી ભાજપના મહિલા અગ્રણી ગીતાબેન પટેલના જન્મદિવસની મહિલા કાર્યકર્તાઓ દ્વારા અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી.

ગીતાબેન પટેલના વાપી સ્થિત નિવાસસ્થાને ભાજપ મહિલા મોરચાની કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં એકત્રિત થઈ હતી અને કેક કાપીને જન્મદિવસની ઉજવણી કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહિલા કાર્યકર્તાઓ તથા વડીલોએ ગીતાબેન પટેલને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી તેમના સુખ, સમૃદ્ધિ અને દીર્ઘાયુ માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી. આ ઉપરાંત બ્રહ્માકુમારી બહેનોએ પ્રભુવિલા ખાતે યોગાભ્યાસ કરતી બહેનોએ પણ ગીતાબેન પટેલના નિવાસસ્થાને યજ્ઞનું આયોજન કરી જન્મદિવસની આધ્યાત્મિક અને અનોખી રીતે ઉજવણી કરી હતી.

# ૫ કરોડ વર્ષ પહેલાંનો સુપરનોવા વિસ્ફોટ રાજકોટના ટેલિસ્કોપમાં ઝીલાયો




લગભગ ૫ કરોડ વર્ષ પહેલાં થયેલો તારાનો વિસ્ફોટ આજે આપણને દેખાઈ રહ્યો છે! SN 2026aaiv લગભગ ૪.૫-૪.૯ કરોડ પ્રકાશવર્ષ દૂર આવેલી NGC ૭૩૩૧ આકાશગંગામાં થયેલો અદભુત સુપરનોવા વિસ્ફોટ છે. તેનો પ્રકાશ પૃથ્વી સુધી પહોંચવામાં લગભગ ૫ કરોડ વર્ષ લાગ્યા! એટલે કે, આપણે આજે જે જોઈ રહ્યા છીએ તે તારાની આજની સ્થિતિ નહીં, પરંતુ ૫ કરોડ વર્ષ જૂનું દૃશ્ય છે. એટલે જ કહેવાય છે—ટેલિસ્કોપ માત્ર દૂરનું જ નહીં, ભૂતકાળનું પણ દર્શન કરાવે છે!

આ તસવીર રાજકોટમાં સૌરાષ્ટ્ર એજયુકેશન ફાઉન્ડેશન સંચાલિત લોક વિજ્ઞાન કેન્દ્રની બીગબેંગ એસ્ટ્રોનોમી કલબના નિલેશ રાણાએ ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટીના નિયોજેન સોલર એન્ડ સ્ટેલર ઓબ્ઝર્વેટરીના અદ્યતન ટેલિસ્કોપથી ઝડપી છે.

**માર્ચ ફોર સાયન્સ-૨૦૨૬**

## રાજકોટમાં વિજ્ઞાનપ્રેમીઓ રેલી-ધરણા યોજશે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

રાજકોટમાં શનિવાર, તા. ૧૨ સપ્ટેમ્બરે આંતરરાષ્ટ્રીય માર્ચ ફોર સાયન્સ-૨૦૨૬ અંતર્ગત વિજ્ઞાન જાથા દ્વારા રેલી અને ધરણાનો કાર્યક્રમ યોજાશે. સવારે ૧૦:૩૦ કલાકે ન્યુ પરિમલ સ્કૂલથી રેલી નીકળી કે.કે.વી. હોલની બંને બાજુ ધરણા યોજાશે. રેલીમાં વિજ્ઞાનપ્રેમીઓ, શિક્ષકો, જાગૃત નાગરિકો તથા ન્યુ ૫ રિમલ સ્કૂલના વિદ્યાર્થીઓ વિજ્ઞાન આધારિત પોસ્ટરો અને સૂત્રોચ્ચાર સાથે જોડાશે. વિજ્ઞાનને લોકભોગ્ય બનાવવા તેમજ વૈજ્ઞાનિક અભિગમ અને વૈજ્ઞાનિક મિજાજને પ્રોત્સાહન આપવાના હેતુથી આ આયોજન કરવામાં આવ્યું છે.

ધરણા દરમિયાન સંશોધન અને વિકાસ, શિક્ષણ, આરોગ્ય, ૫ ર્યાવરણ તથા વૈજ્ઞાનિક અભિગમના વ્યાપ માટે વિવિધ માંગણીઓ રજૂ કરવામાં આવશે. અંધશ્રદ્ધા, ચમત્કાર, વ્હેમ અને અતાર્કિક વિચારો સામે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવાનો સંદેશ આપવામાં આવશે.

## આજે રાજકોટમાં ડો. જે.જે. રાવલનું વ્યાખ્યાન





**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

આજે વિશ્વ વિખ્યાત ખગોળ વિજ્ઞાની અને ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટીના અધ્યક્ષ ડો. જે.જે. રાવલ એક સમયે હળવદના જોગેશ્વર મહાદેવ મંદિરમાં પુજારી તરીકે પણ સેવા આપી ચૂકયા હતાં. તેઓ વિજ્ઞાન ઉપરાંત ભારતીય ધર્મ સંસ્કૃતિના પણ અચ્છા જાણકાર છે. તેઓ રાજકોટના ઓ.વી. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે આજે શ્રાવણી અમાસના દિને સાંજે ૬ કલાકે દેવાધિ દેવ મહાદેવ વિશે સ્ત્રોત્રો, ઋચાઓ અને શ્લોકો સાથે વૈજ્ઞાનિક વકતવ્ય અને પ્રશ્નોત્તરી યોજશે. જેનો લાભ લેવા જણાવાયું છે.

## WWF વલસાડ અને વન વિભાગ વલસાડ (દક્ષિણ) દ્વારા

# કપરાડામાં આંતરરાષ્ટ્રીય ગીધ જાગૃતિ દિવસની ઉજવણી





**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

WWF - વલસાડ ડિવિઝન અને વન વિભાગ વલસાડ (દક્ષિણ) નાં સંયુક્ત પ્રયાસ થી આજ રોજ કપરાડામાં રેન્જ આંતરરાષ્ટ્રીય ગીધ જાગૃતી દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી.

દર વર્ષે સપ્ટેમ્બર મહિનાનાં પહેલાં શનિવારે આંતરરાષ્ટ્રીય ગીધ જાગરુકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આમ, વલસાડ જિલ્લા માં આવેલ કપરાડા તાલુકો એક માત્ર એવો વિસ્તાર છે જ્યાં દુર્લભ એવાં ગીધો મોટી સંખ્યામાં જોવા મળે છે.

ગીધ એ કુદરતનું સફાઈ કામદાર ગણાતું એક વિશાળ માંસાહારી પક્ષી છે. ગીધનો મુખ્ય ખોરાક મરેલા પશુ-પ્રાણીઓના મૃતદેહો છે. તે ક્યારેય જીવતા પશુ કે પક્ષીનો શિકાર કરતું નથી. આકાશમાં ઊંચે ઉડીને સડેલા મૃતદેહો સાફ કરવાનું કામ કરે છે, જેનાથી રોગચાળો અટકે છે. આથી તેને પર્યાવરણનો સફાઈ કામદાર કહે છે. આખી દુનિયામાં ગીધની લગભગ ૨૨ થી ૨૩ પ્રજાતિઓ જોવા મળે છે.

જેમાંથી ભારતમાં નવ પ્રકારનાં ગીધો જોવા મળે છે અને આપણાં કપરાડા વિસ્તાર માં મુખ્યત્વે બે પ્રકાર નાં ગીધો જોવા મળે છે (Indian Long Billed Vultures) એટલે કે ભારતીય ગીધ અથવા ગિરનારી ગીધ અને White Rumped Vulture એટલેકે શ્વેત પીઠ ગીધ.

આ બંને પ્રકાર નાં ગીધો IUCN નાં લીસ્ટ મુજબ Critical Endangered species એટલે કે ગંભીર રીતે જોખમમાં મૂકાયેલ પ્રજાતિમાં આવે છે.

કાર્યક્રમની શરૂઆત સૌ પ્રથમ હુડા ચેકપોસ્ટ ખાતે વન વિભાગના સ્ટાફ અને સ્થાનિક ગામજનોને ગીધોનાં અસ્તિત્વ અને તેનું મહત્વ સમજાવી આંતરરાષ્ટ્રીય ગીત જાગૃતિ દિવસની ઉજવણીનો હેતુ વિશે માહિતી આપી હતી.જે પછી વન વિભાગ ની ટીમ તેમજ WWF નાં વોલન્ટીયર્સ ટીમ અને સ્થાનિક ગ્રામજનો સાથે મળી વલચર ફીડિંગ સાઈટ ની મુલાકાત લીધી હતી. જ્યાં WWF નાં મૌતિક દવે એ પર્યાવરણની કુદરતી રીતે જાળવણી કરતા ગીધોનું મહત્વ સમજાવતા ગીધોની પ્રજાતિઓ અને એના સંવર્ધન માટે ની વિગતવાર માહિતી આપી હતી અને તેને બચાવવા આપણે શું કરી શકીએ તે વિશે વિગતવાર સમજાવ્યું હતું તેમજ પોસ્ટર બતાવી ગીતની કઈ પ્રજાતિઓ અહીં કપરાડા વિસ્તારમાં જોવા મળે છે તે ચિત્રો દ્વારા ઓળખ આપી પોસ્ટર્સની વહેચણી પણ કરી હતી અને ફિલ્ડ વિઝિટ દ્વારા ગીધ નિદર્શન પણ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO) કલ્યાણીબેનના માર્ગદર્શન હેઠળ વન વિભાગની બે રેન્જનાં સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં તેમજ સાથે સ્થાનિક ગામના લોકો સરપંચ સહિત મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. WWF-India નાં વલસાડ ઓફિસથી સ્ટેટ હેડ મૌતિક દવે તથા સ્વયંસેવકોની ટીમ સાથે ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું.

## ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં ‘ક્રિયાત્મક સંશોધન વર્કશોપ’ યોજાયો



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ - NCSM, સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET), વલસાડના સંયુક્ત ઉપક્રમે તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ શિક્ષકો અને કેળવણીકારો માટે વિશેષ ‘ક્રિયાત્મક સંશોધન વર્કશોપ’ (Action Research Workshop) નું સફળ આયોજન જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર ખાતે કરવામાં આવ્યું હતું.વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ શિક્ષકોને વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન ઉદ્ભવતી સ્થાનિક સમસ્યાઓને ઓળખી, તેનું વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક પદ્ધતિથી નિરાકરણ લાવવા માટે ક્રિયાત્મક સંશોધનના અભિગમથી સજ્જ કરવાનો હતો. આ ઉપરાંત, શિક્ષકોને ક્રિયાત્મક સંશોધનના ચાર મુખ્ય તબક્કાઓ - યોજના (Plan), અમલ (Act), અવલોકન (Observe) અને ચિંતન-વિચારણા (Reflect) - અંગે વ્યવહારુ સમજ આપવામાં આવી હતી, જેથી તેઓ આ પદ્ધતિનો પોતાના શૈક્ષણિક કાર્યમાં અસરકારક રીતે ઉપયોગ કરી શકે.

વર્કશોપ દ્વારા શિક્ષકોમાં નવીન વિચારસરણી વિકસાવવાની સાથે વિદ્યાર્થીઓના રસ, વલણ, શૈક્ષણિક જરૂરિયાતો અને પ્રશ્નોને ધ્યાનમાં રાખીને રચનાત્મક તથા અસરકારક ઉકેલો શોધવાની ક્ષમતાને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

વર્કશોપ દરમિયાન ઉપસ્થિત તજજ્ઞ ડૉ. પ્રકાશ પટેલ દ્વારા ક્રિયાત્મક સંશોધન કેવી રીતે હાથ ધરવું, સંશોધન માટે જરૂરી માહિતી અને ડેટાનું એકત્રીકરણ કેવી રીતે કરવું તથા પ્રાપ્ત પરિણામોનું વિશ્લેષણ કઈ રીતે કરવું તે અંગે સચિત્ર પ્રેઝન્ટેશન અને પ્રવૃત્તિ આધારિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.સહભાગી શિક્ષકોએ વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ વર્ગખંડમાં આવતી શૈક્ષણિક સમસ્યાઓના નિરાકરણ માટે ક્રિયાત્મક સંશોધનનો ઉપયોગ કેવી રીતે કરી શકાય તે અંગે ચર્ચા-વિચારણા કરી હતી. તાલીમ દરમિયાન શિક્ષણ કાર્યને વધુ રસપ્રદ, વિદ્યાર્થીકેન્દ્રિત અને અસરકારક બનાવવાના વિવિધ ઉપાયો પર પણ વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે DIETના પ્રાચાર્ય મહેન્દ્રભાઈ આર. પટેલે શિક્ષકોની જવાબદારી અને ભૂમિકા પર ભાર મૂકતાં જણાવ્યું હતું કે, શિક્ષકની જવાબદારી ખૂબ જ અગત્યની છે. શિક્ષક સમાજના ઘડવૈયા છે અને રાષ્ટ્રના નિર્માણમાં શિક્ષકની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે શિક્ષકોને સતત નવીનતા અપનાવી પોતાના શૈક્ષણિક કાર્યને વધુ અસરકારક બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ રાઠોડ, જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુરે વર્ગખંડમાં શિક્ષકોને આવતી વિવિધ સમસ્યાઓ, તેનાં કારણો તથા તેના વ્યવહારુ ઉકેલો અંગે સુંદર વિચારો અને માર્ગદર્શન રજૂ કર્યું હતું. તેમણે શિક્ષકોને સમસ્યાઓને માત્ર પડકાર તરીકે નહીં, પરંતુ સુધારા અને નવીનતાની તક તરીકે જોવાની દિશામાં પ્રેરિત કર્યા હતા. ઉપરાંત, તેમણે સાયન્સ ટેલેન્ટ સર્ચ પરીક્ષા, વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (VVM) તથા આગામી ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાનાર નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૨૬ અંગે માહિતી આપી હતી. તેમણે સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી હાઈજીન અને સેનિટેશન વિષય આધારિત ચલિત વિજ્ઞાન પ્રદર્શની બસ શાળાઓમાં યોજવા માટે પણ અપીલ કરી હતી. કાર્યક્રમના અંતે સહભાગી શિક્ષકોએ પોતાના પ્રતિભાવો રજૂ કરી વર્કશોપને અત્યંત ઉપયોગી અને વ્યવહારુ ગણાવ્યો હતો. ક્રિયાત્મક સંશોધન દ્વારા શિક્ષકોને પોતાના વર્ગખંડની સમસ્યાઓનું વૈજ્ઞાનિક રીતે વિશ્લેષણ કરી અસરકારક ઉકેલો શોધવા માટે નવી દિશા અને પ્રેરણા પ્રાપ્ત થઈ હતી. આ કાર્યક્રમમાં કુલ ૩૦ શિક્ષકો અને કેળવણીકારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## મોરબી આર્યભટ્ટ લોક વિજ્ઞાન કેન્દ્ર

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજકોસ્ટ ગાંધીનગર દ્વારા માન્ય આર્યભટ્ટ લોક વિજ્ઞાન કેન્દ્ર મોરબી દ્વારાં તા. ૧૬ સપ્ટેમ્બર વિશ્વ ઑઝોન દીવસનાં અનુસંધાને વક્તુત્વ સ્પર્ધા યોજવામાં આવી છે. જેમાં જુદી જુદી કેટેગરી મુજબના વિષયો અંગે વિડીયો બનાવી તારીખઁ ૧૬/૯/ ૨૦૨૬ સાંજ નાં ૬=૦૦ સુધી ૯૮૨૪૯ ૧૨૨૩૦ /૯૭૨૭૯ ૮૬૩૮૬ પર મોકલી શકાશે. આ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિશ્વ હિન્દી દિવસ તથા રાષ્ટ્રીય અંધજન ધ્વજ દિવસે નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધા પણ યોજવામાં આવી છે.

## શનિવારે અમદાવાદમાં વિજ્ઞાન સાંકળ

તા. ૧૨ સપ્ટેમ્બરને શનિવારના રોજ અમદાવાદમાં વિજ્ઞાન ચેતના દ્વારા માર્ચ ફોર સાયન્સ અંતર્ગત વૈજ્ઞાનિક અભિગમ કેળવણી, અંધશ્રદ્ધાથી મુકિત અને પર્યાવરણના રક્ષણ માટે સવારે ૧૧ કલાકે સી.બી. સૈયદની જાળી લાલ દરવાજા ખાતે વિજ્ઞાન સાંકળ રચવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ઈ.સ. ૨૦૧૭માં આ હેતુ માટે વિશ્વભરના વિજ્ઞાનિકો અને વિજ્ઞાનપ્રેમીઓએ આ કાર્યક્રમની શરુઆત કરી હતી.

## જુનાગઢમાં એનએસડીએફનું આયોજન

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજરાત સરકાર ના ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, પ્રાથમીક જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી જૂનાગઢ તથા શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ સંયુક્ત ઉપક્રમે વિજ્ઞાન અને સમાજ વિષયે નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ ૨૦૨૬ નું જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટે આયોજન કરવા માં આવ્યું છે. તા. ૨૦ સપ્ટેમ્બર સુધી રજીસ્ટ્રેશન કરાવવા જણાવાયું છે.

# IIT ગાંધીનગરે મકાનો માટે ભૂકંપ સલામતીના જ્ઞાનનો ભારતીય ભાષાઓમાં અનુવાદ કર્યો

### આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસનીય માર્ગદર્શિકા ‘અર્થક્વેક-સેફ બિલ્ડિંગ્સ’ના હિન્દી અને ઉર્દૂ અનુવાદોનો હેતુ મકાનમાલિકો અને અન્ય સ્ટેકહોલ્ડર્સ સુધી ભૂકંપ-સલામતીની માહિતી પહોંચાડવાનો છે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

વેનેઝુએલા, કોલંબિયા, ઈન્ડોનેશિયા અને જાપાનમાં તાજેતરમાં આવેલા વિનાશક ભૂકંપો એ વાતની સ્પષ્ટ યાદ અપાવે છે કે ભૂકંપને અટકાવી શકાતા નથી, પરંતુ સુરક્ષિત ઈમારતો દ્વારા તેનાથી થતા જાનમાલના મોટા ભાગના નુકસાનને ટાળી શકાય છે. ભૂકંપ સલામતી અંગેનું જ્ઞાન દરેક વ્યક્તિ, ખાસ કરીને ભાવિ મકાનમાલિકો સુધી પહોંચે તે મહત્વને ધ્યાનમાં રાખીને, IIT ગાંધીનગર (IITGN)ના ફેકલ્ટી સભ્યો પ્રોફેસર મનીષ કુમાર અને પ્રોફેસર મોહમ્મદ મુબશિર અહસાને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસિદ્ધ પ્રકાશન ‘અર્થક્વેક-સેફ બિલ્ડિંગ્સ’ નો અનુક્રમે હિન્દી અને ઉર્દૂમાં અનુવાદ કર્યો છે.

મૂળ રૂપે એન્ડ્ર્યુ ચાર્લ્સન દ્વારા લખાયેલ અને વર્લ્ડ હાઉસિંગ એન્સાઈક્લોપીડિયા (WHE) દ્વારા પ્રકાશિત – જે અર્થક્વેક એન્જિનિયરિંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (EERI) અને ઈન્ટરનેશનલ એસોસિએશન ફોર અર્થક્વેક એન્જિનિયરિંગ (IAEE) દ્વારા સમર્થિત એક પહેલ છે – આ પુસ્તક ૨૫ સંક્ષિપ્ત, ચિત્રાત્મક લેખોનો સંગ્રહ છે જે સરળ અને સમજી શકાય તેવી ભાષામાં સમજાવે છે કે ભૂકંપ મકાનોને કેવી રીતે અસર કરે છે અને વધુ સુરક્ષિત બાંધકામ પદ્ધતિઓ જાન-માલ બચાવવામાં કેવી રીતે મદદ કરી શકે છે. તે એન્જિનિયરિંગ ક્ષેત્રથી આગળ વધીને ભૂકંપ-સલામતીના જ્ઞાનને સમજી શકાય તેવું બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે, અને એ સ્વીકારે છે કે લોકોએ પોતાના ઘર વિશે માહિતગાર નિર્ણયો લેવા માટે વિશિષ્ટ સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ જ્ઞાનની જરૂર હોવી જોઈએ નહીં. આ અભિગમ સાથે, પ્રકાશન મકાનમાલિકો, બિલ્ડરો, કોન્ટ્રાક્ટરો, આર્કિટેક્ટ્સ, એન્જિનિયરો, વિદ્યાર્થીઓ, નીતિ નિર્માતાઓ અને ભૂકંપ દરમિયાન મકાનોને કેવી રીતે વધુ સુરક્ષિત બનાવી શકાય તે સમજવામાં રસ ધરાવતા કોઈપણ વ્યક્તિ માટે બનાવાયેલ છે.

ભૂકંપ સલામતી એવી બાબત નથી જેને માત્ર એન્જિનિયરોએ જ સમજવાની જરૂર હોય. ઘર ભૂકંપ દરમિયાન કેવી રીતે વર્તશે તે નક્કી કરતા ઘણા નિર્ણયો બાંધકામ શરૂ થાય તે પહેલાં જ લેવામાં આવે છે, એમ IITGNના ડીન ઑફ સ્ટુડન્ટ અફેર્સ, સિવિલ એન્જિનિયરિંગ વિભાગના એસોસિયેટ પ્રોફેસર અને વર્લ્ડ હાઉસિંગ એન્સાયક્લોપીડિયાની એક્ઝિક્યુટિવ કમિટીના સહ-અધ્યક્ષ પ્રોફેસર મનીષ કુમારે જણાવ્યું હતું. જો મકાનમાલિકો અને બિલ્ડરો કેટલીક મૂળભૂત બાબતો સમજે, જેમ કે ઈમારતનું માળખું સરળ અને નિયમિત રાખવું, માળખાને નબળું પાડી શકે તેવા ફેરફારો ટાળવા, યોગ્ય સામગ્રીનો ઉપયોગ કરવો અને બાંધકામની ગુણવત્તા પર ધ્યાન આપવું, તો તેઓ જરૂરી નથી કે ઘણો વધુ ખર્ચ કર્યા વિના વધુ સુરક્ષિત વિકલ્પો પસંદ કરી શકે. લોકો જે ભાષામાં સહજતા અનુભવે છે તે ભાષાઓમાં આ જ્ઞાન ઉપલબ્ધ કરાવવું આ પ્રયાસનો મહત્વપૂર્ણ ભાગ છે.

આવા સંસાધનની જરૂરિયાત ભારતમાં ખાસ કરીને નોંધપાત્ર છે, જ્યાં દેશના મોટા ભાગો ભૂકંપીય જોખમ ધરાવે છે, જેમાં હિમાલયન પ્રદેશ, ઉત્તર-પૂર્વ અને ઉત્તર તથા પશ્ચિમ ભારતના કેટલાક ભાગોનો સમાવેશ થાય છે. તે જ સમયે, ઘણા પ્રદેશોમાં લાયકાત ધરાવતા સ્ટ્રક્ચરલ એન્જિનિયરો સુધી પહોંચ મર્યાદિત રહે છે. પરિણામે, ડિઝાઈન પાલન, બાંધકામ પદ્ધતિઓ, સામગ્રી ગુણવત્તા નિયંત્રણ અને અમલીકરણમાં નોંધપાત્ર અંતર રહેલું છે. અક્ષરશઃ અનુવાદ હોવાને બદલે, હિન્દી આવૃત્તિને ભારત માટે સંદર્ભિત પણ કરવામાં આવી છે. તેનું પ્રારંભિક પ્રકરણ મૂળ પ્રકાશનના શૈક્ષણિક હેતુને જાળવી રાખીને વાચકોને દેશના ભૂકંપીય ઝોન, ઐતિહાસિક ભૂકંપ અને સ્થાનિક રીતે સંબંધિત ઉદાહરણોથી પરિચિત કરાવે છે.

બહુવિધ ભાષાઓમાં વૈજ્ઞાનિક જ્ઞાન ઉપલબ્ધ કરાવવાની અડચણો પર પ્રકાશ પાડતા, IITGNના હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સ વિભાગના લેક્ચરર પ્રો. મોહમ્મદ મુબશ્શિર અહસાન સમજાવે છે, મારો સૌથી મોટો પડકાર સરળતા અને વૈજ્ઞાનિક સચોટતા વચ્ચે સંતુલન જાળવવાનો હતો. તે જ સમયે, હું મૂળ લખાણના તકનીકી અર્થ સાથે સમાધાન કર્યા વિના સરળ, નૈસર્ગિક ઉર્દૂનો ઉપયોગ કરવા માંગતો હતો. ઉર્દૂમાં ભૂકંપ વિશે બહુ ઓછી વૈજ્ઞાનિક સામગ્રી ઉપલબ્ધ હોવાથી, મને આશા છે કે આ અનુવાદ એવા વાચકો સુધી આવશ્યક ભૂકંપ-સલામતીનું જ્ઞાન પહોંચાડવામાં મદદ કરશે જેઓ અન્યથા વંચિત રહી જાય છે કારણ કે આવી માહિતી તેમની અનુકૂળ ભાષામાં ઉપલબ્ધ નથી.

આ પુસ્તક વાચકોને ભૂકંપ દરમિયાન મકાનો શા માટે ધરાશાયી થાય છે, ભૂકંપ-પ્રતિરોધક માળખાકીય -ણાલીઓ, મજબૂત પાયો, વર્તમાન મકાનોનું રેટ્રોફિટિંગ, બાંધકામની સામાન્ય ભૂલો અને બિલ્ડિંગ રેગ્યુલેશન્સની ભૂમિકા જેવા વિષયોથી માહિતગાર કરે છે. આકૃતિઓ, ફોટોગ્રાફ્સ અને રોજિંદા ઉદાહરણો દ્વારા, તે આ વિભાવનાઓને એન્જિનિયરિંગ પૃષ્ઠભૂમિ ન ધરાવતા વાચકો માટે પણ સુલભ બનાવે છે. આ અનુવાદ પહેલ ભૂકંપ એન્જિનિયરિંગમાં IITGNના વ્યાપક કાર્ય પર આધારિત છે, જે ભૂકંપ-પ્રતિરોધક બાંધકામ, ભૂકંપીય જોખમ, ચણતરના માળખાં અને સીસ્મિક આઈસોલેશન જેવી ટેકનોલોજી પરના સંશોધનને આવરી લે છે. આ આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત શૈક્ષણિક સંસાધનને હિન્દી અને ઉર્દૂમાં ઉપલબ્ધ કરાવીને, સંસ્થા ભવિષ્યના મકાનમાલિકો દ્વારા માહિતગાર નિર્ણયો લેવા પ્રોત્સાહિત કરવાની, વધુ સુરક્ષિત બાંધકામ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવાની અને દેશભરમાં વધુ સ્થિતિસ્થાપક સમુદાયોના નિર્માણમાં યોગદાન આપવાની આશા રાખે છે.

## આહવામાં જીલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ- ૨૦૨૬ યોજાશે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

નેશનલ કાઉન્સિલ ઑફ સાયન્સ મ્યુઝિયમ્સ (NCSM), સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે ધોરણ ૬ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ (NSDF) ૨૦૨૬-૨૭ નું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નાટ્ય માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવો, વૈજ્ઞાનિક વિચારસરણીને પ્રોત્સાહન આપવું તેમજ સમાજમાંથી અંધશ્રદ્ધા દૂર કરવાનો છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ), ગાંધીનગર પ્રેરીત પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેંદ્ર-ડાંગ દ્વારા ડાંગ જિલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ-૨૬-૨૭ નું આયોજન તા. ૨૩/૦૯/૨૦૨૬ થી ૩૦/૦૯/૨૦૨૬ દરમિયાન આહવા ખાતે કરવામાં આવશે. જેમાં ભાગ લેવાં તા. ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં પ્રવેશિકા મોકલી શકશે. નાટકનો મુખ્ય વિષય (Theme) વિજ્ઞાન અને સમાજ (Science & Society) છે. નાટક પ્રસ્તુતિ ૩૦ મિનીટ અને સભ્ય સંખ્યા ૮ રહેશે. રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા ટીમને અને નાટકને રુ.૧૦૦૦ થી ૮૦૦૦ સુધીનો ઈનામ મળવા પાત્ર છે.

ડાંગ જીલ્લા કક્ષાના નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલમાં તમામ પ્રાથમિક અને માધ્યમિક, આશ્રમશાળા અને એ. મો.રે. શાળાઓને ભાગ લેવા કો-ઓર્ડીનેટર, પ્રયોશા જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર-ડાંગ, દ્વારા આવાહન કરવામાં આવે છે. તા. ૧૬/૦૯/૨૦૨૬ સુધીમાં એન્ટ્રી મોકલવાની રહેશે. વધુ જાણકારી માટે સંપર્ક

## ભારત 6G ગ્રુપમાં જોડાયું! અમેરિકા સહિત ૨૪ દેશો સાથે સહયોગ કરશે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ભારત આગામી પેઢીની મોબાઈલટેકનોલોજી-6Gનેટવર્કના વિકાસ પર કેન્દ્રિત એક મુખ્ય વૈશ્વિક પહેલમાં જોડાયું છે. ભારત હવે યુનાઈટેડ સ્ટેટ્સ સહિત ૨૪ અન્ય દેશોના જૂથનો ભાગ છે, જેનો ઉદ્દેશ્ય સુરક્ષિત, વિશ્વસનીય અને સ્પર્ધાત્મક 6Gટેકનોલોજીને આગળ વધારવાનો છે. આ પહેલ નવી ટેકનોલોજી, રોકાણો અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંગે દેશો વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકેછે.6Gનેટવર્કને ભવિષ્યના ડિજિટલ લેન્ડસ્કેપ માટે એકમહત્વપૂર્ણટેકનોલોજી માનવામાં આવે છે. તે ઝડપી ઈન્ટરનેટ ગતિ, ઝડપી ડેટા ટ્રાન્સફર અને કૃત્રિમ બુદ્ધિ જેવી ટેકનોલોજીના ઉન્નત ઉપયોગનું વચન આપે છે. આ વૈશ્વિક પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ૬ જ નેટવર્કની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો અને કોઈપણ એક ટેકનોલોજી અથવા કંપની પર વધુ પડતી નિર્ભરતા ઘટાડીને સ્પર્ધાને પ્રોત્સાહન આપવાનો છે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્યમંત્રી જિતિન પ્રસાદે યુએસ વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકને મળ્યા. બંને દેશો વચ્ચે ઝડપથી વિકસતા ટેકનોલોજી ક્ષેત્રો - જેમ કે 6G, સેમિકન્ડક્ટર, કૃત્રિમ બુદ્ધિ અને ડેટા સેન્ટર્સમાં સહયોગ પર ચર્ચા થઈ. આ બેઠકમાં ભારત સેમિકન્ડક્ટર મિશન ૨.૦ માં યુએસ રોકાણની સંભાવના પર પણ ચર્ચા થઈ. ભારતનો ઉદ્દેશ્ય વૈશ્વિક સેમિકન્ડક્ટર ઉત્પાદક કંપનીઓને દેશમાં રોકાણ કરવા આકર્ષવાનો છે, જેનાથી તેની તકનીકી ક્ષમતાઓ અને ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ક્ષેત્રને મજબૂત બનાવવામાં આવશે. કૃત્રિમ બુદ્ધિમત્તાના ક્ષેત્રમાં સહયોગ પણ ભારત અને યુએસ વચ્ચે ચર્ચાનો મુખ્ય વિષય હતો. AI ના સલામત અને જવાબદાર ઉપયોગને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. AI, સેમિકન્ડક્ટર અને ડેટા સેન્ટર જેવા ક્ષેત્રોમાં રોકાણ અને તકનીકી ભાગીદારી ભવિષ્યમાં ડિજિટલ અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.G-૨૦ ઈનોવેશન મીટિંગ દરમિયાન, ભારતે AI, સેમિકન્ડક્ટર્સ, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોબોટિક્સ જેવા ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. ભારત એવી ટેકનોલોજીના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે જેનો ઉપયોગ સ્કેલ પર થઈ શકે અને ડિજિટલ અર્થતંત્રને મજબૂત બનાવવા માટે સેવા આપી શકે.

VAPI PAGE - 5

# ઉમરગામ તાલુકા વિશેષ

Friday 11, September 2026

આપનું અખબાર : આપનો અવાજ DGT

● ઉમરગામ ● સંજાણ ● ભીલાડ ● સરીગામ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : દુકાન નં. ૨, કોમલ કોમ્પલેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની સામે, ઉમરગામ, ૯૭૨૪૦૭૦૫૭૧/૯૮૯૮૮૩૯૨૬૯

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in

## ઉમરગામ તાલુકામાં મહેસૂલી તલાટીઓને ગામોની સેજાવાર જવાબદારી સોંપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૦ :** મામલતદાર ઉમરગામ કચેરી દ્વારા તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના હુકમથી તાલુકામાં નવીન નિમણૂંક પામેલા મહેસૂલી તલાટીઓને સેજા મુજબ ગામોની ફાળવણી કરવામાં આવી છે. મહેસૂલી તલાટીઓએ તેમના જોબચાર્ટ મુજબની કામગીરી ગ્રામ પંચાયત કચેરીમાં બેસીને કરવાની રહેશે. નાગરિકોને સરળતાથી મહેસૂલી સેવાઓ મળી રહે તે માટે આ વ્યવસ્થા કરવામાં આવી છે. હુકમ મુજબ મહેસૂલી તલાટીઓએ તેમને ફાળવાયેલા ગામમાં નક્કી કરેલા દિવસે હાજર રહેવાનું રહેશે. તેમજ ગ્રામ પંચાયત કચેરીમાં જનતાને દેખાય તેવી જગ્યાએ તેમનું નામ અને માહિતી દર્શાવતું બોર્ડ/સ્ટીકર લગાવવાનું રહેશે. નાગરિકોને સમયસર સેવા આપવા ખાસ સૂચના મામલતદારના હુકમમાં મહેસૂલી તલાટીઓને નક્કી કરેલા જોબચાર્ટ મુજબ કામગીરી કરવા અને નાગરિકોને કોઈ મુશ્કેલી ન પડે તેની પૂરતી તકેદારી રાખવા જણાવાયું છે.

સંબંધિત તલાટીએ પંચાયત તલાટી-કમ-મંત્રી પાસેથી પોતાની કામગીરીનું રેકર્ડ અદ્યતન કરાવી ચાર્જ મેળવવાનો રહેશે.

હાલમાં તમામ સેજાઓ ઉપર કાયમી નિમણૂક પૂર્ણ થઈ ન હોવાથી કેટલીક સેજાઓનો ચાર્જ આપવામાં આવ્યો છે. નવી નિમણૂંક થતાં સંબંધિત કામગીરી નવા કર્મચારીને સોંપવામાં આવશે.

હાલ અલગ ફર્નિચરની વ્યવસ્થા શક્ય ન હોવાથી ગ્રામ પંચાયત કચેરીમાં ઉપલબ્ધ બેઠક વ્યવસ્થાનો ઉપયોગ કરી મહેસૂલી તલાટી તથા પંચાયત તલાટી-કમ-મંત્રીએ સંકલનથી કામગીરી કરવાની રહેશે. એક જ સ્થળે રેકર્ડ અને માહિતી ઉપલબ્ધ રહેતાં ગ્રામજનોના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવામાં મદદ મળશે. મામલતદાર ઉમરગામ શ્રી એચ. એચ. કાકલોતરે હુકમની તાત્કાલિક અમલવારી કરવા સંબંધિત કર્મચારીઓને સૂચના આપી છે. તાલુકા વિકાસ અધિકારી તથા સંબંધિત પંચાયત તલાટી-કમ-મંત્રીઓને પણ જરૂરી કાર્યવાહી માટે હુકમની નકલ મોકલવામાં આવી છે.

### સેજા, તલાટી અને ગામોની સંપૂર્ણ વિગતો

● **સરીગામ સેજા** - મહેસૂલી તલાટી : ગોપાલ અરસીભાઈ કરંગીયા, મોબાઈલ : ૯૩૫૮૭૧૫૦૦૫, ગામો : સરીગામ, આણગામ, હાજરી : સોમવાર ● **માંડા સેજા** - મહેસૂલી તલાટી : હિમાલય ટી. સોરઠિયા, મોબાઈલ : ૯૮૨૫૬૭૭૫૬૮, ગામો : માંડા, મમકવાડા, સરઈ, માણેકપુર, હાજરી : મંગળવાર ● **ખતલવાડા સેજા** - ગામો : ખતલવાડા, માલખેત, નગામ, હાજરી : સોમવાર ● **પાલી કરમબેલી સેજા** - ગામો : પાલી કરમબેલી, પાલી, કાલઈ, હાજરી : મંગળવાર ● **વલવાડા સેજા** - ગામોં વલવાડા, બોરીગામ, બોરલાઈ, કચીગામ, અચ્છારી, હાજરી : બુધવાર ● **સજાણ સેજા** - મહેસૂલી તલાટી દિપેન કાંતિલાલ, મોબાઈલૅ ૯૭૩૭૯૪૪૨૯૯, ગામો સજાણ, ટભી, પળગામ, હાજરૌ ગુરુવાર ● **સોળસુંબા સેજા** - મહેસૂલી તલાટી ધ્રુવિન નાથાભાઈ સાવલિયા મોબાઈલ ૯૦૧૬૫૪૬૨૪૬, ગામોં સોળસુંબા, ભાઠી કરમબેલી, કુમરણ, હાજરૌ શુક્રવાર ● **ઉમરગામ સેજા** - મહેસૂલી તલાટી સંદિપકુમાર અશોકભાઈ મોવડીયા, મોબાઈલ ૭૪૦૫૫૩૨૫૪૯, ગામ ઉમરગામ કસ્બા, હાજરી શનિવાર ● **મરલી સેજા** - ગામોં મરોલી, તકગામ, હાજરી સોમવાર ● **નારગોલ સેજા** - ગામો નારગોલ, આહુ, સરોંડા, હાજરી મંગળવાર ● **ફણસા સેજા** - મહેસૂલી તલાટી બિપિનભાઈ એન. ઢોલા, ગામો ફણસા, મોહન, પુનાટ, જંબુરી, હાજરી બુધવાર ● **કરમબેલી સેજા** - ગામો કરમબેલી, એકલારા, નાહુલી, હાજરી ગુરુવાર ● **ધનોલી સેજા** - મહેસૂલી તલાટી વિપુલ પી. ચાવડા, મોબાઈલૅ ૯૯૨૪૪૦૭૮૧૪, ગામોં ધનોલી, તલવાડા, નંદીગામ, હાજરી શુક્રવાર ● **ઝરોલી સેજા** - ગામો ઝરોલી, અકલાછ, હાજરી શનિવાર ● **ભીલાડ સેજા** - ગામો ભીલાડ, કહેલી, હાજરી સોમવાર

## સંજાણ હુમરણને જોડતો પુલના સુપર સ્ટ્રક્ચર માટે રૂા. ૯ કરોડ મંજૂર

**ઉમરગામમાં રેકોર્ડ બ્રેક ૪૨ ઈંચ વરસાદથી પુલના મધ્ય ભાગના બે સ્પાન ગર્ડર તૂટી ગયા હતા**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૦ :** મરોલી કલગામ ફણસામાં દરિયાઈ ધોવાણ અટકાવવા પ્રોટેક્શન વોલ માટે સરકારે મંજૂરી આપી તાલુકાના સંજાણ અને હુમરણને જોડતા પુલના સુપર સ્ટ્રક્ચર માટે સરકારે રૂપિયા ૯ કરોડ મંજૂર કર્યા છે. આ ઉપરાંત દરિયાઈ ધોવાણ અટકાવવા માટે મરોલી, કલગામ અને ફણસા ખાતે પ્રોટેક્શન વોલ બનાવવા માટે પણ મંજૂરી આપવામાં આવી છે. આ કાર્યો બદલ ધારાસભ્ય પાટકરે મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો છે. રમણભાઈ ધારાસભ્ય રમણ પાટકરે જણાવ્યું હતું કે ગત ૨૨ અને ૨૩ જુલાઈના રોજ ઉમરગામ તાલુકામાં રેકોર્ડબ્રેક ૪૨ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જેના કારણે વારોલી નદી પરનો પુલ ક્ષતિગ્રસ્ત થયો હતો. પુલના મધ્ય ભાગના બે સ્પાન ગર્ડર પાણીના પ્રવાહમાં તૂટી જતા લોકોની અવરજવર બંધ છે અને નાગરિકોએ લાંબો ચકરાવો કાપવો પડી રહ્યો છે.

### માજી સરપંચ ડાયાભાઈ પટેલે જીપીસીબીને કરેલી લેખિત રજૂઆત

## દારોઠા નદીમાં કેમિકલયુક્ત પ્રદૂષિત પાણી છોડાતા સ્થાનિકોમાં ભારે વિરોધ

### ગણેશ વિસર્જન પૂર્વે નદીનું પાણી ઝેરી બનવાની ભીતિ સામે આવતા ભિલોસા ઈન્ડસ્ટ્રીઝ સામે કડક કાર્યવાહી અને પાણીના સેમ્પલ લેવાની કરેલી માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૦ :** ઉમરગામ તાલુકાના પૂર્વ વિસ્તારની જીવાદોરી સમાન દારોઠા નદીમાં સેલવાસના નરોલી સ્થિત કેમિકલ અને ઔદ્યોગિક એકમ દ્વારા કાળું, દુર્ગંધયુક્ત અને રસાયણયુક્ત પાણી છોડવામાં આવતું હોવાની ગંભીર ફરિયાદ ઉઠી છે. ભિલાડ ગ્રામ પંચાયતના માજી સરપંચ ડાહ્યાભાઈ ગમનભાઈ ધોડી દ્વારા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સરીગામ પ્રાદેશિક કચેરી ખાતે આ અંગે લેખિત રજૂઆત કરી તાત્કાલિક તપાસની માંગ કરવામાં આવી છે.

ડાહ્યાભાઈ પટેલે આપેલી લેખિત ફરિયાદમાં સિલવાસાના નરોલી વિસ્તારમાં આવેલી મેસર્સ ભિલોસા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિમિટેડ દ્વારા કુદરતી વહેણ મારફતે કેમિકલયુક્ત પાણી દારોઠા નદીમાં ઠાલવવામાં આવી રહ્યું હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ દૂષિત પાણી ઉમરગામ તાલુકાના નગવાસ, ઝરોલી, ભિલાડ એકલહેર, ઝંબોરી સહિતના સરહદી ગામો સુધી પહોંચી રહ્યું છે, જેનાથી સ્થાનિક પર્યાવરણ, ભૂગર્ભજળ અને લોકોના આરોગ્ય સામે મોટો ખતરો ઉભો થયો છે. આગામી ૧૪ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહેલા ગણેશ ઉત્સવ દરમિયાન સ્થાનિક શ્રદ્ધાળુઓ દ્વારા દારોઠા નદીમાં ગણેશ મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવે છે. જો નદીનું પાણી કેમિકલયુક્ત રહેશે તો વિસર્જન વખતે બાળકો, મહિલાઓ અને ગ્રામજનો પ્રદૂષિત પાણીના સીધા સંપર્કમાં આવતા ચામડી તેમજ અન્ય ગંભીર બીમારીઓનો ભોગ બની શકે છે. જેથી માજી સરપંચે માંગ કરી છે કે જીપીસીબી અને સરકારી અધિકારીઓની ટીમ તાત્કાલિક દારોઠા નદીની મુલાકાત લેવામાં આવે તેમજ નદીના ઉપરવટ અને નદીના નીચાણવાળા ભાગેથી પાણીના સીલબંધ સેમ્પલ લેવામાં આવે. આ ઉપરાંત આજુબાજુના બોરવેલ, કૂવા અને ખેતીની જમીનના પણ નમૂના એકત્રિત કરી વૈજ્ઞાનિક તપાસ કરવામાં આવે અને જો પાણીમાં પ્રદૂષણ જણાય તો ગણેશ વિસર્જન માટે વૈકલ્પિક વ્યવસ્થા અને ચેતવણી બોર્ડ મુકવામાં આવે. આ ગંભીર મામલે માજી સરપંચ ડાયાભાઈ પટેલે બરોડા રિજનલ ડાયરેક્ટર, વલસાડ જિલ્લા કલેક્ટર અને દાદરા નગર હવેલી કલેક્ટરને પણ નકલ રવાના કરી જવાબદાર કંપની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરાઈ છે.

## ઉમરગામ તાલુકાની ગ્રા.પં.ના વિકાસ કામોને લઈ ધારાસભ્યને રજુઆત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૦ :** ઉમરગામ તાલુકાની તમામ ગ્રામ પંચાયતોમાં વિકાસલક્ષી કામો તેમજ ગ્રામજનોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ૧૬મા નાણાપંચની માર્ગદર્શિકામાં જરૂરી સુધારા અને ફેરફાર કરવામાં આવે તેવી માંગ સાથે ઉમરગામ તાલુકા સરપંચ સંઘ દ્વારા ધારાસભ્ય રમણલાલ પાટકરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ ૧૬મા નાણાપંચની હાલની ગાઈડલાઈનને કારણે ગ્રામ પંચાયતો દ્વારા પાણીના બોર, મોટર, જાહેર શૌચાલય તેમજ અનટાઈડ ગ્રાન્ટ હેઠળ રિપેરિંગ સહિતના કેટલાક જરૂરી વિકાસલક્ષી કામો હાથ ધરવામાં મુશ્કેલી પડી રહી છે.

સરપંચ સંઘે માંગ કરી છે કે અગાઉના ૧૫મા નાણાંપંચમાં અમલમાં રહેલી માર્ગદર્શિકા મુજબની જોગવાઈઓને ૧૬મા નાણાપંચમાં પણ લાગુ કરવામાં આવે, જેથી ગ્રામ પંચાયતોને સ્થાનિક જરૂરિયાત મુજબના વિકાસ કામો હાથ ધરવામાં સરળતા રહે અને ગ્રામજનોને વધુ સારી સુવિધાઓ મળી શકે. ઉમરગામ તાલુકાના તમામ સરપંચો વતી કરવામાં આવેલી આ રજૂઆતમાં ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા હકારાત્મક નિર્ણય લેવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

## સરીગામમાં આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૦ :** કોરોમંડલ ઈન્ટરનેશનલ પ્રા. લિ. કંપનીના CSR ફંડ દ્વારા સરીગામના ભંડારવાડ ફળિયા-ડુંગરી ફળિયા ખાતે નિર્માણ પામેલા આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ સરીગામ જિલ્લા પંચાયત સદસ્ય નૂતનબેન ભંડારીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. લોકાર્પણ કાર્યક્રમમાં કંપનીના હ્યુ હેડ વિનિત પાંડે, કમલેશ પ્રજાપતિ, સંજય સર, ઉમરગામ તાલુકા પંચાયતના વિપક્ષના નેતા રાકેશ રાય, મનોજ કડુ, આશિષ આહિર, જીતેન્દ્ર ભંડારી, દેવરાજ ભટ્ટ, વિનોદ ઠાકુર, નિરજ રાય, બાબુ પાગી સહિત મોટી સંખ્યામાં આંગણવાડી કાર્યકરો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

સરીગામમાં હ્યુના સહયોગથી આંગણવાડી કેન્દ્રનું નિર્માણ થતા બાળકોને વધુ સારી અને સુવિધાસભર શૈક્ષણિક માહોલ મળી રહેશે. વિકાસલક્ષી કામગીરી બદલ ગ્રામજનોએ આનંદ વ્યક્ત કરી કંપનીનો આભાર માન્યો હતો.

## ઉમરગામમાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૦ :** ઉમરગામ શહેર ભાજપ પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલા, ઉમરગામ નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ, પ્રભારી પરેશભાઈ, ઉપપ્રમુખ યોગેશભાઈ આરોગ્ય સમિતિ ચેરમેન સમીરભાઈ કંસારા, તાલુકા વિકાસ અધિકારી સહિત ભાજપના હોદ્દેદારો કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતાં.

ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં સ્વચ્છતા ત્યાં પ્રભુતાના સૂત્ર અને અનુસરી ભાજપ દ્વારા નગરપાલિકા સાથે મળી વોર્ડ નંબર ૬ ગાંધીવાડી વિસ્તારમાં સફાઈ અભિયાન શરૂ કરાયું હતું. શહેર ભાજપ સંગઠન ચૂંટાયેલા પ્રતિનિધિઓ, પોલીસ જવાનો, જાગૃત આગેવાનોની ઉપસ્થિતિમાં સફાઈ અભિયાનનો પ્રારંભ કરાયો હતો. ઉપસ્થિત સૌનું સ્વાગત કર્યા બાદ ધારાસભ્ય રમણભાઈ પાટકરે પ્રાસંગિક ઉદ્બોધનમાં વર્ષ ૨૦૧૪માં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છ ભારત અભિયાન શરૂ કરી દેશમાં લોકોને સ્વચ્છતા અંગે જાગૃત કરવા પહેલ કરી હતી જે આજે બાર વર્ષ પછી સમગ્ર દેશમાં તેનું પરિણામ જોવા મળી રહ્યું છે લોકો સ્વચ્છતા અંગે જાગૃત બન્યા છે. આરોગ્ય ક્ષેત્રે પણ તેના લાભ મળી રહ્યા છે. અગાઉની તુલનામાં સ્વચ્છતાને કારણે માંદગીમાં ઘટાડો જોવા મળે છે. દરેક નાગરિકે ઘર, ફળીયું, ગામમાં સ્વચ્છતા રહે તે માટે યોગદાન આપી અભિયાનમાં સહભાગી થવું જોઈએ તેમ અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌનો નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવે આભાર પ્રગટ કર્યો હતો. ઉમરગામ નગરપાલિકા સીએચસી ખાતેથી સફાઈ અભિયાનનો પ્રારંભ કરાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ધારાસભ્ય રમણભાઈ પાટકરના માર્ગદર્શન અને નેતૃત્વમાં તાલુકા વિસ્તારમાં વિવિધ ગ્રામ પંચાયતોમાં સફાઈ અભિયાન અંતર્ગત સફાઈ કામગીરી શરૂ કરાઈ છે. પ્રથમ ફણસા ગ્રામ પંચાયત અને ત્યારબાદ માંડા ગામ પંચાયત અને હવે પછીના રવિવારે ખત ખતલવાડ ગ્રામ પંચાયત કચેરી ખાતે સફાઈ અભિયાન શરૂ કરાશે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સ્વચ્છતા ત્યાં પ્રભુતાનું સૂત્ર દેશવાસીઓને આપ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત દેશમાં સ્વચ્છતા અંગે જાગૃતતા લાવવા મિશન મોડમાં કાર્યક્રમ શરૂ કર્યો હતો. જે આજે પણ વિવિધ સમાજો અગ્રણીઓ ઉદ્યોગકારો દ્વારા થઈ રહ્યો છે.

## ભિલાડ ITIમાં કોરોમંડલ દ્વારા ૧૦૫ હાઈજીન કિટનું વિતરણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૦ :** કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR) અંતર્ગત સામુદાયિક સ્વાસ્થ્ય અને મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવાના હેતુથી કોરોમંડલ ઈન્ટરનેશનલ લિમિટેડ (સરીગામ યુનિટ) દ્વારા ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI), ભિલાડ ખાતે વિશેષ સ્વાસ્થ્ય અને સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલ અંતર્ગત ITI ભિલાડની ૯૯ તાલીમાર્થી વિદ્યાર્થીનીઓ અને ૬ મહિલા સ્ટાફ સભ્યોને કુલ ૧૦૫ હાઈજીન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. દરેક કિટમાં બેગ, સેનિટાઈઝર, સેનિટરી પેડ, પાઉચ, સ્ટીલની પાણીની બોટલ, માસ્ક અને નેલ કટર સહિત રોજિંદા ઉપયોગની આવશ્યક સામગ્રી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન કોરોમંડલના CSR પ્રતિનિધિઓ વિનીત પાંડે અને સાક્ષી સિંહે વિદ્યાર્થીનીઓ સાથે સંવાદ સાધ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વ્યક્તિગત સ્વચ્છતા યુવતીઓના સ્વાસ્થ્ય, આત્મવિશ્વાસ અને નિયમિત શૈક્ષણિક હાજરી માટે અત્યંત મહત્વપૂર્ણ છે. તાલીમાર્થી વિદ્યાર્થીનીઓ આરોગ્ય સંબંધિત મુશ્કેલીઓ વિના પોતાના કૌશલ્ય વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે તેવા હેતુથી આ સહયોગ આપવામાં આવ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. ITI ભિલાડના સંચાલકોએ કોરોમંડલ ઈન્ટરનેશનલ લિમિટેડના આ સંવેદનશીલ અને પ્રશંસનીય CSR પ્રયાસ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આવા સહયોગથી વિદ્યાર્થીનીઓનું મનોબળ વધવાની સાથે તેમને સ્વસ્થ અને સુરક્ષિત વાતાવરણમાં તાલીમ મેળવવા પ્રેરણા મળે છે તેમ જણાવ્યું હતું.આ પ્રસંગે ITI ભિલાડના આચાર્ય, પ્રશિક્ષકો, કોરોમંડલની CSR ટીમ તથા મોટી સંખ્યામાં તાલીમાર્થી વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઝરોલીમાં મંજૂર થયેલા માર્ગો તથા આંગણવાડી મકાનનું ખાતમુહૂર્ત કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૦ :** ઉમરગામ તાલુકાના ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોને મુખ્ય માર્ગો સાથે વધુ સુગમ રીતે જોડવા માટે માર્ગોના નવીનીકરણની માંગને ધ્યાને લઈ ધારાસભ્ય રમણભાઈ પાટકર દ્વારા સરકાર સમક્ષ દરખાસ્ત કરવામાં આવી હતી.

જેને અનુસંધાને મંજૂર થયેલા વિવિધ માર્ગોના નવીનીકરણના કામોને હવે ગતિ મળવા જઈ રહી છે. આ અંતર્ગત ઝરોલી ખાતે મંજૂર થયેલા માર્ગોના નવીનીકરણ તેમજ આંગણવાડીના નવા મકાનના બાંધકામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ વાલવી, વિવિધ ગામોના સરપંચો, સ્થાનિક આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

અંતરિયાળ વિસ્તારોમાં માર્ગ સુવિધા વધુ સુદૃઢ બનવાથી ગ્રામજનોને અવરજવર, શિક્ષણ, આરોગ્ય સહિતની સેવાઓ મેળવવામાં સરળતા રહેશે. સાથે જ આંગણવાડીના નવા મકાનથી નાના બાળકોને વધુ સુવિધાયુક્ત વાતાવરણમાં પ્રાથમિક શિક્ષણ અને પોષણલક્ષી સેવાઓ મળી રહેશે.

## ઉમરગામની મોટી ગ્રામ પંચાયતોમાં ભૂગર્ભ ગટર યોજના માટે રજૂઆત ફળી



**ધારાસભ્ય રમણભાઈ પાટકરની રજૂઆત બાદ -ભારીમંત્રી નરેશભાઈએ ઝઝબ્ને ઝડપથી કામગીરી કરવા સૂચના આપી**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૦ :** સંજાણ, સરીગામ, ખતલવાડ, સોળસુબા સહિત ઉમરગામ તાલુકાની મોટી ગ્રામ પંચાયતોમાં ભૂગર્ભ ગટર યોજનાનો લાભ મળે તે માટે ધારાસભ્ય રમણભાઈ પાટકર દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પ્રભારીમંત્રી નરેશભાઈ સમક્ષ ભારપૂર્વક રજૂઆત કરાઈ હતી. રજૂઆતને પગલે પ્રભારીમંત્રીએ ગાંધીનગરથી જિલ્લા વિકાસ અધિકારીનો ટેલિફોનિક સંપર્ક કરી ઝડપથી કામગીરી હાથ ધરવા સૂચના આપી હતી. ધારાસભ્યના જણાવ્યા મુજબ DDO કક્ષાએ એજન્સી નક્કી કરી કામગીરી સોંપવાની પ્રક્રિયા શરૂ થઈ છે અને ટૂંક સમયમાં કામ શરૂ થશે.

તાલુકાની આશરે ૭ મોટી ગ્રામ પંચાયતોમાં ૧.૫૦ લાખથી વધુ લોકોને ભૂગર્ભ ગટર સુવિધાનો લાભ મળવાની શક્યતા છે.

## સરીગામ લક્ષ્મી ઈન્ટરનેશનલ શાળાની વિદ્યાર્થીની કલાકારચિત્ર સ્પર્ધામાં પ્રથમ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૦ :** ઉમરગામ તાલુકાના સરીગામ ખાતે આવેલ શૈક્ષણિક ક્ષેત્રે કાર્યરત શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા સંચાલિત લક્ષ્મી ઈન્ટરનેશનલ શાળાની વિદ્યાર્થીની ગ્રીષ્મા છેડા વાપી ખાતે આવેલ એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ શાળા ખાતે કલાકારચિત્ર-૨૦૨ૅ ઈન્ટર શાળા પેઈન્ટિંગ અને પોસ્ટર સ્પર્ધાયોજાઈ હતી. જેમાં વલસાડ જિલ્લાનાની ૧૮ શાળાના કુલ ૧૦૮ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમાં ધોરણ-૧૧ અને ૧૨ની સ્પર્ધામાં ગ્રીષ્મા છેડાનો પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો હતો. ઈનામ રૂપે ૧૫૦૦ રૂપિયા રોકડ ઈનામ, ટ્રોફી અને પ્રમાણપત્ર પણ મળ્યું હતું. ગ્રીષ્મા છેડા પોતાનો ઉત્સાહ, ધગશ, અથાગ પરિશ્રમ થકી અને શાળાના ડ્રોઈંગ વિભાગના શિક્ષકોના યોગ્ય માર્ગદર્શન હેઠળ કલાકારચિત્ર - ૨૦૨૬ ઈન્ટર શાળા પેઈન્ટિંગ અને પોસ્ટર સ્પર્ધા પ્રથમ ક્રમાંક લાવી શાળાનું નામ રોશન કરવામાં આવતા ખુશીની લાગણી શાળા પરિસરમાં પ્રસરી હતી. ગ્રીષ્મા છેડા પ્રથમ ક્રમાંક મેળવવા બદલ ગજેરા ટ્રસ્ટના પ્રેસિડેન્ટ વસંતભાઈ ગજેરા તથા શાળાના આચાર્ય પ્રવીણ પવાર અને લક્ષ્મી શાળા પરિવાર તરફથી સ્નેહભર્યા અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

## રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા શિક્ષકોનું સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૦ :** રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા ફણસા સ્થિત ટાટા વાડિયા ઈન્સ્ટિટ્યૂટ ખાતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષક દિન નિમિત્તે રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા ચાર શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષકોના નિષ્ઠાપૂર્વકના કાર્ય અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં તેમના યોગદાનની પ્રશંસા કરવામાં આવી હતી. આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ સરીગામના માજી પ્રમુખ તથા હોસ્પિટલ ટ્રસ્ટના સેક્રેટરી વિરેન્દ્ર ગુરુજીનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા સમાજના વિવિધ વર્ગો માટે કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓ અંતર્ગત આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શિક્ષકોના યોગદાનને બિરદાવવાનો તેમજ દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે કાર્યરત સંસ્થાઓ અને શિક્ષકોને પ્રોત્સાહન આપવાનો હતો.

આ પ્રસંગે રોટરી પ્રમુખ રો.રેશમા રાવ, સેક્રેટરી રો.જૈવીક પટેલ તથા રોટરી ક્લબ ઓફ સરીગામ ના સભ્યો હાજર રહ્યા હતાં.

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES



દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Friday 11, September 2026


## મોદીનો જેન-ઝીથી સંવાદ : ઉજ્જવળ ભાવિનો વાયદો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એક દિવસની ગુજરાત મુલાકાત એ વાતનો સ્પષ્ટ સંકેત છે કે, જેન-ઝી આંદોલન, રાહુલ ગાંધી સહિત વિરોધ પક્ષોના આક્રમક અપ-ચાર છતાં સરકાર પોતાની કાર્યનીતિ અને લાંબાગાળાના કાર્યક્રમોના નિર્ધારિત અમલની દિશામાં મક્કમતાથી આગળ ધપી રહી છે. મોદીએ વડોદરામાં ૩૫ હજાર કરોડનાં વિકાસકામોનાં ઉદ્ઘાટન-ખાતમુહૂર્ત કર્યાં. એ દરમ્યાન હજારો યુવાઓને સંબોધીને દેશની નીતિ, કાર્યક્રમો અને જનરેશન નેકસ્ટના ઉજ્જવળ ભાવિ માટેના કાર્યક્રમોથી માહિતગાર કર્યા. ઉપરાંત વિરોધ પક્ષો પર પ્રહાર કર્યા. તેમણે રાહુલ ગાંધીનો નામોલ્લેખ કર્યા વિના છાત્રો કી ગુંજ અભિયાન પર વળતો પ્રહાર કર્યો અને કહ્યું કે, ગુજરાત અને દેશનો યુવા જૂઠ કી ગુંજથી ભ્રમિત નહીં થાય, બલ્કે સત્યના રણટંકાર પર ચાલશે. તેમણે વિરોધ પક્ષની સરખામણી લગ્ન જેવા પ્રસંગોમાં નાની-નાની વાતમાં ખામી ગોતતા વાંકદેખા ફુફાજી સાથે કરીને ચીંટિયો ભર્યો છે. અહીં એ નોંધનીય છે કે, નરેન્દ્રભાઇ ગુજરાતની ધરતીના સપૂત છે. મુખ્યમંત્રી પદે લાંબો કાર્યકાળ ભોગવીને વહીવટના પાઠ પાકા કરીને દેશની ધુરા સંભાળવા નવી દિલ્હી ગયા છે. ગુજરાતની ધરતી, અહીંના લોકોનો અસીમ પ્રેમ તેમને નવો આત્મવિશ્વાસ પ્રદાન કરતો હોય એવી તેમની શારીરિક ભાષા વર્તાતી હતી. નવી દિલ્હીના જંતરમંતર પરના જેન-ઝી આંદોલન પછી વડાપ્રધાન યુવા ઉન્મુખ બન્યા છે. વડોદરા કાર્યક્રમ માટે પહેલીવાર ક્યુઆર કોડથી પ્રિ-રજિસ્ટ્રેશન સિસ્ટમ રાખવામાં આવી અને હજારો યુવાઓ ઊમટી પડયા. નમો ફોર વિકસિત ભારત કાર્યક્રમનાં કેન્દ્રમાં યુવાનો જ હતા. તેમણે કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઇ) ડેટા સેન્ટર, ઇલેક્ટ્રિક ઇકો સિસ્ટમ અને સૌર ઊર્જા જેવા આધુનિક વિષયો પર વિસ્તારથી વાત કરી. રેલવે માર્ગ પરિયોજના સહિતનાં કામોનો ઉલ્લેખ કરતાં મોદીએ કહ્યું કે, ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર દેશમાં છેલ્લા ૧૨ વર્ષમાં બદલાયેલી કાર્યસંસ્કૃતિનું પ્રમાણ છે, તેનાથી દેશના વેપાર-ઉદ્યોગ જગતથી લઇને ખેડૂતોને પણ જબ્બર ફાયદો થશે. ભારત ચિપથી લઇને શિપ (જહાજ) સુધીનાં નિર્માણની ગાથા આલેખી રહ્યું છે, એવા તેમના વિધાનમાં આત્મનિર્ભર ભારતનો રણકો સંભળાય છે. વડોદરાની એમએસ યુનિવર્સિટીનાં મેદાનમાં આયોજિત જેન-ઝી સાથેના સંવાદ કાર્યક્રમમાં મોદી વાય અક્ષર જેવા રેમ્પ પર ચાલીને યુવાનો વચ્ચે પહોંચ્યા હતા. એ સમયે વી વિલ રોક યુ અને ધુરંધરનાં ગીત આરી....આરીએ અનોખો માહોલ રચ્યો હતો. બદલાતી દુનિયાનો હવાલો આપીને મોદીએ યુવા પેઢીને ટેકનોલોજી અને ખાસ તો એઆઇમાં પારંગત બનવાની સલાહ આપી છે. તેમનું કહેવું સાચું છે કે, એઆઇ શીખવવાની જરૂરત ફક્ત આઇ.ટી. ક્ષેત્રમાં જ હોય એવું નથી. ખેતી, આરોગ્ય, મેન્યુફેક્ચરિંગ, એડિટિંગ, લેખન અને બધા માટે ઉપયોગી છે. વડાપ્રધાને ગુજરાત ઉપરાંત મુંબઇમાં ગ્લોબલ ફિનટેક ફેસ્ટ ખાતે આયોજિત વૈશ્વિક સંમેલનનું ઉદ્ઘાટન કર્યું. જાપાનની એક રેટિંગ એજન્સીએ ભારતીય અર્થતંત્રનું સોવરેન રેટિંગ એ કક્ષામાં અપગ્રેડ કર્યું તેના ઉલ્લેખ સાથે વડાપ્રધાને કહ્યું કે, ભારતની પ્રગતિ દુનિયાને નવા વિશ્વાસનું સિંચન કરી રહી છે. થોડા મહિનાઓમાં ઉત્તરપ્રદેશ, પંજાબ જેવાં રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી આવી રહી છે. ગુજરાતમાંય એક વર્ષ માંડ બાકી છે, ત્યારે મોદી વ્યૂહાત્મક રીતે જનતાનો ભરોસો અકબંધ રાખવા પ્રયત્નશીલ છે. એ જ રીતે જેન-ઝીને પાંખમાં લેવાનોય હેતુ છે. લોકોનો એવો વિશ્વાસ પ્રસ્થાપિત કરવા માગે છે કે, વૈશ્વિક અસ્થિરતાના દોરમાં દેશનું નેતૃત્વ મજબૂત હાથોમાં સુરક્ષિત છે.

### વડાપ્રધાને પેરિસમાં ચાલી રહેલી ઈન્ટરનેશનલ સ્પેસ સમિટને વર્ચ્યુઅલી સંબોધિત કરી

# ૨૦૩૫ સુધીમાં સ્પેસ સ્ટેશન, ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર ભારતીય : મોદી



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે પેરિસમાં ચાલી રહેલી ઈન્ટરનેશનલ સ્પેસ સમિટ (International Space Summit)ને વર્ચ્યુઅલી સંબોધિત કરી હતી. પોતાના સંબોધનની શરૂઆતમાં વડાપ્રધાન મોદીએ આ સમિટમાં આમંત્રણ આપવા બદલ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોંનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે, સદીઓથી અવકાશ (અંતરિક્ષ/સ્પેસ) આપણી કલ્પનાઓને પ્રેરિત કરતું આવ્યું છે અને આજે તે પૃથ્વી પર જીવ બચાવવામાં પણ મદદરૂપ બની રહ્યું છે. તેમણે કહ્યું કે, "અંતરિક્ષની સંભાવનાઓ અમર્યાદિત છે. આપણી જવાબદારી સામૂહિક છે."

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, "ભારતનો અભિગમ 'વસુધૈવ કુટુંબકમ' પર આધારિત છે, એટલે કે 'એક પૃથ્વી, એક પરિવાર અને એક ભવિષ્ય'. આ ભાવના પૃથ્વીની બહારના અંતરિક્ષ ક્ષેત્રમાં પણ પહોંચવી જોઈએ. અમે આંતરરાષ્ટ્રીય કાયદા પર આધારિત એક સુરક્ષિત અને ટકાઉ અંતરિક્ષ ક્ષેત્રનું સમર્થન કરીએ છીએ." તેમણે વધુમાં કહ્યું કે, "વૈજ્ઞાનિક ડેટાનો ઉપયોગ ઈમાનદારી સાથે એક સહિયારા લક્ષ્ય માટે કરવો જોઈએ. ભારતની અંતરિક્ષ યાત્રા (અવકાશ યાત્રા) પણ આ વિચારને પ્રતિબિંબિત કરે છે." પીએમ મોદીએ ભારતીય સ્પેસ એજન્સી ઈસરો (ISRO)ની પણ પ્રશંસા કરી હતી.

તેમણે કહ્યું કે, "ઈસરો (ISRO)ની ટેક્નોલોજી અને પાર્ટનરશિપ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ આખી દુનિયા માટે ઉપયોગી થાય છે. આ વૈશ્વિક વિશ્વાસ પાછળ ભારતીય વૈજ્ઞાનિકો, એન્જિનિયરો અને ટેક્નિશિયનોની અનેક પેઢીઓની મહેનત અને સમર્પણ છે. દિવસ-રાત કામ કરીને તેમણે ઈસરોની સાખ બનાવી છે."

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ટરનેશનલ સ્પેસ સમિટ દરમિયાન ભારતના અંતરિક્ષ મિશન (સ્પેસ મિશન) વિશે પણ દુનિયાને જણાવ્યું. તેમણે કહ્યું કે, "ચંદ્રયાન-૩એ ભારતને ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક સફળતાપૂર્વક ઉતરનાર પ્રથમ દેશ બનાવ્યો. આદિત્ય-એલ૧ સૂર્યના રહસ્યોનો અભ્યાસ (સ્ટડી) કરી રહ્યું છે. ગયા વર્ષે એક ભારતીય અંતરિક્ષયાત્રીએ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનની મુલાકાત લીધી હતી." ભારતની અંતરિક્ષ યાત્રાના ભવિષ્ય વિશે વાત કરતાં પીએમ મોદીએ કહ્યું કે, "આગળની વાત કરીએ તો અમારું લક્ષ્ય ૨૦૩૫ સુધીમાં ભારતીય અંતરિક્ષ સ્ટેશન (ભારતીય સ્પેસ સ્ટેશન) સ્થાપિત કરવાનું અને ૨૦૪૦ સુધીમાં કોઈ ભારતીયને ચંદ્ર પર મોકલવાનું છે."

# BRICS સમિટ: ૭ વર્ષ બાદ ભારત આવશે શી જિનપિંગ

**૧૨ સપ્ટેમ્બરે મોદી સાથે દ્વિપક્ષીય બેઠકની શક્યતા છે : ગલવાન સંઘર્ષ બાદ આ પ્રથમ મુલાકાત : દિલ્હીમાં ૩૦,૦૦૦ સુરક્ષાકર્મીઓ તૈનાત કરાયા**

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૦

ગલવાન સંઘર્ષ બાદ ભારત અને ચીન વચ્ચેના સંબંધો વચ્ચે જે તિરાડ પડી હતી તે બાદ હવે બ્રિક્સ સમિટમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિમંત્રણ પર ચીનના પ્રમુખ શી જિનપિંગ સાત વર્ષ પછી ભારતની મુલાકાતે આવી રહ્યા છે. ચીનના વિદેશ મંત્રાલયે આજે સત્તાવાર જાહેરાત કરી છે કે શી જિનપિંગ ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં યોજાનારી ૧૮મી BRICS સમિટમાં ભાગ લેશે.

આટલું જ નહીં બ્રિક્સ સમિટની સાથે ૧૨ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ચીનના પ્રમુખ વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાય તેવી પણ પ્રબળ શક્યતાઓ છે. નોંધનીય છે કે આ અગાઉ કિર્ગિસ્તાનમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટ દરમિયાન બંને દેશના વડાઓએ મંચ શેર કરીને હાથ મિલાવ્યા હતા, પરંતુ કોઈ સત્તાવાર દ્વિપક્ષીય બેઠક થઈ નહોતી. તે ઉપરાંત ઓક્ટોબર ૨૦૨૪માં રશિયાના કઝાન ખાતે BRICS સમિટ દરમિયાન બંને વચ્ચે મુલાકાત થઈ હતી.


શી જિનપિંગનો આ ભારત પ્રવાસ ૨૦૧૯ પછીનો પ્રથમ પ્રવાસ છે. ૨૦૧૯માં તેઓ ચેન્નાઈ નજીક મામલ્લાપુરમ ખાતે વડાપ્રધાન મોદી સાથે સમિટ માટે આવ્યા હતા. અગાઉ, તેઓ ૨૦૧૪માં બંને નેતાઓના પ્રથમ કાર્યકાળ દરમિયાન ભારત આવ્યા હતા અને ત્યારબાદ ૨૦૧૬માં ગોવા ખાતે યોજાયેલી BRICS સમિટમાં ભાગ લીધો હતો.

વર્ષ ૨૦૨૦ના જૂન મહિનામાં ગલવાન ઘાટીમાં થયેલા લોહિયાળ સંઘર્ષમાં ભારતના ૨૦ જવાનો વીરગતિ પામ્યા હતા, ત્યારથી સરહદ પર તણાવપૂર્ણ સ્થિતિ હતી. જોકે, બંને પક્ષોએ લાઇન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ પરના વિવાદિત પોઈન્ટ્સ પરથી સૈનિકોને પાછા ખેંચીને પરિસ્થિતિ સ્થિર કરવાનો પ્રયાસ કર્યો છે, છતાં સમગ્ર સીમા વિવાદ હજુ વણઉકેલાયેલો છે.

આ મુલાકાત પહેલાં ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે ઉચ્ચ સ્તરીય ચર્ચા માટે ચીનનો પ્રવાસ કર્યો હતો. સરહદ સંબંધી બાબતો માટેની 'વર્કિંગ મિકેનિઝમ ફોર કન્સલ્ટેશન એન્ડ કોઓર્ડિનેશન' (WMCC) અને બંને દેશોના વિશેષ પ્રતિનિધિઓ વચ્ચે બેઠકોનો દોર ચાલ્યો હતો. આ આગામી બેઠકમાં સરહદી સમસ્યા, પ્રાદેશિક સુરક્ષા, વેપાર અને રોકાણ, લોકો વચ્ચેના આદાન-પ્રદાન તેમજ ન્છઝ પર તણાવ અટકાવવાની કાયમી વ્યવસ્થાઓ પર ચર્ચા થઈ શકે છે. પશ્ચિમ એશિયામાં અસ્થિરતા, અમેરિકાના ટેરિફ પગલાં અને રશિયા-યુક્રેન યુદ્ધ વચ્ચે ભારત અને ચીનનું સાથે આવવું વૈશ્વિક સ્તરે અત્યંત અગત્યનું છે.

### હું મુંબઈ-ગોવા હાઈવેના ઉદ્ઘાટનમાં નહીં આવું

# મને શરમ આવે છે: નીતિન ગડકરી



(સંપૂર્ણ સમાચાર સેવા)

ગોવા, તા.૧૦ : પણજીમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ મુંબઈ-ગોવા હાઈવેના પ્રોજેક્ટમાં થયેલા ભારે વિલંબને લઈને સીધું નિવેદન આપ્યું છે. ગોવામાં એક કાર્યક્રમ દરમિયાન તેમણે કહ્યું કે, આ હાઈવેના ઉદ્ઘાટનમાં તેઓ હાજર નહીં રહે. પ્રોજેક્ટ પૂર્ણ થવામાં અપેક્ષા કરતાં ઘણો વધુ સમય લાગી ગયો છે, જેના કારણે તેમને શરમ અનુભવાય છે. મુંબઈ-ગોવા હાઈવે મહારાષ્ટ્ર અને ગોવા વચ્ચેનો સૌથી મહત્વનો રોડ પ્રોજેક્ટ ગણાય છે. જોકે, જમીન સંપાદન, ટેક્નિકલ પડકારો અને અન્ય કારણોસર તેનું કામ નિર્ધારિત સમય કરતાં ઘણું લાંબું ખેંચાયું છે. તેના કારણે સ્થાનિક લોકો અને મુસાફરોને વર્ષો સુધી મુશ્કેલી ભોગવવી પડી છે. પણજીના ઉત્તરમાં બનાવવામાં આવેલા ૫.૧૫ કિલોમીટર લાંબા એલિવેટેડ રોડના ઉદ્ઘાટન સમારોહ દરમિયાન નીતિન ગડકરીએ આ વાત કહી હતી. તેમણે કહ્યું કે, "હવે મેં તેના ઉદ્ઘાટન માટે યોગ્ય સમયની રાહ જોવાનું છોડી દીધું છે. મેં નક્કી કર્યું છે કે હું મુંબઈ-ગોવા હાઈવેના ઉદ્ઘાટન માટે નહીં જાઉં, કારણ કે તેના કામમાં થયેલા વિલંબના કારણે મને શરમ આવે છે." જોકે, નીતિન ગડકરીએ આશા વ્યક્ત કરી હતી કે પ્રોજેક્ટનું કામ ટૂંક સમયમાં પૂર્ણ થઈ જશે. તેમણે કહ્યું, "ગઈકાલે મારી એક મીટિંગ થઈ હતી અને મને જણાવવામાં આવ્યું કે હાઈવેનું ૯૩-૯૪ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. ઓક્ટોબરમાં હું મુંબઈ એરપોર્ટ પર ઉતરીશ અને કામની સ્થિતિ જોવા માટે કારથી ગોવા આવીશ."

# નેપાળમાં ગુમ ૩૦ ગુજરાતીઓની ઓળખ પ્રક્રિયા તેજ કરવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

કાઠમંડુ, તા.૧૦ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ નેપાળ પૂરમાં ગુમ થયેલા ગુજરાતનાં વતનીઓ તેમજ વિદેશમાં સ્થાયી થયેલા ગુજરાતીઓની પડખે ઉભી છે અને તેમના પરિવારજનો અને સગાસંબંધીઓને જરૂરી તમામ સહાય અને સહકાર મળી રહે તે સુનિશ્ચિત કર્યું છે. સામાન્ય વહીવટ વિભાગના NRI ડિવિઝન હેઠળ કાર્યરત ગુજરાત સ્ટેટ નોન-રેસિડન્ટ ગુજરાતીઝ ફાઉન્ડેશન (NRGF) દ્વારા DNA સેમ્પલ એકત્ર કરવાની સમગ્ર પ્રક્રિયાનું સંકલન કરવામાં આવી રહ્યું છે. સાથે જ ગુમ થયેલા લોકોની ઓળખ માટે જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવામાં પરિવારોને માર્ગદર્શન અને સહાય આપવામાં આવી રહી છે. ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકા અનુસાર, ગુમ થયેલા લોકોના નજીકનાં (પ્રથમ-સ્તરનાં) પરિવારજનોના DNA સેમ્પલ એકત્રિત કરવા અને DNA પ્રોફાઈલિંગ માટે દેશભરમાં નિયુક્ત ફોરેન્સિક લેબોરેટરીઓની ઓળખ કરવામાં આવી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિર્દેશ અનુસાર, આ હેતુ માટે દેશભરમાં નિયુક્ત કરવામાં આવેલી તમામ લેબોરેટરીઓ DNA પ્રોફાઈલિંગની સેવા નિઃશુલ્ક આપશે. ગુજરાતમાં આવી છ નિયુક્ત લેબોરેટરીઓ આવેલી હોવાથી રાજ્યના પરિવારોને અધિકૃત સુવિધાઓનો લાભ મળી રહ્યો છે. નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર, વિદેશ મંત્રાલય (MEA) સાથે સંકલનમાં રહીને ભારતમાં એકત્ર કરવામાં આવેલા દ્ધદ્ધછ સેમ્પલના પ્રોફાઈલિંગ તથા નેપાળમાં ચાલી રહેલી ઓળખ પ્રક્રિયા સાથે તેના સંકલન અંગેની કામગીરી કરી રહી છે. ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ NRGF દરેક ગુમ થયેલી વ્યક્તિના પરિવારજનોનો વ્યક્તિગત સંપર્ક કરીને તેમને નિયુક્ત લેબોરેટરીઓ, ઉપલબ્ધ સુવિધાઓ તથા DNA સેમ્પલ એકત્ર કરવાની અને પ્રોફાઈલિંગની પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપી રહ્યું છે. NRGF વિદેશમાં રહેતા NRGs અને પરિવારજનોના પણ સંપર્કમાં છે અને તેમના સંબંધિત દેશોમાં સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અંગે માહિતી મેળવી રહ્યું છે. ન્યૂઝીલેન્ડ, અમેરિકા, કેનેડા તથા આફ્રિકન દેશોમાં રહેતા પરિવારજનોના કિસ્સામાં દ્ધઈય્ક્ષ સંબંધિત સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા DNA સેમ્પલ તથા ઓળખ પ્રક્રિયાની સ્થિતિ અંગે માહિતી મેળવી રહ્યું છે. આવા અનેક કિસ્સાઓમાં વિદેશમાં રહેતા પરિવારજનોના DNA સેમ્પલ સંબંધિત દેશોના સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા પહેલેથી જ એકત્રિત કરવામાં આવ્યા છે. NRGF પરિવારો સાથે સતત સંપર્કમાં રહીને નેપાળમાં ઓળખ પ્રક્રિયા માટે જરૂરી માહિતીના સંકલનની કામગીરી કરી રહ્યું છે.

# ચૂંટણીમાં જીતીશું તો દરેક નાગરિકને ૪.૨ લાખ આપવાનું ટ્રમ્પનું વચન



(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૧૦

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બે મહત્ત્વપૂર્ણ નિવેદનોને કારણે રાજકીય અને આર્થિક ક્ષેત્રે ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે. એક તરફ તેમણે અમેરિકન નાગરિકોને પાંચ હજાર ડૉલરનું ડિવિડન્ડ આપવાનું વચન આપ્યું છે, તો બીજી તરફ ઈરાન સાથેના યુદ્ધના કારણે વધી રહેલા ક્રૂડ ઓઈલના ભાવ મિડટર્મ ચૂંટણી સુધી નીચે નહીં આવે તેવી સંભાવના વ્યક્ત કરી છે. આ બંને નિવેદનો અમેરિકાની અર્થવ્યવસ્થા અને રાજકારણ સાથે સીધા જોડાયેલા છે. કોઈ સફળ કંપની પોતાના શેરધારકોને જે રીતે કેશ ડિસ્ટ્રિબ્યુશન આપે છે, તેવી જ રીતે અમેરિકાની આર્થિક સફળતાનો લાભ પહોંચાડતા ડોનાલ્ડ ટ્રમ્પે દરેક પુખ્ત નાગરિકને પાંચ હજાર ડૉલર (આશરે ૪.૨ લાખ) ડિવિડન્ડ રૂપે આપવાની જાહેરાત કરી છે. શરત એ છે કે જો રિપબ્લિકન પાર્ટી હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટ બંનેની ચૂંટણી જીતી જાય તો આ યોજના અમલમાં આવશે. આ પ્રસંગે તેમણે ગત વર્ષે સૈન્ય જવાનોને આપવામાં આવેલા ૧૭૭૫ ડૉલરની પણ યાદ અપાવી હતી, જેમાં તેમણે અમેરિકાની આઝાદીના વર્ષ સાથે જોડવા માટે પોતાની તરફથી એક ડૉલર ઉમેરીને રકમ ૧૭૭૬ ડૉલર કરી દીધી હતી. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તીવ્ર હુમલાઓના પરિણામે આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવમાં ત્રણ ટકાથી વધુનો ઉછાળો આવ્યો છે, જેને પગલે જુલાઈ પછી પ્રથમવાર કિંમતો ૧૦૦ ડૉલરને વટાવી ગઈ છે. આ સ્થિતિને લઈને ટ્રમ્પે સ્વીકાર્યું છે કે આ યુદ્ધની અસરોને કારણે ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ મિડટર્મ ચૂંટણી અગાઉ નીચે આવે તેવી સંભાવના નહિવત છે. શરૂઆતમાં આ સંઘર્ષ માત્ર કેટલાક જ અઠવાડિયામાં ખતમ થઈ જશે તેવો દાવો કરનાર ટ્રમ્પનું આ યુદ્ધ હવે સાતમાં મહિનામાં પહોંચી ગયું છે. ડલ્લાસ ખાતેના રિપબ્લિકન મિડટર્મ કન્વેન્શનમાં પ્રસ્થાન કરતા પૂર્વે પત્રકારો સમક્ષ તેમણે એવું જણાવ્યું હતું કે ચૂંટણી પૂરી થતા જ ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો નોંધાવાની શરૂઆત થઈ જશે, છતાં આ પ્રક્રિયામાં ચૂંટણીના સમયગાળા કરતાં થોડો વધુ સમય અવશ્ય લાગી શકે છે. આ સાથે તેમણે એવો વિશ્વાસ પણ પ્રગટ કર્યો હતો કે ચૂંટણી પૂરી થતાં જ ઈરાન વધુ સમય સુધી ટકી ન શકવાને કારણે આખરે પીછેહઠ કરવા માટે મજબૂર થઈ જશે.

### ૫૪૦૦ શાખામાં કામગીરી થઈ જશે ઠપ

# શુક્રવારે ૭૫,૦૦૦ થી વધારે બેન્ક કર્મી હડતાળ પાડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૦ : અઠવાડિયામાં માત્ર પાંચ દિવસ જ બેન્કિંગ કામગીરી શરૂ રાખવાની માંગણી સાથે રાજ્યભરના બેન્ક કર્મચારીઓ દ્વારા આંદોલનનું એલાન કરવામાં આવ્યું છે. સરકાર દ્વારા બે વર્ષ અગાઉ આ અંગે એમઓયુ કરવામાં આવ્યા હોવા છતાં તેનો અમલ ન થતાં કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. આગામી ૧૧ સપ્ટેમ્બરના રોજ ગુજરાતના આશરે ૭૫,૦૦૦ બેન્ક કર્મીઓ એક દિવસની હડતાળ પર ઉતરવાના છે, જેના કારણે રાજ્યભરની ૫૪૦૦ શાખાઓની કામગીરી અટકી જશે અને અંદાજે ૧૫,૦૦૦ કરોડ રૂપિયાના બેક્રિંગ વ્યવહારો ખોરવાઈ જવાની શક્યતા છે. આ રાષ્ટ્રવ્યાપી આંદોલન અંતર્ગત દેશભરમાં લગભગ ૭ લાખ જેટલા બેન્ક કર્મચારીઓ હડતાળમાં જોડાશે. જો આ હડતાળ છતાં કોઈ ઉકેલ નહીં આવે, તો કર્મચારીઓ દ્વારા ૨૮થી ૩૦ સપ્ટેમ્બર સુધી પુનઃ હડતાળ કરવામાં આવશે અને તેમ છતાં માંગણી નહીં સંતોષાય તો ૨૬ ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરવામાં આવશે. કર્મચારીઓની મુખ્ય માંગ એ છે કે બેન્કિંગ કામગીરી અઠવાડિયામાં માત્ર પાંચ દિવસ (સોમવારથી શુક્રવાર) જ ચાલુ રાખવામાં આવે અને શનિવાર તથા રવિવારે કામ સંપૂર્ણપણે બંધ રહે. આ શરતના બદલામાં કર્મચારીઓએ દરરોજ ઓફિસના નિર્ધારિત સમય કરતાં ૪૦ મિનિટ વધુ કામ કરવાની તૈયારી દર્શાવી હતી, જેને પગલે માર્ચ ૨૦૨૪માં આ માંગણી સ્વીકારી લેવામાં આવી હતી. પરંતુ બે વર્ષ વીતી જવા છતાં આ નિયમનો અમલ કરવામાં આવ્યો નથી. હાલમાં મહિનાના બીજા અને ચોથા શનિવારે જ રજા હોય છે અને બાકીના શનિવારે કામગીરી ચાલુ રહે છે. દિલ્હી ખાતે લેબર કમિશનર સાથે સતત બે દિવસ બેઠકો યોજવા છતાં કોઈ સંતોષકારક ઉકેલ ન આવતા આખરે કર્મચારીઓએ હડતાળનું પગલું ભરવું પડ્યું છે.

# 'હાં મે જ NEET અને TRE-3 ના પેપર લીક કર્યા':સંજીવ મુખિયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૦

પેપર લીક માફિયા તરીકે કુખ્યાત અને અનેક વિવાદાસ્પદ ભરતી પરીક્ષાઓના કૌભાંડમાં ઘેરાયેલા સંજીવ મુખિયાને લઈને એક મોટો ખુલાસો સામે આવ્યો છે. આર્થિક અપરાધ એકમ (EOU) દ્વારા કરવામાં આવેલી કડક પૂછપરછ દરમિયાન સંજીવ મુખિયાએ કથિત રીતે NEET અને TRE-3 સહિત અનેક પરીક્ષાઓના પેપર લીક મામલે પોતાની સંડોવણી કબૂલી લીધી છે. પૂછપરછ દરમિયાન તેણે પેપર લીકનું આખું નેટવર્ક અને તેમાં પોતાની ભૂમિકાને લઈને ઘણા મહત્ત્વપૂર્ણ ખુલાસા કર્યા છે. જેના આધારે હવે તપાસ એજન્સી નેટવર્કની કડીઓ જોડવામાં સક્રિય બની છે. પટનામાં EOU ની તપાસ દરમિયાન સંજીવ મુખિયાએ પોતાના ગુનાની કબૂલાત કરતા અનેક ચર્ચિત ભરતી પરીક્ષાઓના પેપર લીક કેસમાં પોતાની ભૂમિકા સ્વીકારી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સંજીવ મુખિયાએ 2017 ના NEET પેપર લીક, 2023 ની CSBC સિપાહી ભરતી પરીક્ષા પેપર લીક અને BPSC શિક્ષક બહાલી TRE-3 પેપર લીક મામલે પોતાની સંડોવણી સ્વીકારી છે. EOU આ પૂછપરછ દ્વારા એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે આ પેપર લીકનું પ્લાનિંગ કેવી રીતે કરવામાં આવતું હતું, તેમાં કોણ-કોણ સામેલ હતું અને ઉમેદવારો સુધી પ્રશ્નપત્રો કેવી રીતે પહોંચાડવામાં આવતા હતા. સંજીવ મુખિયા મૂળ બિહારના નાલંદા જિલ્લાના નગરસૌનાનો રહેવાસી છે. તે નાલંદા કોલેજની નૂરસરાય બ્રાન્ચમાં ટેકનિકલ સહાયક તરીકે કામ કરતો હતો અને લાંબા સમયથી તેના પર સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક કરવા તથા સોલ્વર ગેંગ ચલાવવાનો આરોપ છે. NEET-UG 2024 પેપર લીક કેસમાં પણ તેનું નામ સામે આવ્યા બાદ તે આશરે 11 મહિના સુધી પોલીસ પકડથી દૂર રહ્યો હતો. અંતે, 24-25 મે 2025 ની મધ્યરાત્રીએ તેને પટનાના સગુના મોડ નજીકથી એક એપાર્ટમેન્ટમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

# મોદીની નજર હવે સરકારી વેબસાઈટ્સ પર

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૦ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય મંત્રીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. આ બેઠક દરમિયાન PM મોદીએ મંત્રીઓને સરકારી વેબસાઈટ્સને વધુ યુઝર ફ્રેન્ડલી બનાવવાની સૂચના આપી હતી, જેથી સામાન્ય લોકો કલ્યાણકારી યોજનાઓ અને સરકારી સેવાઓ અંગેની માહિતી સરળતાથી મેળવી શકે.

આ ઉપરાંત વડાપ્રધાને મંત્રીઓને સરકાર વિરુદ્ધ કરવામાં આવતી અયોગ્ય અને પાયાવિહોણી ટીકાઓનો પણ સ્પષ્ટ અને સક્રિય રીતે જવાબ આપવાની સલાહ આપી હતી.

સરકારી પોર્ટલ્સને વધુ સરળ અને સુવિધાજનક બનાવવા માટે કેબિનેટ મંત્રીઓને PM મોદીએ આ નિર્દેશ એવા સમયે આપ્યો છે, જ્યારે થોડા મહિના પહેલાં કેબિનેટ સચિવ ટી.વી. સોમનાથને તમામ મંત્રાલયો અને વિભાગોને તેમની વેબસાઈટ્સની સમીક્ષા કરીને તેને વધુ સરળ બનાવવાનું સૂચન કર્યું હતું.

કેબિનેટ સચિવ ટી.વી. સોમનાથને અગાઉ યોજાયેલી કાઉન્સિલ ઑફ મિનિસ્ટર્સની બેઠકમાં ધ ઈકોનોમિસ્ટના એક રિપોર્ટનો ઉલ્લેખ કર્યો હતો. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે ભારતમાં સામાન્ય નાગરિકો માટે સરકારી વેબસાઈટ્સનો ઉપયોગ કરવો હજુ પણ મુશ્કેલ છે.

# ઈરાને બાર્ટર સિસ્ટમ દ્વારા અમેરિકા અને પશ્ચિમી દેશોને ચોંકાવી દીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)

તેહરાન, તા.૧૦ : ઈરાને અમેરિકન પ્રતિબંધોથી બચવા માટે ચીન સાથે મળીને એક ખાસ બાર્ટર સિસ્ટમ તૈયાર કરી છે. જેનાથી ઓઈલ સામે ચીન પાસેથી અરબો ડૉલરનો સામાન ખરીદશે. રૉયટર્સના અહેવાલ પ્રમાણે, આ ડીલમાં એર ડિફેન્સ ઈક્વિપમેન્ટ્સ પણ સામેલ છે. એટલે કે, ઈરાને સીધી રીતે પૈસાની લેવડદેવડ કરવાની જગ્યાએ તેલના બદલે ચીન પાસેથી જરૂરી સામાન ખરીદ્યો એટલે આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોની ઝંઝટ ના રહે.

**આ અંતર્ગત, ઈરાન ચીનને તેલ આપીને બદલામાં અબજો ડોલરનો સામાન, જેમાં એર ડિફેન્સ ઈક્વિપમેન્ટ્સ ખરીદશે**

અમેરિકાએ ઈરાન પર કેટલાક વર્ષોથી સખત પ્રતિબંધ લગાવી રાખ્યા છે. જેનો ઈરાદો ઓઈલનું વેચાણ અને વિદેશી મુદ્રણ સુધી ઈરાનની પહોંચને રોકવાનો છે. આ વર્ષે યુદ્ધ શરૂ થયા પછી આ પ્રતિબંધ વધારે કડક કર્યા છે. પરંતુ સૂત્રોનું માનીએ તો, ઈરાને આ પ્રતિબંધોને સાઈડમાં રાખીને એક નવો રસ્તો શોધી કાઢ્યો છે.

સામાન્ય રીતે જ્યારે કોઈ દેશ ઓઈલ વેચે છે, તો તેને ડૉલર કે અન્ય કોઈ મુદ્રામાં વળતર મળે છે. જેને બેક્રિંગ સિસ્ટમથી પણ ટ્રેક કરી શકાય છે. પરંતુ બાર્ટર સિસ્ટમમાં પૈસાની જગ્યાએ સીધી માલ-સામાનની અદલાબદલી કરવાની હોય છે. જેનાથી લેવડદેવડનું ટ્રેકિંગ કરવું મુશ્કેલ બની જાય છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આ વ્યવસ્થા અંતર્ગત ઈરાને ચીન પાસેથી જે સામાન ખરીદ્યો, તેની કિંમત અબજો ડૉલર છે. તેમાં સૌથી મહત્ત્વની વાત તો એ છે કે, આ ખરીદીમાં એર ડિફેન્સ ઉપકરણો પણ સામેલ છે, એટલે કે હવાઈ હુમલાઓમાં સુરક્ષા માટે કામમાં આવનારા સૈન્ય ઉપકરણો સામેલ છે.

આ વાત એટલે પણ મહત્ત્વની છે, કારણ કે, આનાથી સ્પષ્ટ થાય છે કે, ઈરાન માત્ર આર્થિક જરૂરિયાત નહીં, પરંતુ સૈન્ય ક્ષમતાઓ મજબૂત કરવા માટે પણ આ રસ્તો અપનાવી રહ્યું છે. ચીન ઘણાં સમયથી ઈરાન પાસેથી ઓઈલ ખરીદે છે અને આ નવી જાણકારી બંને દેશો વચ્ચે વધતા આર્થિક અને સામરિક સંબંધો તરફ ઈશારો કરે છે.

# અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES





## ભિલાડમાં પર્યુષણ પર્વના 'કલ્પસૂત્ર'ના ચઢાવાનો લાભ લેવાયો

**વાપી, તા.૧૦ :** જૈનોના પવિત્ર પર્યુષણ મહાપર્વ નિમિત્તે 'કલ્પસૂત્ર'ના ચઢાવાનો લાભ કિતાવત પરિવારના પદ્માવતીબેન અમૃતલાલજી શાહ (પિયુષભાઈ) પરિવાર દ્વારા આ લાભ લીધો હતો. આ પ્રસંગે સકલ જૈન સંઘ સમાજ તેમજ પૂજ્ય ગુરુમહારાજ સહિત સમગ્ર જૈન સંઘનું શા. અમૃતલાલજી હરખચંદજી કિતાવતના નિવાસસ્થાને વાજતે-ગાજતે આગમન થયું હતું. જૈન સમાજના શ્રાવક-શ્રાવિકાઓએ ઉત્સાહ અને ભક્તિભાવ સાથે આ ધાર્મિક પ્રસંગમાં ઉપસ્થિતિ નોંધાવી હતી. કલ્પસૂત્ર પ્રસંગે રાત્રે ભક્તિભાવ અને ધાર્મિક માહોલ વચ્ચે કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

## રાજ્યના GST કાયદામાં સુધારા માટેનું વિધેયક વિધાનસભા ગૃહમાં પસાર

**ગાંધીનગર, તા. ૧૦ :** નાણામંત્રી કનુભાઈ દેસાઈએ જી.એસ.ટી. કાઉન્સિલની ૫૬મી બેઠકની ભલામણોના આધારે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલા સુધારાઓ સાથે સુસંગતતા જાળવી ગુજરાત રાજ્યના જી.એસ.ટી. સુધારા વિધેયક રજૂ કર્યું હતું. જેને વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવ્યું હતું.

આ સુધારા વિધેયકની જરૂરિયાત અંગે નાણામંત્રીએ જણાવ્યું કે ૧ જુલાઈ, ૨૦૧૭થી જી.એસ.ટી. કાયદો અમલમાં આવ્યો. જેનાથી દેશની અપ્રત્યક્ષ કર વ્યવસ્થામાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું.

તેમણે કહ્યું કે જી.એસ.ટી. કાયદામાં કરવામાં આવેલા સરળીકરણના પરિણામે ગત નાણાકીય વર્ષ દરમિયાન ગુજરાત રાજ્યમાં ૯૯.૬ ટકા રિટર્ન નિયમિત સમયમર્યાદામાં ભરાયું છે. જે રાષ્ટ્રીય સરેરાશથી સૌથી વધુ છે. ગુજરાત રાજ્યના કરદાતાઓ સમયસર રિટર્ન ભરવાની બાબતમાં સમગ્ર દેશમાં છેલ્લાં ૫ વર્ષથી પ્રથમ ક્રમે છે.

તેમણે જણાવ્યું કે જી.એસ.ટી. ૨.૦ હેઠળ વેરાના દરમાં સુધારાઓ થકી સામાન્ય નાગરિકોને રાહત આપવામાં આવી છે. કેન્સર જેવી ગંભીર બીમારીની સારવાર માટે વપરાતી દવાઓ, વ્યક્તિગત મેડિક્લેમ અને વ્યક્તિગત જીવન વીમા પ્રીમિયમને જી.એસ.ટી.માંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે.

જ્યારે બટર, ઘી, સાબુ, શેમ્પૂ, ખેતી માટેના ટ્રેક્ટર અને તેના પાર્ટ્સ, બિયારણ સાધનો, અન્ય મશીનરીઓ, સ્ટેશનરી, વોટર કલર તેમજ રમત-ગમતના સાધનો વગેરે પર વેરાના દરો ઘટાડવામાં આવ્યા છે.

વેરાના દરોમાં મુક્તિ આપવા અને ઘટાડો કરવા છતાં રાજ્યની આવકનો વૃદ્ધિ દર જળવાઈ રહ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. એટલું જ નહીં, ગુજરાત દેશના 'ગ્રોથ એન્જિન' તરીકે વધુ મજબૂત બન્યું છે અને 'વિકસિત ભારત૨૦૪૭' માટે 'વિકસિત ગુજરાત'ના વિઝનને સાકાર કરવા મક્કમ બન્યું છે.

## વાપીમાં દારૂ ભરેલી બોલેરો કાર સાથે બે ઝડપાયા

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૧૦ :** વાપી ટાઉન પોલીસે પ્રોહિબિશનનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. તા.૧૦/૦૯/૨૦૨૬ના રોજ આગામી ગણેશોત્સવ તહેવાર નિમિત્તે પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી વાહન ચેકિંગ દરમિયાન બાતમીના આધારે પોલીસે બલેનો કાર ચાલક રીનલકુમાર અમૃતભાઈ પટેલ તથા ક્લીનર સીટ પર બેઠેલ શોનક જગુભાઈ પટેલને પોતાના કબજાની સફેદ કલરની મારુતિ સુઝુકી કંપનીની બલેનો કાર નં. GJ-15-CQ-7700 કિંમત રૂા.૪, લાખની ડીકીમાં તથા પાછળની સીટ નીચે ભારતીય બનાવટના વિદેશી દારૂ રોયલ ચેલેન્જ ફિનેસ્ટ પ્રીમિયમ વ્હિસ્કીની બાટલીઓ નંગ-૩૮૫ કુલ્લે કિંમત રૂા.૨,૫૫૧૨૫ તથા મોબાઈલ ફોન નંગ-૨ કિંમત રૂા.૨૦,૦૦૦ મળી કુલ્લે રૂા. ૬,૭૫૧૨૫નો મુદ્દામાલ વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે વાહનમાં લઈ જતા ઝડપી પાડ્યા હતા. પોલીસ કોન્સ્ટેબલ કૃપાલસિંહ ચંદુભાઈ ચૌહાણે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## વાપીમાં આરએસએસનું યુવા સંમેલન યોજાયું



**વાપી, તા. ૧૦ :** વાપીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ભોલેબાબા નગર દ્વારા યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. વાપીના નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલા જલારામ બાપાના મંદિર ખાતે ગત ૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાયેલા આ યુવા સંમેલનમાં ૪૨થી વધુ તરુણો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સંમેલનમાં મુખ્ય વક્તા તરીકે સંઘના વિભાગ સંપર્ક પ્રમુખ તેજસભાઈ જોશી, વાપીના ધ્રુવભાઈ કલસરિયા તેમજ શાખાના મુખ્ય વિમલભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે યુવાનોને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્ય, સંઘની વિચારધારા તેમજ સમાજલક્ષી પ્રવૃત્તિઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન યુવાનોને સંઘ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ તથા સમાજમાં યુવાનોની ભૂમિકા અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા. સંમેલનમાં ઉપસ્થિત યુવાનોએ સંઘની પ્રવૃત્તિઓ અંગે રસપૂર્વક માહિતી મેળવી હતી.

આ યુવા સંમેલનનો મુખ્ય ઉદ્દેશ યુવાનોને સંગઠન સાથે જોડવા તેમજ રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેની જવાબદારી અંગે જાગૃત કરવાનો રહ્યો હતો.

## ગાંધીનગર વિધાનસભા, સ્કૂલોને બોમ્બથી ઉડાવવાની ધમકી

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા.૧૦ :** ગાંધીનગર અને અમદાવાદમાં કેટલાક મહત્વના સ્થળોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈ-મેઈલ વધુ એક વખત મળતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

ગાંધીનગર સ્થિત વિધાનસભા અને ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ તથા અમદાવાદની ત્રણ ખાનગી શાળા ઉપરાંત અમદાવાદની સેશન્સ કોર્ટ અને ઘી કાંટા મેટ્રો કોર્ટના રજીસ્ટ્રારને બોમ્બ બ્લાસ્ટની ધમકીભર્યો ઈ-મેઈલ મળતા થોડીવાર માટે અફરાતફરી મચી ગઈ હતી. ગાંધીનગર કોર્ટ સંકુલ ખાલી કરાવવામાં આવ્યું હતું અને વકીલો તથા અસીલો બહાર નિકળી ગયા હતા.

## મેંધરમાં સરકારી જમીન પરના ૨૦થી વધુ ગેરકાયદે ઝીંગા તળાવો પર બુલડોઝર ફર્યું



**બીલીમોરા, તા.૧૦ :** નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના દરિયાકાંઠા વિસ્તારમાં આવેલા મેંધર ગામે બ્લોક નં. ૯૦૩ (રી-સર્વે નં. ૬૮૪)વાળી સરકારી જમીન પર તંત્રની પૂર્વ મંજૂરી વિના ગેરકાયદેસર ઝીંગા તળાવો ઊભા કરી દેવાયા હોવાની સ્થાનિક ગ્રામજનોની રજૂઆતો મળી હતી. જેને અત્યંત ગંભીરતાથી લઈને જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ ચીખલી પ્રાંત અધિકારીના અધ્યક્ષસ્થાને વિશેષ તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિ દ્વારા સ્થળ પર ત્વરિત કડક કાર્યવાહી હાથ ધરીને ૨૦થી વધુ ઝીંગા તળાવો પર થયેલાં દબાણો તોડી પાડી અંદાજે ૪૫૦૦ ચોરસ મીટર જેટલો સરકારી વિસ્તાર ખુલ્લો કરાવવામાં આવ્યો છે.

## બીલીમોરામાં પોલીસની ઓળખ આપી આધેડના દાગીના પડાવ્યા

### ચારોટી ટોલનાકા પાસેથી ત્રણ પૈકી એકને પોલીસે દબોચી લીધો

**બીલીમોરા, તા.૧૦ :** બીલીમોરા - અમલસાડ રોડ ઉપર સ્મશાનભૂમિ નજીક પોલીસના સ્વાંગમાં ત્રણ અજાણ્યા ગઠિયાઓએ એક આધેડને વાતોમાં ભોળવી હાથચાલાકીથી રૂા.૩.૫૭ લાખની કિંમતના ૫૧ ગ્રામ સોનાના દાગીના પડાવી લેતાં ચકચાર મચી છે. ગઠિયાઓએ દાગીના કાગળમાં મૂકાવી કાગળનું પડીકું આધેડને પરત આપ્યું હતું.

બીલીમોરા-અમલસાડ રોડ પર સ્મશાનભૂમિ સામે કાળા રંગની પલ્સર બાઈક ઉપર આવેલા બે શખ્સોએ તેમને અટકાવ્યા હતાં અને પોતે પોલીસ હોવાનો પરિચય આપ્યો હતો. પાછળથી મહારાષ્ટ્ર પાર્સિંગની સુઝુકી ઉપર ત્રીજો શખ્સ પણ ત્યાં આવી પહોંચ્યો હતો. ત્રણેયે કૈલાશકુમાર પાસે લાયસન્સ માગી બાદમાં આગળ ચોરીઓ થતી હોવાનું કહી સોનું પહેરીને નહીં ફરવાની સલાહ આપી દાગીના ઉતારવા કહેતા કૈલાશકુમારે પોતાના પહેરેલા ૩૬ ગ્રામ વજનના રૂા. ૨.૫૨ લાખના દાગીના ઉતારી પેન્ટના ખિસ્સામાં મુકતા હતા ત્યારે એક ગઠિયાએ ખિસ્સામાં કાગળમાં રાખી આપવાની વાત કરી નજર ચુકવી સોનાના દાગીના ભરેલી પડેકી તફડાવી બદલી લીધું હતું. ગઠિયાઓ જતા રહ્યા બાદ કૈલાશકુમાર કાગળનું પડીકું ખોલતાં સોનાના દાગીના ગાયબ હતાં. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતાં તેમણે બીલીમોરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ આધારે મહારાષ્ટ્રનાં ચારોટી ટોલનાકા નજીકથી ત્રણ આરોપી પૈકી એક આરોપી અસદઉલ્લાહ ફૈયાઝખાન રહે. આંબેવલી, કલ્યાણ, થાણેની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા બે દિવસના રિમાન્ડ મળ્યા છે.

### ભાવનગર લઠ્ઠાકાંડ મુદ્દે ગૃહમંત્રીના રાજીનામાની માંગ સાથે

## વિધાનસભા પરિસરમાં કોંગ્રેસના ધારાસભ્યોનો વિરોધ

અમારા -તિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૧૦ ભાવનગર લઠ્ઠાકાંડ અને રાજ્યમાં કથળતી કાયદો-વ્યવસ્થાની સ્થિતિને મુદ્દે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો દ્વારા આજે ગુજરાત વિધાનસભા પરિસરમાં આ?ર્યજનક વિરોધ -દર્શન કરવામાં આવ્યું હતું. એ-ન પહેરીને પહોંચેલા કોંગ્રેસી વિધાયકોને પોલીસે રોકવાનો -યાસ કરતા બંને પક્ષો વચ્ચે ભારે ઘર્ષણ અને ધક્કામુક્કીના દ્રશ્યો સર્જાયા હતા.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરી અને -દેશ કોંગ્રેસ -મુખ અમિત ચાવડાની આગેવાની હેઠળ વિધાયકોએ રાજ્યમાં દારૂ-ડ્રગ્સનું નેટવર્ક બંધ કરવા, નશાના બદલે રોજગાર આપવા તેમજ પોલીસ હપ્તાખોરી બંધ કરવા જેવા વિવિધ સૂત્રોચ્ચાર પોકાર્યા હતા. વિરોધ કરી રહેલા નેતાઓએ ઝેરી દારૂના વેપારીઓને ફાંસી તેમજ હપ્તાખોર અધિકારીઓ સામે કડક પગલાં લેવાની માંગ સાથે નિષ્ફળ કાયદો-વ્યવસ્થા માટે રાજ્યના ગૃહમંત્રીના રાજીનામાની મક્કમ રજૂઆત કરી હતી.

પોલીસના વર્તન અંગે પ્રહાર કરતા ડૉ. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે, સરકારે જે પોલીસનો ઉપયોગ ડ્રગ્સ અને દારૂના દૂષણને રોકવા માટે કરવો જોઈએ, તે જ પોલીસ કન્ટેનર ભરીને આવતા નશાના કારોબાર સામે કાર્યવાહી કરવાના બદલે કોંગ્રેસના ધારાસભ્યોને અટકાવી પોતાની બહાદુરી બતાવી રહી છે.

બીજી તરફ, અમિત ચાવડાએ સરકાર પર આકરા -હાર કરતા કહ્યું હતું કે, લઠ્ઠાકાંડના કારણે લોકો જીવ ગુમાવી રહ્યા છે અને પરિવારો બરબાદ થઈ રહ્યા છે, છતાં શાસકોથી હપ્તાખોરી છૂટતી નથી. પોલીસ દ્વારા પોસ્ટરો ફાડવા અને ધારાસભ્યો સાથે ખેંચાખેંચ કરવાની ઘટનાને જનતા જોઈ રહી છે. તેમણે ચીમકી આપી હતી કે આવનારા સમયમાં કોંગ્રેસના લાખો કાર્યકરો સડકથી લઈને સંસદ સુધી આ મુદ્દે લડત ચલાવશે અને સરકારની નીતિઓને ખુલ્લી પાડશે.

---

No.MAM/KNVL/RBD-DNH/202/2026/1166 Dated: 24/08/2026

**APPLICANT - SMT. RAMILABEN GULABBHAI TUMDA,**
**R/o. 045, Gadherpada, Dapada, DNH**
**Mob.: 9924694770/8347532122**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Dapada.**

**NOTICE**

The public to take note that applicant Smt. Ramilaben Gulabbhai Tumda, R/o. Gadherpada, Dapada, DNH has applied for registration of the birth of herself Ramilaben Santu Hadal, D/o. Shri Santu Vanase Hadal & Smt. Girju Santu Hadal, who was born on 08/09/1966 at Khadipada, Chikhali, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births and Deaths Office, Dapada.

Therefore, the applicant has requested to issue an order to register birth of herself Ramilaben Santu Hadal, D/o. Shri Santu Vanase Hadal & Smt. Girju Santu Hadal

Any person having an objection or complaint regarding this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days of the date of publication of this notice. In absence of objection/complaint, the Executive Magistrate,

Khanvel will proceed to issue the necessary order. This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector**
**Dadra and Nagar Haveli,**
**Khanvel.**

---

No.MAM/KNVL/RBD-DNH/203/2026/1167 Dated: 24/08/2026

**APPLICANT - SHRI MOHAN BABAN KHANJODIA,**
**R/o. Ichnipada, Karchond, DNH**
**Mob.: 8140119459**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Dudhani.**

**NOTICE**

The public to take note that applicant Shri Mohan Baban Khanjodia, R/o. Ichnipada, Karchond, DNH has applied for registration of the birth of himself namely Mohan Baban Khanjodia, anjodia, S/o. Baban Ramu Khanjodia, who was born on 20/08/1991 at Ichnipada, Karchond, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births and Deaths Office, Rudana.

Therefore, the applicant has requested to issue an order to register birth of himself Mohan Baban Khanjodia, S/o. Baban Ramu Khanjodia.

Any person having an objection or complaint regarding this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days of the date of publication of this notice. In absence of objection/complaint, the Executive Magistrate, Khanvel will proceed to issue the necessary order.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector**
**Dadra and Nagar Haveli,**
**Khanvel.**

---

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**NOTICE INVITING E-PROCUREMENT TENDER**

**Notice Inviting Tender for DNH and DD Power Corporation Ltd, as per details mentioned below.**

www.dnhtenders.gov.in
ee-elec dnh@ddd.gov.in
026-2406500

e- PTN No. : 30/2026-27/655
Tender ID No. : 2026_UTDNH_8240_1
Last date of download : 25/09/2026 at 12:00 hrs.
Last date of online submission : 25/09/2026 till 13:00 hrs.
Last date of hard copy submission : 25/09/2026 till 15:00 hrs.
Name of work - Replacement of old earth wire with new OPGW cable at various Sub-Station at DNH

DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa

NO.: IP/DMN/2/5/2026-27/482 DATED : 10/09/2026

---

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**NOTICE INVITING E-PROCUREMENT TENDER**

**Notice Inviting Tender for DNH and DD Power Corporation Ltd, as per details mentioned below.**

www.dnhtenders.gov.in
ee-elec dnh@ddd.gov.in
026-2406500

e- PTN No. : 29/2026-27/640
Tender ID No. : 2026_UTDNH_8238_1
Last date of download : 18/09/2026 at 12:00 hrs.
Last date of online submission : 18/09/2026 till 13:00 hrs.
Last date of hard copy submission : 18/09/2026 till 15:00 hrs.
Name of work REPLACEMENT OF EXISTING 66 KV TRANSMISSION LINE CONDUCTOR ACSR PANTHER WITH HIGH AMPACITY CONDUCTOR TACSR 160 SQMM (SINGLE CIRCUIT) AND ERECTION OF 66 KV DC TOWER DUE TO LOW GROUND CLEARANCE OF 66 KV VAGHCHIPA - SILLI CKT-1 FROM APJ ABDUL KALAM COLLEGE, DOKMARDI TO SILLI SUB-STATION (3rd Call).

DNH & DD Power Corporation Limited, Dadra Nagar Haveli and Daman Diu, Silvassa

NO.: IP/DMN/2/5/2026-27/481 DATED : 10/09/2026

---

**SSR COLLEGE OF ARTS, COMMERCE AND SCIENCE, SILVASSA**
**Affiliated to Savitribai Phule Pune University (SPPU), Pune**
**Approved by AICTE, New Delhi and DTE, Mumbai, Maharashtra**
**DTE Code: 16330, Choice Code: BBA-CA-1633010310, BBA-1633010110**

**BBA & BBA-CA ADMISSION NOTICE: 2026-27**

SSR College of Arts, Commerce and Science invites the applications for the First-Year BBA & BBA-CA admissions for Institute Level seats (IL) and Against CAP Seats (seats vacant after CAP rounds) from the registered students with Directorate of Technical Education (DTE) / State CET CELL, Mumbai, Maharashtra.

All admissions are governed by the rules published & prescribed in the Information brochure by the Govt. of Maharashtra, State Common Entrance Test Cell, DTE Mumbai, and Maharashtra. (https://cetcell.mahacet.org/)

Last date for Distribution & submission of Application Forms is 11th Sep. 2026 at the College office between 10:00 AM to 05:00 PM. The schedule and other details for admission procedure will be displayed on the Institute Notice board and Website (www.ssracs.edu.in) from time to time.

We accept Entrance scores as approved by the DTE / CET Cell, Maharashtra.

**CONTACT**

Sayli Road, Silvassa Road, Silvassa - 396230, UT of DNH & DD
**Contact Details: 9428857894, 9081160001**
**principal@ssracs.edu.in www.ssracs.edu.in**

**ડિસ્કાઉન્ટ ધમાકા**
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361

**ટેરેસ ગળે છે ??**
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને કેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205





દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂા.5000/-
The Complete Man Raymond, dinesh, Siyaram's, DONEAR, DIGJAM, NIRVAN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORDS MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



Friday 11, September 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com



આજે પર્યુષણ પર્વના ત્રીજા દિવસે વાપી ચલાના અજીતનગર ખાતે આવેલ જૈન દેરાસરના પાર્શ્વનાથ ભગવાન

## પર્યુષણ મહાપર્વ

## પર્યુષણ એટલે માત્ર ઉપવાસ નહીં, આત્મચિંતન અને આત્મશુદ્ધિનો પર્વ

પર્યુષણ પર્વ એટલે માત્ર ઉપવાસ કે ધાર્મિક વિધિઓ કરવાનો સમય નથી, પરંતુ પોતાની અંદર જોવાનો અને આત્મચિંતન કરવાનો પવિત્ર અવસર છે. વિદ્વાન મુનિ ભગવંતોના વ્યાખ્યાનો અનુસાર પર્યુષણનો સાચો ભાવ પોતાના આત્મસ્વરૂપની નજીક જવાનો છે.

આત્માની નજીક વસવું 'પર્યુષણ'નો ભાવાર્થ બાહ્ય ભૌતિક વિષયોમાંથી મનને વાળીને પોતાના આત્મસ્વરૂપમાં લીન થવાનો છે. મનને બહારની દોડધામથી દૂર કરી પોતાની અંદર ડોકિયું કરવું એ પર્યુષણની સાચી સાધના છે. મનના વિકારોનો ત્યાગ પદાર્થો કે ભોજનનો ત્યાગ કરવો કદાચ સહેલો છે, પરંતુ ક્રોધ, માન, માયા અને લોભ જેવા મનના વિકારોનો ત્યાગ કરવો વધુ મહત્વપૂર્ણ છે. ઉપવાસ શરીરની સાધના છે, જ્યારે મનના વિકારોનો ત્યાગ આત્મશુદ્ધિ તરફનું સાચું પગથિયું છે. વાણી અને વર્તનમાં સંયમ સાચો સંયમ માત્ર ઉપવાસ કે ધાર્મિક વિધિઓ પૂરતો મર્યાદિત નથી. મનને સ્થિર રાખવું, જીભ પર કાબૂ રાખવો, કોઈને દુઃખ ન પહોંચાડવું અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ શાંતિ જાળવવી એ સાચા સંયમની ઓળખ છે.

ધર્મનું જ્ઞાન માત્ર સાંભળવા કે વાંચવા પૂરતું નથી. તેનો સાચો અર્થ ત્યારે જ સાર્થક બને છે જ્યારે તે આપણા વિચારો, વાણી અને વર્તનમાં પરિવર્તન લાવે. પર્યુષણ માત્ર એક ધાર્મિક પર્વ નથી, પરંતુ આત્મશુદ્ધિ, ક્ષમા, સંયમ અને જીવનને વધુ સાત્વિક બનાવવાની આંતરિક યાત્રા છે.

- પૂ. મ.સા. પાર્શ્વયશવિજયજી

## વલસાડ GEB એમ્પ્લોઇઝ ક્રેડિટ સોસા.માં ઉચાપત મામલે પૂર્વ મહિલા મંત્રી સામે ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૦ :** વલસાડમાં આવેલી ગુજરાત ઈલેક્ટ્રિસીટી બોર્ડ એમ્પ્લોઈઝ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડમાં ૭૭.૮૬ લાખથી વધુની નાણાકીય ઉચાપત અને છેતરપિંડી આચરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સોસાયટીના પૂર્વ મંત્રી ચાંદનીબેન અરવિંદભાઈ પટેલ સામે સત્તાવાર રીતે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

સોસાયટીના પ્રમુખ દિવ્યેશકુમાર દિલીપભાઈ મૈસુરીયા દ્વારા વલસાડ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી ચાંદનીબેન પટેલે ૧૩ જાન્યુઆરી ૨૦૨૧ થી ૬ નવેમ્બર ૨૦૨૪ દરન મંત્રી પદે ફરજ બજાવતી વખતે આ કૌભાંડ કર્યું હતું.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપીએ સોસાયટીના વલસાડ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકના કરંટ એકાઉન્ટમાંથી સોસાયટીના સભાસદ ન હોય તેવા પોતાના મળતીયા માણસોના નામે ખોટી રીતે લોન દર્શાવી કુલ ૧૯ જેટલા ચેક ઈશ્યૂ કર્યા હતા. આ ચેકો મારફતે કુલ ૭૩,૯૦,૦૦૦ ઉપાડી લેવાયા હતા. આ ઉપરાંત સોસાયટીની હંગામી રોકડ સિલક પેટે ૩,૯૬,૪૦૭ ની રકમ જમા ન કરાવી અંગત ઉપયોગમાં લઈ કુલ ૭૭,૮૬,૪૦૭ ની ઉચાપત કરવામાં આવી હતી.

સોસાયટીના હિસાબોની ૧૮ મહિનાથી સોફટવેરમાં એન્ટ્રી ન થતાં તેમજ કર્મચારીઓના પગાર કપાતના ડેટા મોકલવામાં વિલંબ થતાં શંકા ઉપજી હતી. ત્યારબાદ ગોપાલભાઈ પંડ્યા દ્વારા હિસાબોની ચકાસણી હાથ ધરાતાં અને સ્પેશિયલ ઓડિટર મહેશભાઈ તમાકુવાલા દ્વારા ઓડિટ અહેવાલ રજૂ કરાતાં આ સમગ્ર નાણાકીય ગેરરીતિ બહાર આવી હતી. જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ સમક્ષ કરાયેલી પૂછપરછ દરમિયાન આરોપી ચાંદનીબેને પોતાની ગેરરીતિની કબૂલાત પણ કરી હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે.

જિલ્લા રજિસ્ટ્રાર કચેરીની તપાસણી બાદ મળેલી મંજૂરીના આધારે, વલસાડ પોલીસે આરોપી ચાંદનીબેન પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધ્યા આગળની તપાસ હાથ ધરી છે.

## ચણોદની શાકભાજી વેચતી મહિલાઓને હટાવાતાં મનપાએ મોરચો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** ચણોદ ગેટ પાસે શાકભાજી વેચતી મહિલાઓનો મામલો ગરમાયો છે.

રોડ પર પાથરણા પાથરી ધંધો કરવાથી ટ્રાફિકમાં અડચણ થતી હોવાની ફરિયાદને લઈને વાપી નગરપાલિકા દ્વારા દબાણ હટાવવાની કાર્યવાહી શરૂ કરાતા મહિલાઓ મનપા કચેરીએ ધસી ગઈ હતી અને અધિકારીઓને રજૂઆત કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, અગાઉ આ શાકભાજી વેચનારાઓ ચણોદ ગેટ પાસે પાણીની ટાંકીવાળા વિસ્તારમાં સરકારી જમીનમાં શેડ બનાવી વેચાણ કરતા હતા. પરંતુ ત્યાં નવી પાણીની ટાંકીનું કામ શરૂ થતા મનપાએ તમામ દબાણ દૂર કરી દીધા હતા, જેથી તેઓએ રોડ કિનારે વેચાણ શરૂ કર્યું હતું.



રોડ ઉપર લારી-ગલ્લા અને પાથરણાના દબાણોથી ટ્રાફિકજામની સમસ્યા સર્જાતા સ્થાનિક કાઉન્સિલરોએ પણ દબાણો દૂર કરવા મનપાને રજૂઆત કરી હતી. જેને લઈ તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ છે. મોટાભાગની મહિલાઓ નાનાપોંઢા, કપરાડા વિસ્તારની હોવાનું મનાય છે. ત્યારે ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટે મનપા દ્વારા અલગ શાક માર્કેટનું આયોજન કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

## શ્રીડી પ્રદુષણ નિયંત્રણ સમિતિ દ્વારા વેબીનાર યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૦ :** વર્લ્ડ સર્ક્યુલર ઈકોનોમી ફોરમ (WCEF) ૨૦૨૬ માટે પ્રી-ઈવેન્ટના ભાગ રૂપે, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની પ્રદૂષણ નિયંત્રણ સમિતિ (PCC) એ પ્લાસ્ટિક કચરાના વ્યવસ્થાપન અને પરિપત્ર અર્થતંત્ર પર એક વેબિનારનું આયોજન કર્યું. જ્ઞાન ભાગીદાર અનંતતત્ત્વ પ્રાઈવેટ લિમિટેડના સહયોગથી આયોજિત, વેબિનારનું શીર્ષક ડીકોડિંગ ધ ન્યૂ EPR કમ્પ્લાયન્સ - ફોર રિસાયક્લિંગ એન્ડ રિયુઝિંગ ઈન પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ ટુ ફુલફિલ ધ પરિપત્ર અર્થતંત્રે હતું. ઉદ્યોગ પ્રતિનિધિઓ સહિત વિવિધ ક્ષેત્રોના ૨૫૦ થી વધુ હિસ્સેદારોએ વેબિનારમાં ભાગ લીધો હતો. પરંપરાગત ટેક-મેક-ડિસ્પોઝ સિસ્ટમથી આગળ વધવાની અને પરિપત્ર અર્થતંત્રને અપનાવવાની જરૂરિયાત પર ચર્ચાઓ કેન્દ્રિત હતી. કાર્યક્ષમ સંસાધન ઉપયોગ, કચરામાં ઘટાડો, પુનઃઉપયોગ, રિસાયક્લિંગ અને ટકાઉ વ્યવસાય પદ્ધતિઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો. અનંતતત્વ ટીમે EPR પાલન, મૂલ્ય શૃંખલામાં વિવિધ હિસ્સેદારોની જવાબદારીઓ, રિસાયકલ સામગ્રી સંબંધિત આવશ્યકતાઓ, EPR-ETP પોર્ટલ, પ્લાસ્ટિક કચરો વ્યવસ્થાપન નિયમો ૨૦૨૬ અને જીવનના અંતના સંચાલન વિશે માહિતી પૂરી પાડી. નિષ્ણાતોએ કચરાને ઉપયોગી સંસાધન અને આવકના સ્ત્રોતમાં રૂપાંતરિત કરવાની તકો પર પણ પ્રકાશ પાડ્યો. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB), પશ્ચિમ ઝોનના પ્રાદેશિક નિયામક અરવિંદ કુમારે ટકાઉ વિકાસ માટે પરિપત્ર અર્થતંત્રના મહત્વ પર ભાર મૂક્યો. વેબિનાર ઈન્ટરેક્ટિવ અને ઉકેલ-લક્ષી હતો. હિસ્સેદારોએ EPR, રિસાયક્લિંગ, પુનઃઉપયોગ અને નિયમનકારી પાલન સંબંધિત વ્યવહારુ પ્રશ્નો ઉઠાવ્યા, જેને નિષ્ણાતોએ સંબોધ્યા અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું. આ પહેલથી કાર્યક્ષમ સંસાધન ઉપયોગ, ટકાઉ વિકાસ અને પરિપત્ર અર્થતંત્રને પ્રોત્સાહન આપવા માટે PCC ની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવવામાં આવી હતી.

## ગણેશ મહોત્સવ પૂર્વે વાપીમાં રસ્તા સુધારવાની કામગીરી પૂરજોશમાં

### બલીઠા અને વાપી હનુમાન મંદિર દેસાઈવાડથી નામધા પ્રવેશદ્વાર સુધીના માર્ગના ખાડા પુરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** વાપી પંથકમાં આગામી દિવસોમાં આવી રહેલા ગણેશ મહોત્સવને ધ્યાનમાં રાખીને વાપી મહાનગરપાલિકાના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ચોમાસા દરમિયાન ખરાબ થયેલા રસ્તાઓ તેમજ રસ્તા પર પડેલા ખાડાઓને રિપેર કરવાની કામગીરી પૂરજોશમાં શરૂ કરવામાં આવી છે.

છેલ્લા ત્રણ દિવસથી મહાનગરપાલિકા દ્વારા બલીઠા કસ્ટમ રોડ, બલીઠાથી મોરાઈ સહિતના માર્ગો પર ખાડાઓ અને ખરાબ થયેલા રસ્તાઓનું સમારકામ કરવામાં આવ્યું હતું. જ્યારે આજે વાપી દેસાઈવાડ ખાતે હનુમાન મંદિરથી નામધા મુખ્ય પ્રવેશદ્વાર સુધીના માર્ગ પર પણ રિપેરિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.



આ માર્ગોની ખરાબ હાલતને લઈ સ્થાનિકો અને રાહદારીઓ દ્વારા મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્થાયી સમિતિના ચેરમેન સતિષભાઈ પટેલ તેમજ બાંધકામ વિભાગ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

રજૂઆતને પગલે પાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બાંધકામ વિભાગના અધિકારીઓ તેમજ સુપરવાઈઝરને જરૂરી સૂચનાઓ આપવામાં આવતા સંબંધિત માર્ગો પર રિપેરિંગની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

ચોમાસા દરમિયાન રસ્તાઓ પર ખાડા પડી જતાં વાહનચાલકો તેમજ રાહદારીઓને અવરજવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. હવે રિપેરિંગની કામગીરી પૂર્ણ થતાં આ માર્ગો પરથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોની મુશ્કેલીઓમાં ઘટાડો થશે. જોકે આગામી દિવસોમાં અન્ય રસ્તાઓ પર પડેલા ખાડા પુરવાની કામગીરી પણ ચાલુ જ રહેશે.

## પારડી એપીએમસીની ચૂંટણીમાં રણછોડ પટેલની પેનલનો વિજય

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૦ :** પારડી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ની ચૂંટણીઓ માટે મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી ૧૧૦ જેટલા ખેડૂત મતદાર પૈકી ૧૦૯ જેટલા મતદાન ખેડૂતોએ મતદાન કર્યું હતું આજે યોજાયેલ મતગણતરીમાં ૧૦૯ મત પૈકી આઠ મત થયા હતા અને ૧૦૧ મત નો પરિણામ આવ્યો હતો જેમાં આશિષભાઈ રણછોડભાઈ પટેલની સંપૂર્ણ પેનલ નો બહુમતી સાથે વિજય થયો છે અહીં જિલ્લા સહકારી મંડળી રજીસ્ટાર અધિકારી છત્રોલા બ્રિજેશ કાનજીભાઈ ના રાહબારી હેઠળ એમની ટીમ દ્વારા આજે તારીખ ૯મી સપ્ટેમ્બર ના રોજ વહેલી સવારે ૯ કલાક થી જ મતદાન ગણતરી અંગેની કામગીરી શરૂ કરવામાં આવી હતી અને દરેક વોટ ની ગણતરી કરવામાં આવી હતી વહેલી સવારથી જ પારડી તાલુકાના જુદાજુદા વિસ્તારોમાંથી ખેડૂત ઉમેદવારો આવી પહોંચ્યા હતા ગણતરી બાદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ માં હાલના ચેરમેન આશિષભાઈ રણછોડભાઈ પટેલ ની પેનલના ચાર ઉમેદવારો બિનહરીફ થઈ ગયા છે અને દસ ઉમેદવારો



ચૂંટણીમાં ઊભા હતા જે તમામ દસ ઉમેદવારો નો ચૂંટણીમાં ભવ્ય વિજય થયો છે જ્યારે એમની સામે અમિતભાઈ પટેલ ઉભા હતા એમની પેનલમાં કોઈ અન્ય નહીં હોય એમનો પરાજય થયો છે જેથી આમ ખેતીવાડીની ૧૦ સીટમાં સ્કૂલ ૧૧ જણા ચૂંટણીમાં ઉમેદવારી કરી હતી જેમાં ૧૦ ઉમેદવારોનો ભવ્ય વિજય થયો છે અને એમને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા જેમાં ઠાકોર કિરણસિંહ અભયસિંહ પટેલ આશિષભાઈ રણછોડભાઈ પટેલ ચંદ્રકાન્તભાઈ રામભાઈ પટેલ જગદીશભાઈ ગુલાબભાઈ પટેલ પ્રવિણકુમાર પ્રભુભાઈ પટેલ બીપીનભાઈ બચુભાઈ પટેલ રણછોડભાઈ ઘેલાભાઈ પટેલ સુભાષભાઈ રણછોડભાઈ પટેલ હરીશભાઈ ભાણાભાઈ પટેલ હિતેશભાઈ ગોવિંદભાઈ ઉમેદવારો વિજેતા થયા છે હાલના ચેરમેન આશિષભાઈ પટેલ અને માજી ચેરમેન રણછોડભાઈ પટેલ ની પેનલ સંપૂર્ણ બહુમતી સાથે વિજેતા બની છે આશિષભાઈ પટેલે તમામ ખેડૂત સભાસદ મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો અને એમની પેનલ પર ફરીથી વિશ્વાસ મૂકી અપાવવા બદલ તમામ ને અભિનંદન આપ્યા હતા જે પ્રમાણે વિકાસલક્ષી કામો ચાલી રહ્યા છે એ જ પ્રમાણે વિકાસલક્ષી કામો સતત ચાલુ રહેશે અને ખેડૂત ઉપયોગી કામો થતા રહેશે એવો વિશ્વાસ આશિષભાઈ એ વ્યક્ત કર્યો હતો ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સેક્રેટરી જયવદનભાઈ પટેલ નીલુભાઈ પટેલ સાથે અને કર્મચારીઓએ સખત મહેનત કરી ચૂંટણીને સફળ બનાવી હતી.

## ડાંગમાં વેક્સીન વાન ડ્રાઈવરની ભરતીમાં ગેરરીતિના આક્ષેપ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૦ :** ડાંગ જિલ્લામાં આવેલ જિલ્લા પંચાયત આહવા ખાતે વેક્સીન વાન ડ્રાઈવરની ભરતી પ્રક્રિયામાં ગંભીર ગેરરીતિ થઈ હોવાના આરોપ સાથે અરજદાર અશ્વિનભાઈ સનતભાઈ પવાર (રહે. આહવા) દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને એક લેખિત અરજી પાઠવવામાં આવી છે.અરજીમાં જણાવ્યા અનુસાર, ડ્રાઈવરની ભરતી પ્રક્રિયા દરમિયાન અધિક જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા અલ્ટ્રા મોડર્ન એજન્સીને ફોન મારફતે સુચના આપીને મનસ્વી રીતે તાત્કાલિક ઓર્ડર આપી ગેરરીતિ આચરવામાં આવી છે.ગત તારીખ ૦૮/૦૯/૨૦૨૬ ના રોજ એક જ ઘરના બે વ્યક્તિઓ પૈકી, પિતા કૈલાશભાઈ બાવિસ્કર કે જેઓ હાલ જિલ્લા પંચાયત આરોગ્ય કચેરીમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે, તેમના પુત્ર કરણભાઈ બાવિસ્કરને વેક્સીન વાનના ડ્રાઈવર તરીકે નિયમો વિરુદ્ધ ઓર્ડર આપી દેવામાં આવ્યો હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.અરજદારે માંગ કરી છે કે તારીખ ૦૮/૦૯/૨૦૨૬ ના રોજ નિયમ વિરુદ્ધ આપવામાં આવેલ ડ્રાઈવિંગ ઓર્ડરને તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે. વધુમાં તેમણે જણાવ્યું કે ૧૦૦ આદિવાસી વિસ્તાર ધરાવતા ડાંગ જિલ્લામાં બહારથી આવતા પરપ્રાંતીય કે અન્ય જ્ઞાતિના ઉમેદવારોને ભરતીમાં પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે, જેના કારણે સ્થાનિક આદિવાસી ઉમેદવારો અન્યાયનો ભોગ બની રહ્યા છે.

આ સમગ્ર ભરતી પ્રક્રિયાની યોગ્ય અને નિષ્પક્ષ તપાસ માટે ઉચ્ચ સ્તરીય તપાસ કમિટી નિમવામાં આવે તેમજ પારદર્શક પદ્ધતિથી નિયમાનુસાર નવેસરથી ભરતી યોજીને સ્થાનિક આદિવાસી ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

આ અરજીની નકલ પ્રભારી મંત્રી, નાયબ મુખ્યદંડક, જિલ્લા પંચાયત પ્રમુખ અને જિલ્લા આરોગ્ય અધિકારીને પણ રવાના કરવામાં આવી છે.

## નાનાપોંઢામાં કોંગ્રેસની કિસાન અધિકાર યાત્રાનો પ્રારંભ

### ખેડૂતોના ૨૨ પ્રશ્નોને લઈને ગામેગામ જનસંપર્ક, સરકાર સમક્ષ પ્રશ્નો રજૂ કરવાનો સંકલ્પ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૦ :** નાનાપોંઢા તાલુકાના લવાછા ગામે હરિયાણા હોટલ ખાતેથી ગુરુવારે તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિની કિસાન અધિકાર યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશનભાઈ પટેલની આગેવાનીમાં શરૂ થયેલી આ યાત્રામાં ખેડૂતોના ૨૨ પ્રશ્નોને મુખ્ય મુદ્દો બનાવી ગામેગામ જનસંપર્ક હાથ ધરવામાં આવી રહ્યો છે. યાત્રા દરમિયાન ખેડૂતો અને ગ્રામજનો સાથે સીધો સંવાદ કરી તેમની સમસ્યાઓ અને પ્રશ્નો નોંધવામાં આવી રહ્યા છે. ખેડૂતોને પાકના યોગ્ય ભાવ, MSP સહિતના પ્રશ્નો અંગે રાહત મળે અને તેમની સમસ્યાઓ સરકાર સુધી પહોંચે તે માટે આ અભિયાન ચલાવવામાં આવી રહ્યું હોવાનું




કોંગ્રેસ આગેવાનોએ જણાવ્યું હતું.યાત્રાના પ્રારંભ પ્રસંગે દક્ષિણ ગુજરાત કોંગ્રેસના પ્રભારી તથા પૂર્વ ધારાસભ્ય પુનાજી ગામીત, GPCC પ્રભારી ભિલાજી ગામીત, જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ વસંતભાઈ બી. પટેલ, કુંજાલીબેન પટેલ, નાનાપોંઢા તાલુકા કોંગ્રેસ પ્રમુખ હરેશભાઈ પટેલ, વલસાડના ઉપપ્રમુખ ભોલાભાઈ પટેલ, વાપી શહેર પ્રમુખ મહેશભાઈ શાહ, પૂર્વ વિપક્ષ નેતા ખંડુભાઈ પટેલ સહિત કોંગ્રેસના આગેવાનો, કાર્યકરો અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

યાત્રા આગામી દિવસોમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ફરશે. અભિયાન પૂર્ણ થયા બાદ ખેડૂતોના ૨૨ પ્રશ્નોને લઈને જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવશે.

## વાપીમાં જમીનના દાખલા બાબતે કોર્પોરેટરના પતિ પર હુમલો

### ચણોદ ગામે ચાર શખ્સો સામે એટ્રોસિટી એક્ટ સહિતની

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** વાપીના ચણોદ ગામ, સાગ ડુંગરીયા ખાતે રહેતા ખેડૂત નિલેશભાઈ મગનભાઈ પટેલે ઉદ્યોગનગર પોલીસ મથકે ચાર ઈસમો સામે મારામારી અને ધમકીની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, તા. ૦૪/૦૯/૨૦૨૬ ના રોજ સાંજે ૭:૩૦ વાગ્યે તેમના પત્ની રેશ્મા નિલેશભાઈ પટેલ જે વાપી મહાનગર પાલિકામાં કોર્પોરેટર છે, તેમણે ફોન કરી જણાવ્યું કે ભાણીયાભાઈ હળપતિ અને અન્ય લોકો રહેણાંકના દાખલા માટે આવ્યા હતા. જે દાખલા પર તેમણે સહી કરી આપી હતી. આ દાખલા જે મકાનના આપ્યા તે જગ્યા ફેનીલ ઉર્ફે લાલુ મુકેશભાઈ કોળી પટેલની માલિકીની હોવાનું કહેવાય છે અને અંદરો અંદર વિવાદ ચાલતો હતો. ૦૮/૦૯/૨૦૨૬ના રોજ રાત્રે ૯:૩૦વાગ્યે નિલેશભાઈ તેમના મિત્રો સાથે પોતાની વાડીએ બેઠા હતા ત્યારે એક સફેદ ફોર્ચ્યુનર સહિત ૩ ફોરવ્હીલરમાં ફેનીલ ઉર્ફે લાલુ કોળી પટેલ (નાની સુલપડ), સરફરાજ ઉર્ફે લાલુ ખાન (સુલપડ), પ્રકેશ ઉર્ફે પગુ કોળી પટેલ (મોટી સુલપડ) અને ભાવેશ શંકર કોળી પટેલ (ચણોદ) આવ્યા હતા. આરોપીઓએ તમે અમારી જમીનનો દાખલો કેમ બનાવી આપો છો? આ જમીન મારી છે કહી જાતિવિષયક ગાળાગાળી કરી, કોલર પકડી ગાલ પર થપ્પડ મારી, ઢીકા-પાટુનો માર માર્યો હતો. ભાવેશના હાથમાં લાકડાનો દંડો હતો જેનાથી માથાના ભાગે મારવાની કોશિશ કરી હતી. સાથે હાજર મિત્રો વચ્ચે પડતા બચાવ થયો હતો. બાદમાં જો દાખલો આપીશ કે પોલીસ ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી ફરાર થઈ ગયા હતા. પોલીસે મારામારી અને એટ્રોસીટી એક્ટ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ધરમપુર પોલીસની આયોજકોને ગણેશોત્સવ શાંતિપૂર્ણ માહોલમાં યોજવા સૂચના



**ધરમપુર, તા. ૧૦ :** ગણેશ ચતુર્થીના પર્વને અનુલક્ષીને ધરમપુરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ ગણેશ મહોત્સવ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે ASP સંદીપ ટી.ના અધ્યક્ષસ્થાને શાંતિ સમિતિના સભ્યો તથા ગણેશ મહોત્સવના આયોજકોની બેઠક યોજાઈ હતી. ધરમપુર પોલીસ સ્ટેશનના PI નિખિલ ભોયાએ જણાવ્યું હતું કે, ગણેશ મહોત્સવ દરમિયાન DJ પર વલ્ગર અથવા અશ્લીલ ગીતો વગાડવામાં આવશે તો નિયમ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર જણાય તો DJ જપ્ત પણ કરવામાં આવી શકે છે. વધુમાં ગણેશજીના આગમન તથા વિસર્જનના રૂટ પર હોસ્પિટલ સહિતના સંવેદનશીલ સ્થળો આવેલા હોય ત્યાં DJ બંધ રાખવા આયોજકોને સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી. બેઠકમાં ધરમપુર નગરપાલિકા પ્રમુખ મયંક મોદી, તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશ પટેલ, શહેર ભાજપ પ્રમુખ અમિત ચોરેરા, શહેર મહામંત્રી અક્ષય ચૌધરી, જીગ્નેશ કાપડી, પાલિકા સભ્યો સમીપ રાંચ અને નરેશ પટેલ, ફહદ બાહનાન, તાલુકા કોંગ્રેસ મહામંત્રી મુફિદ પઠાણ સહિત વિવિધ ગણેશ મંડળોના આયોજકો અને શાંતિ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## વાપીના મુખ્ય માર્ગો પર મોડી રાત્રે મોટી ગણેશ પ્રતિમાઓ સાથે ડીજેના ધમધમાટથી લોકો પરેશાન

### સરકારી નિયમો હોવા છતાં પ્રતિમાની ઊંચાઈ અને પ્લાસ્ટર ઓફ પેરિસના ઉપયોગ સામે કાર્યવાહી કેમ નહીં? સ્થાનિકોમાં મોટો પ્રશ્ન ઉભો થઈ રહ્યો છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** વાપીમાં આગામી ૧૪ સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થીના પર્વને લઈ ઠેર-ઠેર શ્રી ગણેશજીની સ્થાપના અને ઉત્સવની તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે છેલ્લા કેટલાક દિવસોથી વાપીના મુખ્ય માર્ગો પર મોડી રાત્રિના સમયે મોટા કહેવાતા અને અનેક સોસાયટીઓ ના ગણેશ મંડળો દ્વારા વિઘ્નહર્તા શ્રી ગણેશજીની વિશાળ પ્રતિમાઓને ડીજેના ધમધમાટ સાથે લઈ જવામાં આવી રહી છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ, કેટલીક પ્રતિમાઓ નિર્ધારિત નિયમો કરતાં વધુ ઊંચાઈ ધરાવતી હોવાની ચર્ચા છે. સાથે જ પ્રતિમાના નિર્માણમાં પ્લાસ્ટર ઓફ પેરિસનો ઉપયોગ થયો હોવાની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ પ્રકારની પ્રતિમાઓને મોડી રાત્રે ભારે અવાજ સાથે મુખ્ય માર્ગો પરથી લઈ જવામાં આવતાં રાહદારીઓ, વાહનચાલકો તેમજ માર્ગની આસપાસ રહેતા રહેવાસીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. દર વર્ષે ગણેશોત્સવ પૂર્વે પર્યાવરણને અનુકૂળ નિર્માણ, પ્રતિમાની ઊંચાઈ તેમજ પ્લાસ્ટર ઓફ પેરિસના ઉપયોગ અંગે વિવિધ સરકારી માર્ગદર્શિકા અને નિયમોની વાત કરવામાં આવે છે. તેમ છતાં સમગ્ર વલસાડ જિલ્લા અને વાપીમાં નિયમોના કડક અમલ અંગે હવે સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે જો નિયમો લાગુ કરવામાં આવ્યા હોય તો તેમની અમલવારીની ચકાસણી પણ થવી જોઈએ. ખાસ કરીને મુખ્ય માર્ગો પરથી મોડી રાત્રે પસાર થતી મોટી પ્રતિમાઓ તથા ડીજેના ઉપયોગ અંગે સંબંધિત તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. હવે વલસાડ જિલ્લા વહીવટી તંત્ર, વાપી મહાનગરપાલિકા, પોલીસ તંત્ર અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સંયુક્ત રીતે તપાસ હાથ ધરવામાં આવે અને નિયમોનો ભંગ થતો જણાય તો કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ છે.ગણેશોત્સવ શ્રદ્ધા અને ભક્તિનો પર્વ છે ત્યારે પર્યાવરણની જાળવણી, જાહેર વ્યવસ્થા અને ધ્વનિ પ્રદૂષણ અંગેના નિયમોનું પાલન થાય તે માટે તંત્ર સક્રિય બને તેવી અપેક્ષા સ્થાનિકો વ્યક્ત કરી રહ્યા છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**